અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 56, Dt.19-12-2023 (Tuesday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

સમસ્યાઓ એટલી શક્તિશાળી કદી નથી કારણ કે, કાળી રાત ગમે તેટલી લાંબી હોય, પણ સવાર જરૂર અંધકાર હટાવે છે.

કોંગ્રેસમાં મોટો ભૂકંપ

ચિરાગ પટેલનું ધારાસભ્ય પદેથી રાજીનામું

કોંગ્રેસમાંથી વધુ રાજીનામાં પડી શકે : ભારે ચર્ચા

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧૯

ખંભાત વિધાનસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય ચિરાગ પટેલે વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીને પોતાનું રાજીનામું આપી દીધુ છે. કોંગ્રેસના વધુ એક ધારાસભ્યએ પક્ષ સાથે સેડો ફાડી નાખ્યો છે. આ ઉપરાંત અન્ય ધારાસભ્યોની પણ કોંગ્રેસમાંથી વિકેટ પડવાના એંધાણ સેવાઈ રહ્યાં છે. લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ અને AAPને મોટા ઝટકા લાગી રહ્યાં છે. ચૂંટણી સુધીમાં એક કરતાં વધુ ધારાસભ્યો રાજીનામાં આપી શકે છે. કોંગ્રેસના ધારાસભ્યોનું સંખ્યાબળ મોટા પ્રમાણમાં ઘટવાની સંભાવના રાજકીય ક્ષેત્રે વ્યક્ત કરવામાં આવી રહી છે.

૧૯૯૦ બાદ પ્રથમ વખત ખંભાતમાં કોંગ્રેસ જીત્યું ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં ખંભાત વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ચિરાગ પટેલની ૩૭૧૧ મતોથી જીત થઈ હતી. ભાજપના મહેશ રાવલ, કોંગ્રેસના ચિરાગ પટેલ અને આપના અરૂણ ગોહિલ વચ્ચે જંગ જામ્યો હતો. ભાજપાના ગઢ ગણાતા ખંભાતમાં વર્ષ ૧૯૯૦ બાદ પ્રથમ વખત કોંગ્રેસની જીત થઈ હતી.

કોંગ્રેસ પાર્ટીએ દમદાર અને લોકપ્રિય ઉમેદવાર ચિરાગ પટેલને ટિકિટ આપી હતી અને તેમની જીત થઈ હતી. ચિરાગ પટેલને ૬૯,૦૬૯ મત મળ્યાં હતાં. જેની સામે ભાજપના મહેશ રાવલને ૬૫,૩૫૮ મત મળ્યાં હતાં. આમ, ભાજપની ૩૭૧૧ મતે હાર થઈ હતી. ખંભાત ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પૈકી ૧૦૮ નંબરની બેઠક છે, જે આણંદ લોકસભામાં આવે છે.

હજુ તો ૬ દિવસ પહેલા આમ આદમી પાર્ટીના વિસાવદર વિધાનસભા બેઠકના ધારા-સભ્યની વિકેટ ખરી પડી હતી. વિસાવદર બેઠકના ભૂપત ભાયાણીએ વિધાનસભા ખાતે અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું આપ્યું હતું. ભૂપત ભાયાણીએ જણાવ્યું હતું કે, રાજીનામું આપવા પાછળ ઘણાં બધાં કારણો છે. હું રાષ્ટ્રવાદી માણસ છું અને રાષ્ટ્રના હિતમાં કામ કરવા મારા માટે આમ આદમી પાર્ટી યોગ્ય પ્લેટફોર્મ નહોતું, જેથી કરીને મેં મારી જનતા અને કાર્યકર્તાઓને પૂછી મેં નિર્ણય કર્યો છે. કઈ પાર્ટી રાષ્ટ્રવાદી છે અને કઈ પાર્ટી રાષ્ટ્રવાદી નથી એ દેશની જનતા જ જાણે છે. મારે જનતાનાં કામ કરવાં છે. મને યોગ્ય પ્લેટફોર્મ ન લાગતા મેં નિર્ણય લીધો છે. યોગ્ય સમયે યોગ્ય રાજકીય નિર્ણયો થતા હોય છે. ભાજપમાં જોડાશો તેવા મીડિયાના સવાલમાં જવાબમાં જણાવ્યું હતું કે હું ભાજપનો જ કાર્યકર્તા હતો.

કોરોના-શ્વસન સંબંધી બીમારીઓ વધી, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ બોલાવી બેઠક

કેન્દ્રના આરોગ્ય સચિવે રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશોને લખ્યો પત્રઃ ૨૦ ડિસેમ્બરે આરોગ્યમંત્રીએ બોલાવી બેઠક

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૯

દેશમાં શ્વસન સંબંધી બીમારી તથા કોરોના ધીમે ધીમે પગપેસારો કરી રહ્યો છે. કેટલાક રાજ્યોમાં તો માસ્ક પહેરવા માટે એડવાઇઝરી જાહેર કરવામાં આવી છે. ત્યારે આ મામલે હવે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા સતર્કતાના ભાગરૂપે આરોગ્યની સેવાઓની સજ્જતા અને તે સંબંધિત માહિતી મેળવવા માટે બેઠક કરશે. ૨૦ ડિસેમ્બરે કરશે બેઠક કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયા ૨૦ ડિસેમ્બરે કેટલાક રાજ્યોમાં કોવિડ-૧૯ સહિત શ્વસન સંબંધી રોગોના કેસોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને આરોગ્ય સુવિધાઓ અને સેવાઓની સજ્જતાની સમીક્ષા કરશે. સત્તાવાર સૂત્રોએ સોમવારે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે માંડવિયા આરોગ્ય પ્રધાનો અને વધારાના મુખ્ય મુખ્ય સચિવો (સ્વાસ્થ્ય) અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે ડિજિટલ રીતે સમીક્ષા બેઠક કરશે. JN.1નો પહેલો કેસ કેરળમાં નોંધાયો સરકારે સોમવારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને શ્વસન રોગના કેસોમાં વધારો અને દેશમાં કોરોનાવાયરસના નવા JN.1 પ્રકારના પ્રથમ કેસની શોધ વચ્ચે સતત દેખરેખ રાખવા જણાવ્યું હતું. JN.1 વેરિઅન્ટનો ભારતનો પ્રથમ કેસ કેરળમાં ૮ ડિસેમ્બરે નોંધાયો હતો. અગાઉ, તમિલનાડુના તિરુચિરાપલ્લી જિલ્લાનો એક પ્રવાસી સિંગાપોરમાં JN.1 વેરિઅન્ટથી સંક્રમિત જોવા મળ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે કેટલાક રાજ્યોમાં કોવિડ-૧૯ સહિત ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બિમારી (ILI) અને ગંભીર શ્વસન બિમારી (SARI)ના કેસોમાં તાજેતરમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય મંત્રી આરોગ્ય સુવિધાઓ અને સેવાઓની તૈયારીની સમીક્ષા કરશે. આ સાથે જ મેડિકલ ઓક્સિજન, હોસ્પિટલના પલંગ, વેન્ટિલેટર, દવાઓ, ડાયગ્નોસ્ટિક્સ અને અન્ય વ્યવસ્થા અને દેખરેખના પગલાંની સ્થિતિનો પણ તાગ મેળવશે. આરોગ્ય સચિવે લખ્યો છે પત્ર કેન્દ્રીય આરોગ્ય સચિવ સુધાંશ પંતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લખેલા પત્રમાં દેશમાં કોવિડ-૧૯ના કેસમાં થયેલા વધારા અને JN.1 પ્રકારનો પહેલો કેસ સામે આવતાં તેમને સતત દેખરેખ રાખવા જણાવ્યું છે. પત્રમાં રાજ્યોને કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા શેર કરાયેલ કોવિડ-૧૯ માટેની સુધારેલી સર્વેલન્સ વ્યૂહરચના સંબંધિત વિગતવાર માર્ગદર્શિકાઓનું અસરકારક પાલન સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં શિતલહેરોઃ જનજીવન ઠુંઠવાયુ

લઘુતમ તાપમાન સામાન્ય પરંતુ ઠંડા પવનોથી ટાઢોડાનો અનુભવઃ રાજકોટમાં સવારે ૧૫ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા શિતલહેરો ફરી વળી

રાજકોટ, તા. ૧૯

હવામાન વિભાગની આગાહી અનુસાર આજે સતત બીજા દિવસે સવારનાં ભાગે ઉતરના ઠંડા અને સુકા પવનોનું સામ્રાજ્ય રહ્યું હતું. સૌરાષ્ટ્ર-કચ્છમાં સવારના ભાગે ઠંડા પવનોનાં સુસવાટાથી વાતાવરણ ટાઢુબોળ બની ગયું હતું. લઘુતમ તાપમાન નોર્મલ રહેવા છતાં શિત લહેરએ લોકોને ધ્રુજાવ્યા હતા.

રાજકોટ સહિત અનેક સ્થળોએ આજે સવારે સરેરાશ ૧૨ થી ૧૫ કિ.મી.ની ઝડપે ઠંડા પવનો ફુંકાયા હતા. જેથી લોકોને ફરજીયાત ગરમ વસ્ત્રોમાં સજજ રહેવું પડયું હતું. હવામાન વિભાગમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર રાજકોટમાં આજે સવારે ૧૫ કિ.મી.ની ઝડપે બર્ફીલો પવન ફુંકાતા નગરજનો ઠુંઠવાયા હતા. ઠંડા પવનની સાથોસાથ સવારે શહેરનું લઘુતમ તાપમાન ૧૫.૪ ડિગ્રી નોંધાવા પામતા ઠંડી વધુ અનુભવાઈ હતી. આ ઉપરાંત જામનગરમાં આજે દિવસભર કાતિલ ઠંડા પવનના કારણે વાતાવરણ ઠંડુગાર બન્યું હતું. જો કે, ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું છે. ભેજનું પ્રમાણ ૪ ટકા ઘટીને ૬૧ટકા રહ્યું હતું.

જામનગરમાં આજે પણ તાપમાનમાં વધારા-ઘટાડાનો સિલસિલો યથાવત રહ્યો હતો. લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયું હતું. દિવસભર સુસવાટા મારતા કાતિલ ઠંડા પવનથી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. એક દિવસ તાપમાન વધે છે તો બીજા દિવસે તેમાં ઘટાડો થાય છે. જો કે, કોઈ વધારા કે ઘટાડા વગર મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રીએ સ્થિર રહ્યું હતું. જામનગરમાં પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૮ કી.મી.ની રહેવા પામી પામી હતી. પવનની ગતિમાં થયેલા વધારાના પગલે દિવસભર વાતાવરણ ઠંડુગાર રહ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪ ટકા ઘટીને ૬૧ ટકા રહ્યું હતું. શહેરમાં વાદળો છવાતા ધૂપ-છાવનો માહોલ જોવા મળ્યો હતો. શહેરમાં કાતિલ ઠંડા પવનથી વાતાવરણ ઠંડુગાર બન્યું હતું.આ પવનની અસર પશુપક્ષીઓ ઉપર જોવા મળી હતી.એટલું જ નહીં સવારે ઠંડા પવનની અસર શહેરી જનજીવન ઉપર જોવા મળી હતી.આ ઉપરાંત આજે પણ રાજયનું સૌથી ઠંડુ શહેર નલિયા રહ્યું હતું. અત્રે આજે સવારે ૧૧.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું તથા ભુજમાં ૧૪.૬ અને કંડલા ખાતે ૧૬.૬ ડિગ્રી તેમજ અમદાવાદમાં ૧૫.૫ ડિગ્રી, અમરેલીમાં ૧૬, વડોદરામાં ૧૪.૬, ભાવનગરમાં ૧૯.૫, જયારે ડિસામાં ૧૨.૮, દિવમાં ૨૦.૬, દ્વારકામાં ૧૮.૪, ગાંધીનગરમાં ૧૪, ઓખામાં ૨૧.૮, પોરબંદરમાં ૧૯.૫, સુરતમાં ૨૦.૮ અને વેરાવળ ખાતે ૨૦.૩ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધવા પામ્યુ હતું.

ચીનમાં ૬.૨ની તીવ્રતાનો ભૂકંપઃ ૧૧૬ના મોત; ભારે તારાજી

૨૦૦ થી વધુ લોકો ઘાયલઃ સંખ્યાબંધ મકાનો-ઈમારતો જમીનદોસ્તઃ મૃત્યુઆંક વધવાની આશંકા

(એજન્સી સમાચાર)

સાંઘાઈ તા.૧૯

ભારતના પાડોશી દેશ ચીનના ઉતર પશ્ચિમી પ્રાંત ગાંસુમાં ૬.૨ ની તીવ્રતાનો ભયાનક ભૂકંપ સર્જાતા ભારે તબાહી સર્જાઈ હતી. ૧૧૧ લોકોના મોત નીપજયા હતા. જયારે ૨૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા મૃત્યુંઆંક વધવાની આશંકા છે. સંખ્યાબંધ ઈમારતો ધરાશાયી થઈ હતી. ચીનના ઉતર પશ્ચિમી ક્ષેત્ર ત્રાંસુ તથા કિંઘઈમાં મધરાત આસપાસ ધરતી ધણધણી ઉઠી હતી. ૬.૨ ની તીવ્રતાના ભૂકંપથી ઈમારતો ડોલવા લાગી હતી. ભૂકંપનું કેન્દ્ર બિન્દુ જમીનથી ૧૦ કિલોમીટર ઉંડે ભૂર્ગભમાં હતું. ભયાનક ભૂકંપમાં સંખ્યાબંધ મકાનો-ઈમારતો જમીન દોસ્ત થયા હતા.ભુકંપથી ગાંસુમાં ૧૦૦ થી વધુનાં મોત નીપજયા હતા. જયારે કિંઘઈમાં ૧૧ લોકોને ભોગ લેવાયો હતો.બન્ને પ્રાંતોમાં અનુક્રમે ૯૬ તથા ૧૨૪ લોકો ઘાયલ થયા હતા.

અમેરીકી સીસ્મોલોજી વિભાગનાં રીપોર્ટમાં ભૂકંપની તીવ્રતા ૫.૯ હોવાનું જણાવવામાં આવ્યુ છે. ચીનના સતાવાર સુત્રોએ કહ્યું કે ભૂકંપને કારણે બન્ને પ્રદેશોમાં ભારે નુકશાન થયુ છે. વિજળી-પાણી જેવી માળખાકીય સુવિધાઓ ઠપ્પ થઈ છે.પરિવહન તથા ટેલીકોમ-સંચાર વ્યવસ્થા પણ તારાજ થઈ છે.ગાંસુનાં પાટનગર લાન્ઝુમાં ભૂકંપનાં ઝાટકા અનુભવાતાની સાથે જ યુનિવર્સીટીનાં છાત્રો બહાર દોડી આવ્યા હતા. સર્વત્ર ભયભીત લોકો માર્ગો પર દોડી આવ્યા હતા. ભૂકંપ અને તેમાં જાનમાલની ભારે તારાજીને પગલે તાબડતોબ રાહત-બચાવ ટીમોને તૈનાત કરી દેવામાં આવી હતી. ટેન્ટ, ફોલ્ડીંગ બેડ, રજાઈ સહીતની રાહત સામગ્રી મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રમુખ શી જીનપીંગે રાહત-બચાવ કામગીરી તેજ કરવાના આદેશ જારી કર્યા હતા.

સતાવાર સુત્રોએ કહ્યું કે ભૂકંપથી ગાંસુમાં તારાજી વધુ છે. ઈમારતો જમીનદોસ્ત થતા કાટમાળ હેઠળ સંખ્યાબંધ લોકો ફસાયા છે તેઓને બહાર કાઢવાનાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સંજોગોમાં મૃત્યુઆંક વધવાની આશંકા છે. પાણી-વીજળી જેવી માળખાગત સેવા બહાર કરવા પણ ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે. રીપોર્ટમાં એમ કહેવાયુ છે કે ભૂકંપથી સૌથી વધુ તારાજી ગાંસુ તથા કિંઘઈમાં હોવા છતા તેનું કેન્દ્ર બિન્દુ જીશીશનમાં નોંધાયું હતુ.સિચાઉ, શાંક્ષી તથા નિન્શીયામાં પણ ભૂકંપના ઝાટકા અનુભવાયા હતા માર્ગો-મકાનો સહીતનાં ઈન્ફાસ્ટ્રકચરને વ્યાપક નુકશાન છે. ચીનમાં ૨૦૧૦ પછીનાં આ સૌથી ભયાનક ભૂકંપ ગણવામાં આવે છે. ભૂકંપનાં લોકો ફફડી ઉડયા હતા. લોકોએ મોજા પસાર થતા હોય તેવો અનુભવ હતો મધરાતને કારણે લોકો ઉંઘી ગયા હતા એટલે સફળા જાગીને બહાર નીકળવા દોડધામ કરવા લાગ્યા હતા.

સેન્સેક્સ ૧૬૪ પોઈન્ટ વધીને ૭૧,૪૭૯ પર ખુલ્યો, નિફ્ટી પણ ૫૯ પોઈન્ટ વધીને ખુલ્યો

(એજન્સી સમાચાર)

મુંબઈ, તા.૧૯

શેરબજારમાં આજે ઉછાળો જોવા મળ્યો છે. સેન્સેક્સ ૧૬૪ પોઈન્ટના વધારા સાથે ૭૧,૪૭૯ના સ્તરે ખુલ્યો હતો. નિફ્ટીમાં પણ ૫૯ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. તે ૨૧,૪૭૭ના સ્તરે ખુલ્યો હતો. શરૂઆતના ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૮માં વધારો જોવા મળ્યો હતો અને માત્ર ૨માં ઘટાડો જોવા મળ્યો હતો.

આજે ૩ પ્રારંભિક જાહેર ઑફર્સ એટલે કે IPO શેર માર્કેટમાં લિસ્ટિંગ માટે ખુલ્લી રહેશે. તેમાં કેડો બ્રાન્ડ્સ માર્કેટિંગ લિમિટેડ (મુફ્તી મેન્સવેર), આરબીઝેડ જ્વેલર્સ લિમિટેડ અને હેપ્પી ફોર્જિંગ લિમિટેડનો સમાવેશ થાય છે. રિટેલ રોકાણકારો ૨૧ ડિસેમ્બર સુધી આ મુદ્દાઓ માટે બિડ કરી શકશે.

આ સિવાય છૂટક રોકાણકારો મુથૂટ માઇક્રોફિન લિમિટેડ, મોટિસન્સ જ્વેલર્સ લિમિટેડ અને સૂરજ એસ્ટેટ ડેવલપર્સ લિમિટેડના ઈંડ્ય માટે પણ અરજી કરી શકે છે. આ ત્રણ અંક ગઈકાલે સોમવારે એટલે કે ૧૮મી ડિસેમ્બરે ખોલવામાં આવ્યા હતા. આવો જાણીએ એક પછી એક આ તમામ કંપનીઓના IPO વિશે. કાચા તેલની કિંમત ૭૮ ડોલરને પાર પહોંચી ગઈ છે. કાચા તેલની કિંમતમાં ૧%નો વધારો જોવા મળ્યો છે. આ પછી, WTI ક્રૂડની કિંમત બેરલ દીઠ ૭૪ અને બ્રેન્ટ ક્રૂડની કિંમત પ્રતિ બેરલ ૭૯ હતી.

આ પહેલા ગઈકાલે એટલે કે સોમવારે (૧૮ ડિસેમ્બર) શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૧૬૮ પોઈન્ટ ઘટીને ૭૧,૩૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ સમયે, નિફ્ટીમાં પણ ૩૮ પોઈન્ટનો ઘટાડો થયો હતો. ૨૧,૪૧૮ના સ્તરે બંધ રહ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦માં ઘટાડો અને ૧૦માં વધારો જોવા મળ્યો હતો.

કોરોના ફરી પ્રસર્યોઃ કર્ણાટકમાં સિનિયર સિટીઝનો માટે માસ્ક ફરજિયાતઃ કોરોનાનો નવો વેરિયન્ટ ઝડપભેર પ્રસરતો જતો હોય કર્ણાટકમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે માસ્ક ફરજિયાત કરી દેવામાં આવ્યું

દસ્તાવેજ નોંધણીનાં નિયમોમાં ફેરફાર

હવે બે સાક્ષીઓને લાવવાની જરૂર નહિ રહે

કન્સેન્ટ બેઈઝ્ડ આધાર ઓથેન્ટીફીકેશન સર્વીસ અમલી બનશે

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૯

દસ્તાવેજની નોંધણી માટે મહેસુલ વિભાગની સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજની પ્રક્રિયામાં બે સાક્ષીઓને હાજર રાખવામાં આવે છે તેની હવે આગામી સમયમાં જરૂર પડશે નહિં.

મહેસુલ વિભાગ દ્વારા ગુજરાત રજીસ્ટ્રેશન રૂલ્સ (૨૦૨૩) નું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં આધાર નંબર આધારીત સંમતિ સાથેની ઓળખની અત્યાધુનિક પદ્ધતિ પ્રસ્થાપિત કરાઈ છે તેનો ટુંક સમયમાં રાજયભરમાં અમલ શરૂ થતાં નાગરિકોને વધુ સુવિધા ઉપલબ્ધ થશે.

મહેસુલ વિભાગ દ્વારા ગુજરાત રજીસ્ટ્રેશન-આઈડેન્ટીટી વેરિફીકેશન ફોર ધ રજીસ્ટ્રેશન ડોકયુમેન્ટસ ૨૦૨૩ નું જાહેરનામું ૧૮ ડીસેમ્બરે જારી કરાયું છે. જેમાં કન્સેન્ટ બેઝ્ડ આધાર ઓથેન્ટીફીકેશન સર્વીસ અમલી બનાવવાની જાહેરાત કરાઈ છે.

હાલ દસ્તાવેજની નોંધણી અંગે દસ્તાવેજ કરી આપનારા સબ રજીસ્ટ્રાર સમક્ષ દસ્તાવેજ કરી આપ્યાની કબુલાત આપવા ઉપસ્થિત થાય છે ત્યારે તેની ઓળખની ખાતરી માટે કચેરીમાં બે સાક્ષીઓને હાજર રાખવામાં આવે છે. સબ રજીસ્ટ્રાર આ સાક્ષીઓની તપાસ કરીને દસ્તાવેજ કરી આપનારાની ઓળખ પ્રસ્થાપિત કરે છે.

નવી સીસ્ટમનો પૂર્ણ સ્વરૂપ અમલ થતા સબ રજીસ્ટ્રાર કચેરીમાં સાક્ષીઓને લાવવાની જરૂર પડશે નહિં.તેથી કચેરીમાં ભીડ ઉપર નિયંત્રણ આવશે. તે ઉપરાંત ખોટી રીતે અન્યનું નામ ધારણ કરીને થતા દસ્તાવેજનું પ્રમાણ અટકશે. દસ્તાવેજને લઈને કરાતી છેતરપીંડીના બનાવોના પ્રમાણમાં પણ ઘટાડો થશે.

તે સાથે મહેસુલ વિભાગમાં દસ્તાવેજ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પણ ઝડપી બનશે. આ અંગેની ટેકનીકલ કામગીરી પૂર્ણ કરીને સમગ્ર રાજયમાં આગામી સમયમાં મહેસુલી વિભાગ દ્વારા અમલ કરવામાં આવશે.

ફાયર સેફ્ટી સર્ટિફિકેટ તેમજ તેના રિન્યૂઅલ સહિતની પ્રક્રિયા માટે

ઓનલાઈન વ્યવસ્થાઓ વિકસાવવાની શરૂઆત, પ્રથમ રાજ્ય ગુજરાત

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે ગુજરાત ફાયર સેફ્ટી કોપ ઇ–પોર્ટલ લોન્ચ થયું

અમદાવાદ,તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે અગ્નિ નિવારણ સેવાઓને વધુ સુદ્રઢ અને ટ્રાન્સપેરન્ટ–પારદર્શી બનાવવાના હેતુસર ગુજરાત ફાયર સેફ્ટી કોપ ઈ–પોર્ટલ લોન્ચ કર્યું છે.મુખ્યમંત્રીએ પ્રિ–વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત શહેરી વિકાસ વિભાગ આયોજીત 'લિવેબલ સિટીઝ ઑફ ટુમોરો' કોન્ફરન્સમાં તાજેતરમાં આ પોર્ટલ લોન્ચ કર્યું હતું.આગ સામે પ્રમાણમાં વધારે જોખમી હોય તેવી ઈમારતો, બહુમાળી મકાનો, હોસ્પિટલ્સ, હોટેલ કે શોપિંગ મોલ્સ, સ્કૂલ–કોલેજ બિલ્ડિંગ વગેરેની ફાયર સેફ્ટી સુવિધાઓ વિશે લોકોને સુપેરે જાણકારી મળી રહે તેવો ઇઝ ઑફ લિવિંગ વૃદ્ધિનો અભિગમ આ પોર્ટલ કાર્યરત કરવા પાછળ રાખવામાં આવેલો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઇ–પોર્ટલ બનાવવા માટે જનભાગીદારી વ્યૂહ અપનાવીને ફાયર રેગુલેશનના મુસદ્દા અંગે જાહેર વાંધા–સૂચનો મંગાવી તેનો હાઇ લેવલ ટેકનિકલ કમિટી દ્વારા અભ્યાસ કરીને જરૂરી સુધારા વધારા સાથે ફાયર નિયમો બનાવીને સરકારની મંજૂરી આપી છે.એટલું જ નહીં, આગ સામે પ્રમાણ વધારે જોખમી એવી ઈમારતોની ફાયર સેફ્ટી સર્ટિફિકેટ અને તેની રિન્યુઅલ પ્રક્રિયા પારદર્શી બનાવવા સમગ્ર રાજ્ય માટે એક સર્વગ્રાહી અને યુઝર ફ્રેન્ડલી સોફ્ટવેર બનાવીને મોબાઇલ એપની સુવિધા પણ આપવામાં આવી છે.

કોઈ પણ બિલ્ડિંગના ડિઝાઈન લેવલથી શરૂ થઈને બિલ્ડિંગનો ઉપયોગ શરૂ થાય ત્યાં સુધીમાં જુદા–જુદા સ્તરે ફાયર સેફ્ટીની મંજૂરીઓમાં ડિઝાઇન, બાંધકામ અને ઉપયોગ એમ ત્રિસ્તરીય મંજુરીઓ સ્થાનિક ફાયર અને ઇમરજન્સી સર્વિસના અધિકારીઓ દ્વારા અપાતી હોય છે.આ સમગ્ર પ્રક્રિયા હવે ફાયર સેફ્ટી કોમ્પલાયન્સ પોર્ટલ વેબસાઇટ **https://gujfiresafety-cop.in** અને મોબાઇલ એપ દ્વારા વધુ સરળ બની છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ પોર્ટલ લોન્ચ થવાની ફલશ્રુતિએ હવે રાજ્યમાં તમામ પ્રકારની ઈમારતો માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટની બધી જ કામગીરીની માહિતી એટ વન ક્લિક દ્વારા રિયલ ટાઈમ ટ્રેકિંગ સાથે મળી શકશે.

પોતાની એપ્લિકેશન સ્ટેટસ પણ જાણી શકાશે તેમજ જરૂરી ફી નું ધોરણ રાજ્યભરમાં હવે એક સમાન થશે અને યુ.પી.આઈ અથવા કાર્ડની મદદથી ઓનલાઇન ફીઝ ભરવાની સહુલિયત પણ મળી શકશે. રાજ્ય સરકારે ફાયર સેફ્ટી ઓફિસર્સ તરીકે તાલીમ આપી સવા બસોથી વધુ ખાનગી વ્યવસાયિકોને **FSO** તરીકે સક્ષમ બનાવ્યા છે. આ **FSO** દર છ મહિને બિલ્ડીંગ ધારકો માટે મોક ફાયર ડ્રિલ, જનજાગૃતિ તેમજ ફાયર સેફ્ટી સાધનોની સ્થિતિની તપાસ ઓનલાઇન પોર્ટલના માધ્યમથી કરી શકશે તેમજ રિન્યૂઅલ સર્ટિફિકેટ ઈશ્યૂ કરવાની પ્રક્રિયામાં ઝડપ, ચોકસાઈ અને પારદર્શિતા આવશે.ફાયર સેફ્ટી કોપની આ વેબસાઈટ કે મોબાઈલ એપમાં લોગ ઇન કરીને જરૂરી ઉપલબ્ધ વિકલ્પો પ્લાન એપ્રુવલ, સર્ટિફિકેટ એપ્રુવલ, સર્ટિફિકેટ રિન્યુઅલ માંથી જરૂરિયાત પ્રમાણેનો વિકલ્પ પસંદ કરી ૯ અલગ–અલગ સ્ટેપ જેમાં એપ્લિકેશન ડીટેલ,સાઈટ ડીટેલ, બિલ્ડીંગ/પ્રોજેક્ટ ડીટેલ, બ્લોક ડીટેલ, ફાયર પ્રિવેન્શન, લાઈફ સેફ્ટી, ફાયર પ્રોટેક્શન, વગેરેનો સમાવેશ થાય છે તેની જરૂરી માહિતી ભરવા સાથે જરૂરી ડોક્યુમેન્ટ્સ પણ સબમિટ કરવાના રહેશે.

રાજકોટ જિલ્લા કલેકટરની સંવેદના

રાજકોટ શહેરના શેરીઓમાં રહેતા જરૂરિયાતમંદ ૩૫ બાળકો અને તેના પરિવારોને ફોલ્ડીંગ પલંગ અને ધાબળાનું વિતરણ

રાશન, આધાર, આયુષ્યમાન, શ્રમિક કાર્ડ બનાવડાયાઃ બાળકોને શિક્ષિત કરી ઉજ્જવળ ભવિષ્ય પ્રદાન કરવા કલેકટરનો અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૧૯

રાજકોટ શહેરની શેરીઓમાં રહેતા તેમજ સમાજ સુરક્ષા વિભાગના જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા માન્ય કરાયેલા જરૂરિયાતમંદ બાળકો તેમજ તેમના પરિવારને રોજગારલક્ષી સાધનોરૂપી સહાય વિતરણ કાર્યક્રમ જામનગર રોડ સ્થિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ ખાતે યોજાયો હતો. જેમાં રાજકોટના જિલ્લા કલેકટર પ્રભવ જોષીએ શેરીમાં રહેતા ૩૫ બાળકો **(Children in Street Situation CISS)**ને ૩૫ ફોલ્ડીંગ પલંગ તથા ધાબળા અર્પણ કર્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ બાળકોના ૧૭ પરિવારોને રોજગારી માટે સાયકલ રિક્ષાઓનું વિતરણ કરી કલેકટર પ્રભવ જોષીએ જરૂરિયાતમંદ પરિવારો પ્રત્યે સંવેદના દાખવી હતી.

કલેક્ટરએ બાળકો તથા તેઓના પરિવારજનો સાથે સંવેદનાસભર વાર્તાલાપ કર્યો હતો. બાળકોને અભ્યાસ પુનઃશરૂ કરવા, ફરજિયાત નિશાળે જવા, રસીકરણ કરાવવા તથા બાળ મજૂરી છોડી દેવા બાળકોના માતા–પિતાને જણાવ્યુ હતું. શેરીઓમાં રહેતા આ જરૂરિયાતમંદ પરિવારજનોને કલેકટરના માર્ગદર્શન હેઠળ જિલ્લા સમાજ સુરક્ષા ખાતા દ્વારા ઈ–શ્રમ કાર્ડ, આધારકાર્ડ, **PMJAY** કાર્ડ, રેશનકાર્ડ જેવા લાભો પણ આપવામાં આવ્યા હતા. આ માનવીય સંવેદનાસભર કાર્ય બદલ કલેકટરએ પ્રાંત અધિકારીઓ તેમજ સમાજ સુરક્ષા અને બાળ સુરક્ષાની ટીમને બિરદાવી હતી.

આ તકે ૨૩ બાળ મજૂરોને ગૃહમાંથી મુક્ત કરી પરિવાર સાથે પુનઃસ્થાપિત કરાયા હતા. બાળકો મળતાં માતા– પિતા આનંદિત થઇ ઉઠયા હતા. આ માતા – પિતાઓને પણ બાળકોને બાળમજૂરી બંધ કરાવીને શાળાએ નિયામિત મોકલવા કલેકટરએ અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન રક્ષાબેન બોળિયા અને સભ્ય અરુણ નિર્મલ, ડો. રશ્મિકાન્ત ઉપાધ્યાય, મનીષ ખંભાળિયા, એસ.ડી.એમ. પ્રાંત રૂરલ દેવાહુતિ, એસ.ડી.એમ. પ્રાંત રાજકોટ–૨ નિશા ચૌધરી, પ્રાંત અધિકારી કે.જી.ચૌધરી, સમાજ સુરક્ષા અધિકારી પ્રાથના સેરશિયા, બાળ સુરક્ષા અધિકારી અલ્પેશ ગોસ્વામી, મેહુલગિરી ગોસ્વામી, મામલતદાર જૈમિન કાકડીયા અને એસ જી ચાવડા, સમાજ સુરક્ષા વિભાગના અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે એન્ટી હાઇજેકીંગ કમિટીની બેઠક યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૧૯

હિરાસર સ્થિત રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે એરોડ્રોમ કમિટીના સભ્યોની ઉપસ્થિતિમાં એન્ટી હાઇજેકીંગ કમિટીની બેઠક યોજાઇ હતી, જેમાં પ્લેન હાઇજેક થવાની પરિસ્થિતિમાં વિવિધ વિભાગની કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નાગરિક ઉડ્ડયન વિભાગની માર્ગદર્શિકા મુજબ સેન્ટ્રલ કમિટી અને એરોડ્રોમ કમિટીની સંકલિત કામગીરી અંગે ચીફ સિક્યુરિટી ઓફિસરશ્રી અમિત કુમારે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આ માહિતી પૂરી પાડી હતી.

પ્લેન હાઈજેકિંગ પરિસ્થિતિમાં એરોડ્રોમ કમિટી અંતર્ગત જિલ્લા વહીવટી પ્રશાસન સાથે પોલીસ વિભાગ, એરપોર્ટ સિક્યુરિટી વિભાગ વગેરે સાથે સંકલનમાં રહી પરિસ્થિતિ અનુસાર પેસેન્જરની સુરક્ષા, કમ્યુનિકેશન, લો એન્ડ ઓર્ડર જાળવણી, ડોક્ટર, બ્લડ બેન્ક, હોસ્પિટલની સુવિધાઓ, ફૂડ પેકેટ, ફાયર ફાઈટર અને એમ્બ્યુલન્સની સુવિધાઓ સહીત મીડિયા બ્રિફિંગ અંગે જે સંબંધિત વિભાગોની કામગીરી સુનિશ્ચિત કરવામાં આવી હતી.

આગામી સપ્તાહમાં પ્લેન હાઈજેકિંગ અંગે મોકડ્રિલ પણ યોજવામાં આવશે તેમ ચીફ સિક્યુરિટી ઓફિસરે જણાવ્યું હતું.

આ બેઠકમાં એરપોર્ટ ઓથોરિટીના ડિરેક્ટર દિગંત બોહરા, સી.આઈ.એસ.એફ.ના ચીફ સિક્યુરિટી ઓફિસર તારાચંદ, સી.એન.એસ.ના એ.જી.એમ. પ્રશાંત કુમાર, એરપોર્ટ પોલીસ સ્ટેશનના પી.આઈ. જી.એસ.ગામીત, ફાયર અને ઇલેક્ટ્રિક વિભાગના અધિકારીઓ, એરલાઈન્સના મેનેજર સહીત કમિટીના અન્ય વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગીરસોમનાથ જીલ્લામાં નમો કિસાન કબડ્ડી પ્રતિયોગીતા યોજાઈ, વિજેતાઓને વિવિધ પુરસ્કારો એનાયત

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડાની દીર્ઘદ્રષ્ટિથી ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર દેશમાં નમો કિસાન કબડ્ડી પ્રતિયોગીતાનો આયોજન થયેલ છે જેના ભાગરૂપે ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ પાટીલના માર્ગદર્શન નીચે તેમજ પ્રદેશ અધ્યક્ષ હિતેશભાઈ પટેલના નેતૃત્વ નીચે ગુજરાત ભરમા દરેક વિધાનસભામાં નવો કિસાન કબડીનું આયોજન થઈ રહ્યું છે જે અંતર્ગત ગિરસોમનાથ જિલ્લાના અધ્યક્ષ મહેન્દ્રભાઈ પિઠીયા અને ધારાસભ્ય ભગવાનભાઈ બારડના માર્ગદર્શન નીચે ગીર સોમનાથ જિલ્લાની ચારે ચાર વિધાનસભામાં નમો કિસાન કબડી સ્પર્ધા યોજાઈ ગયેલી જેમાં દરેક વિધાનસભામાં વિજેતા ટીમ આજરોજ તારીખ ૧૬–૧૨શનિવારે સાંજના ૬કલાકે સોમનાથ જિલ્લાની જિલ્લા કક્ષાની નમો કિસાન કબડી પ્રતિયોગતાનું આયોજન ડીએમ બારડ કેળવણી સંકુલ ઘુસિયા તાલુકો તાલાળા થયેલ હતું જેમાં જિલ્લાના તાલાલાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ કોડીનારના ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજા જિલ્લા પંચાયતના પ્રમુખ મંજુલાબેન મૂછાર જિલ્લાના મહામંત્રી દિલીપભાઈ બારડ

કિસાન મોરચાના પ્રદેશ પ્રભારી વિનુભાઈ જિલ્લાના પૂર્વ પ્રમુખ માનસિંગભાઈ પરમાર કથીરિયા બાંધકામ સમિતિના ચેરમેન બાબુભાઈ પરમાર આરોગ્ય સમિતિના ચેરમેન પ્રકાશભાઈ ટાંક તાલાળા મંડળના પ્રમુખ વિમલભાઈ વડોદરિયા વેરાવળ મંડળના પ્રમુખ હરદાસભાઈ સોલંકી મનહરભાઈ મોરી સામતભાઈ ચારણીયા ભરતભાઈ મોરી નાથાભાઈ વાજા રાજસિંહ ભાઈ રાઠોડ નારણભાઈ ઝાલા ગોવિંદભાઈ બારડ ઝીણાભાઈ બાકુ તેમજ કિસાન મોરચાના મંડળના પ્રમુખ દેવાતભાઈ ઝાલા પરેશભાઈ પટોડીયા હરેશભાઈ તેજાણી શૈલેષભાઈ ડાંગોદરા ધીરુભાઈ ગાવડીયા તેમજ જિલ્લાભરમાંથી આગેવાનો અને કિસાનો ઉપસ્થિત રહી આ કાર્યક્રમને ખુબ જ સફળ બનાવેલ છે

આ સમગ્ર નમો કિસાન કબડી સ્પર્ધાનું આયોજન જિલ્લા પ્રમુખ કિસાન મોરચો ગીર સોમનાથ ધીરુભાઈ ખોખર જિલ્લામાં મંત્રી પ્રતાપભાઈ બારડ જિલ્લા મહામંત્રી ભરતભાઈ મોરાસીયા દ્વારા થયેલું જેમાં જિલ્લા અધ્યક્ષ ગીર સોમનાથ મહેન્દ્રભાઈ તથા જિલ્લા ટીમે માર્ગદર્શન અને સહકાર આપી આ કાર્યક્રમને દિપાવેલ છે ખાસ કરીને ડીએમ બારડ કેળવણી સંકુલનો હૃદયથી આભાર માને છે

મોટર સાયકલ વાહનો માટે GJ-03-NH સીરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરોના રી-ઓકશન ૨૩ ડીસેમ્બરથી શરૂ થશે

રાજકોટ તા.૧૯

પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી, રાજકોટ દ્વારા મોટર સાયકલ પ્રકારના વાહનો માટે **GJ-03-NH** સીરીઝના પસંદગીના નંબરોના રી–ઓકશન તા. ૨૩/૧૨થી શરૂ કરવામાં આવશે. આ તથા અગાઉની સીરીઝના બાકી રહેતા પસંદગીના નંબર મેળવવા ઇચ્છુકે ઓનલાઈન **http://pari-vahan.gov.in/fancy** પર ક્લિક કરી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

રી–ઓકશનમાં ગોલ્ડન, સિલ્વર કે રેગ્યુલર નંબરો મેળવવા માટે તા. ૨૩ના રોજ સાંજે ૪કલાકથી તા.૨૬ના રોજ સાંજે ૪કલાક સુધી ઓનલાઈન એપ્લીકેશન કરવાની રહેશે. તેમજ તા. ૨૬ના રોજ સાંજે ૪.૦૧ કલાકથી તા. ૨૮ના રોજ સાંજે ૪કલાક સુધી ઓનલાઈન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પુર્ણ થયા બાદ તા. ૨૮ ડીસેમ્બરના રોજ સાંજે ૪.૧૫ કલાકે પરિણામ ઓનલાઈન જાહેર થશે.

ઉલ્લેખનીય છે કે રજીસ્ટ્રેશન કરાવવા ઉમેદવારે સૌ પ્રથમ **pari-vahan.gov.in** પર જઈ ઓનલાઈન સર્વિસ પર ક્લિક કરવું, ત્યારબાદ **fancy number booking** પર ક્લિક કરી પબ્લિક યુઝર પસંદ કરી આઈ.ડી. બનાવવું. ત્યારબાદ સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરવું અને પસંદગીના નંબરમાં દર્શાવેલી ઓછામાં ઓછી ફી ભરવી. ફી ભરાયા બાદ હરાજીમાં ભાગ લઈ, હરાજીમાં નંબર મેળવ્યા બાદ ૫ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવી. જે બાદ આર.ટી.ઓ.ની અપ્રૂઅલ લઈ નંબર મેળવવો.

વાહનનું રજીસ્ટ્રેશન કરાયેલું હોવું જરૂરી છે. વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલું હોવું ફરજીયાત છે. સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહીં. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

જીવરાજપાર્કમાં નવનિર્મિત જગ્યા ફાળવોઃ રજુઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

રાજકોટ શહેરના વોર્ડ નં.૧૧ના જીવરાજ પાર્ક હોકર્સ ઝોનના નિર્ણયને આવકારતા રેકડી ધારકોએ પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે જાહેર કરેલ નવી વ્યવસ્થાને અમો સમર્થન કરતા છેલ્લા બે મહિનાથી હોકર્સ ઝોનમાં જગ્યા મેળવવા માટે કોર્પોરેશન ખાતે જવાબદાર અધિકારી પાસે લાયસન્સ મેળવવા અવાર–નવાર રજુઆત કરેલ છે , તે સમયે હોકર્સ ઝોન ખાતે સર્વે કરી લાયસન્સ કાઢી આપવાનું જણાવેલ હતું પરંતુ હજુ સુધી તંત્ર દ્વારા કોઇ સહયોગ મળી રહ્યો નથી અને છેલ્લા પાંચેક દિવસથી રેકડી જમ કરી હેરાન કરવામાં આવ્યાનો આક્ષેપ કર્યો છે. શાકભાજીનો વેપાર–ધંધો કરવા માટે જીવરાજપાર્ક હોકર્સ ઝોનમાં લાયસન્સ આપી સ્થાન આપવામાં આવે તેવી માંગ ન્યુનિ. કમિશનરને પત્ર પાઠવી કરવામાં આવી છે. આ રજુઆતમાં જયેશભાઇ પરમાર, જોસનાબેન પરમાર, રણજીતભાઇ ગીગાભાઇ ડાભી, વિનુભાઇ વલ્લભભાઇ મકવાણા, જયદીપભાઇ નવઘણભાઇ ડાભી, રવિભાઇ ડાભી, ચિરાગ વિનોદભાઇ તથા વિક્રમભાઇ રામભાઇ ચાવડીયા સહિતના જોડાયા હતા તે તસ્વીરમા નજરે પડે છે.

વિકસિત ભારત સંકલ્પ રથયાત્રાનું બોસન ગામમાં ભવ્ય સ્વાગત

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૧૯

વિકસિત ભારત સંકલ્પ રથયાત્રા નું બોસન ગામ માં ભવ્ય સ્વાગત કરવામાં આવીયુ અને વિવિધ સરકારી યોજના ઓ નો લાભ અને લાભાર્થી આપવા માં આવેલ તેમજ સરકારની વિવિધ યોજનાઓ થી માહિત ગાર કરવા માં આવેલ.આ કાર્યક્રમ ને સરકારી સમગ્ર વહીવટી તંત્ર અને બોસન ગ્રામ પંચાયત તેમજ બોસન પ્રાથમિક શાળા,તલાટી કમ મંત્રી,આંગણવાડી,અશાવર્કર,આરોગ્ય કર્મચારી એ ભારે જહેમત ઉઠાવી હતી.એકંદરે કાર્યક્રમ સફળ રહ્યો હતો અને સૂત્રાપાડા તાલુકા માં વિકસિત ભારત સંકલ્પ રથયાત્રા નું સમાપન પણ થયેલ હતું.

યુગાન્ડાના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રીની લીધી શુભેચ્છા મુલાકાત

ગુજરાત સાથે મેન્યુફેકચરીંગ, એગ્રીકલ્ચર, હેલ્થકેર, કન્સ્ટ્રકશન, સ્કીલ ડેવલપમેન્ટ તથા વોકેશનલ અને ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ સેન્ટરમાં સહભાગીતાની ઇચ્છા દર્શાવી

રાજકોટ તા.૧૯

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના ઉપક્રમે ગુજરાત પધારેલ યુગાન્ડાના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લેવામાં આવેલ જેમાં યુગાન્ડાના ભારત સ્થિત એમ્બેસેડર અને ડેપ્યુટી હેડ ઓફ મિશન એમ્બ માગરિટ એલ ક્યોગિર અને પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના પ્રમુખ પરાગભાઇ તેજૂરા, સુભાષભાઇ ગઢવી, જીતુભાઇ હાથી, મહેશભાઇ નગદીયા સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. મિટિંગ ની શરૂઆતમાં સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના પ્રમુખ પરાગભાઇ તેજૂરા દ્વારા પ્રતિનિધિમંડળ અંગે માહિતી આપવામાં આવેલ તથા સંસ્થા દ્વારા

છેલ્લા ૧૦ વર્ષ થી ચાલતી આંતરરાષ્ટ્રીય વેપાર અંગેની પ્રવૃતિઓ અંગે પણ માહિતી આપવામાં આવેલ. મુખ્ય મંત્રી દ્વારા આગામી એસ.વી.યુ.એમ. ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય વેપાર મેળા ના બ્રોચર ની પણ વિમોચન વિધિ કરવામાં આવેલ. મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સંસ્થાની પ્રવૃતિઓ ની સરાહના કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારત અને યુગાન્ડાના એક સદીથી વધુના ઐતિહાસિક સંબંધોના પરિણામે ડિફેન્સ, ઇકોનોમિક, ટ્રેડ એન્ડ કલ્ચર, એજ્યુકેશન તથા હેલ્થકેર અને ટુરીઝમના સંબંધોનો સેતુ મજબૂત બન્યો છે તેમ બેઠકની વાતચીતમાં જણાવ્યું હતું.તેમણે કહ્યું કે, ભારતયુગાન્ડામાં ખાનગી ક્ષેત્રો વચ્ચેના જોડાણથી યુગાન્ડામાં ભારતીય તથા ગુજરાતીઓના વ્યવસાયો વ્યાપક બન્યા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમને રાજ્ય સરકારના પ્રો–એક્ટિવ એપ્રોચ અને ઇન્ડસ્ટ્રીયલ ફ્રેન્ડલી પોલીસીઝની જાણકારી આપી હતી અને ભારત–ગુજરાત–યુગાન્ડાના સંબંધોને વધુ વ્યાપક બનાવવા વાઇબ્રન્ટ સમિટ–૨૦૨૪માં જોડાવા આમંત્રણ પાઠવ્યું હતું.તેમણે યુગાન્ડા દ્વારા ઉદ્યોગ–વેપારને અપાતા ઇન્સેપન્ટિવ્ઝ સહિતના ક્ષેત્રોના અભ્યાસ માટે ગુજરાતનું એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ આગામી વાઇબ્રન્ટન સમિટ પછી યુગાન્ડાની મુલાકાતે જાય તેવી નેમ પણ વ્યક્ત કરી હતી.આ સૌજન્ય મુલાકાત બેઠકમાં મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે. હૈદર તેમજ ઇન્વેસ્ટ–બી ના એમ.ડી. ગૌરાંગ મકવાણા પણ જોડાયા હતા.

રાજકોટમાં રીજીયોનલ સાયન્સ સેન્ટર દ્વારા

મોબાઈલ ફોટોગ્રાફી સેશન અને રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણીનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૧૯

રાજકોટમાં રીજીયોનલ સાયન્સ સેન્ટર દ્વારા ફોટોગ્રાફી ક્લબના સહયોગથી તા. ૨૦ ડીસેમ્બરના રોજ સવારે ૧૧કલાકથી બપોરે ૧૨:૩૦ કલાક સુધી 'મોબાઈલ ફોટોગ્રાફી સેશન'નું આયોજન કરાયું છે. આ સેશન પ્રોફેશનલ ફોટોગ્રાફર બીઝી સોની દ્વારા લેવામાં આવશે, જેમાં ફોટોગ્રાફીની ટેકનિક અને મેથેડોલોજી, કેરિયરની તકો, એડિટિંગ જેવી ફોટોગ્રાફીને લગતી મૂળભૂત બાબતોને આવરી લેવામાં આવશે. એન્ટ્રી ફી ભરીને આ કાર્યક્રમમાં જોડાવા રીજીયોનલ સાયન્સ સેન્ટર દ્વારા જાહેર જનતાને અનુરોધ કરાયો છે. વધુ માહિતી માટે સેન્ટરના ફોન નંબર ૦૨૮૧–૨૯૯૨૦૨૫ પર સંપર્ક કરી શકાશે.

આ ઉપરાંત, ભારતમાં દર વર્ષે તા. ૨૨ ડીસેમ્બરના રોજ વિખ્યાત ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતીને 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે મનાવવામાં આવે છે. જે નિમિત્તે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશનના સહયોગથી રીજીયોનલ સાયન્સ સેન્ટર, રાજકોટ દ્વારા તા. ૨૦થી ૨૨ ડીસેમ્બર દરમિયાન નેશનલ મેથેમેટિક્સ ડે–૨૦૨૩ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૧ના રોજ મેજિક નંબર્સ, તા. ૨૨ના રોજ ફન વિથ મેથ, તા. ૨૦થી ૨૨ના રોજ ગણિત ગેમ્સ જેવા વર્કશોપમાં ગણિતને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. આ ઉજવણીનો ભાગ બનવા માટે **https://bit.ly/RSCReg** ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમજ ઇચ્છરીયા પાર્ક નજીક આવેલા રીજીયોનલ સાયન્સ સેન્ટરના જે તે દિવસની ટિકિટના દર લાગુ પડશે, તેમ રીજીયોનલ સાયન્સ સેન્ટરની યાદીમાં જણાવાયું છે.

તંત્રી લેખ

જિંદગીથી બહુ દૂર...

સહુને આપણા દેશની યુવા પેઢી પર ખૂબ ગર્વ છે, પરંતુ સિક્કાની બીજી બાજુ પણ હોય છે. કલ્પના કરો કે તે વાત કેટલી શરમજનક છે કે ગયા વર્ષે આ યુવાનોના એક મોટા વર્ગે આત્મહત્યાનો માર્ગ પસંદ કર્યો હતો. નેશનલ ક્રાઈમ ડેટા અનુસાર, ઈ.સ. ૨૦૨૨માં કુલ આત્મહત્યાઓમાં યુવાનોનો હિસ્સો ૩૫% હતો. ઈ.સ. ૨૦૨૨ના રાષ્ટ્રીય અપરાધના આંકડા ખૂબ જ નિરાશાજનક છે. સૌથી નિરાશાજનક આંકડાઓ પૈકી એક એ છે કે ગયા વર્ષે દેશભરમાં દરરોજ સરેરાશ ૫૦૦ જેટલી આત્મહત્યા થઈ હતી. જિંદગીથી સ્વહસ્તે છેડો ફાડવાનો ખોટો નિર્ણય લેનારા એ રોજના પાંચસો લોકો આપણા વર્તમાનની એક ભયંકર વિષાદકથા છે. તેનો અર્થ શું છે? તણાવના ઘાતક સ્તર સુધી કોઈ ઉકેલ મળ્યો નથી અથવા શોધી શકાતો નથી. આ બાબતમાં ત્રણ મુખ્ય ખામીઓ છે - નબળી માનસિક સ્વાસ્થ્ય અંગેની માળખાકીય સુવિધા, સંબંધિત કાયદાઓમાં સ્પષ્ટતાનો અભાવ અને વિવિધ સામાજિક નિષેધ જે લોકોને મદદ મેળવવાથી અટકાવે છે.ગયા વર્ષે આત્મહત્યા કરનારાઓમાંથી એક તૃતીયાંશ ખેડૂતો અને રોજમદાર મજૂરો હતા. ૧૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ એ બીજું સૌથી મોટું જૂથ છે, જેમણે પોતાનો જીવ આપ્યો. માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતો કહે છે કે કોચિંગ હબ કોટા જેવા સ્થળોએ, જ્યાંથી વિદ્યાર્થીઓની આત્મહત્યાના વારંવાર અહેવાલો આવે છે, ત્યાં સતત માનસિક મૂલ્યાંકન અને કાળજી સાથે વિશેષ વ્યૂહરચનાઓની જરૂર છે. તેમ છતાં આપણે કોટામાં જોયું, જ્યાં આ ચાલુ વર્ષે ૨૩ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે, ત્યાં સત્તાવાળાઓએ માત્ર બાલ્કનીઓની નીચે જાળી મુકવાનું અને પંખામાં સ્પ્રિંગ મૂકવાનું નક્કી કર્યું હતું. આ તો વળી કેવા પ્રકારનો ઉકેલ છે? ઈ. સ. ૨૦૧૭માં, માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ સાથે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૯ હેઠળ આત્મહત્યાના પ્રયાસને અપરાધ જાહેર કરવામાં આવ્યો હતો. નવા બિલ (ભારતીય ન્યાયિક સંહિતા), કે જે ટૂંક સમયમાં જ સંસદમાં રજૂ કરવામાં આવશે, તેણે કાયદાકીય જોગવાઈને સંપૂર્ણપણે દૂર કરી દીધી છે. સુધારેલ શ્માજીમાં, આત્મહત્યા માટે ઉશ્કેરવાના ગુના નાબૂદીની જોગવાઈ અકબંધ છે, જે સાબિત કરવું અત્યંત મુશ્કેલ છે.ગત સોમવારે સુપ્રીમ કોર્ટે ફરી કહ્યું કે આત્મહત્યાની ઉશ્કેરણી માટે કોઈ વ્યક્તિને દોષિત ઠેરવવા માટે જરૂરી છે કે આરોપીનો ગુનાહિત ઈરાદો અને ઉશ્કેરવાનું કૃત્ય મૃતકના આત્મહત્યાના સમયની નજીક હોવા જોઈએ. એક કેસને રદબાતલ કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવા પુરાવા વિના ટ્રાયલ એ 'કાનૂની પ્રક્રિયાનો દુરુપયોગ' કરતાં વધુ કંઈ નથી. મોટે ભાગે નબળી પોલીસ તપાસ એ જ સાચી સમસ્યા હોય છે. આત્મહત્યાના પ્રયાસોમાંથી બચી ગયેલા લોકોને સમર્થન અને લાંબા ગાળાની મદદની જરૂર હોય છે. જ્યારે ઘરના સંજોગો તેમને લાચાર છોડી દે છે ત્યારે તેઓ કઈ દિશામાં વળે છે? આંકડા દર્શાવે છે કે ૩૨% આત્મહત્યાના કિસ્સાઓ 'પારિવારિક સમસ્યાઓ'ના કારણે થયા હતા.ભારતીયો તેમની મોટાભાગની જરૂરિયાતો માટે પરિવાર અને સમાજના સમર્થન પર આધાર રાખે છે, નાણાંકીય બાબતોથી લઈને વ્યક્તિગત બાબતો સુધી, તેમ છતાં માનસિક સ્વાસ્થ્યનો મુદ્દો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આત્મહત્યા હેલ્પલાઈન્સ અને સપોર્ટ નેટવર્ક્સ ઉપરાંત, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓની આસપાસના સામાજિક નિષેધને દૂર કરવું મહત્વપૂર્ણ છે અને એ કામ એક કૂદકે પહાડ ઓળંગવા જેવું અઘરું છે. આપણે એવું સામાજિક વાતાવરણ બનાવવું જોઈએ કે જેથી કોઈ પણ વ્યક્તિ પોતાની માનસિક સમસ્યાઓ ખુલ્લેઆમ શેર કરી શકે. પણ અત્યારે પણ જો કોઈને માનસિક સમસ્યાઓ વિશે વાત કરવી હોય તો તેણે મોટે ભાગે મનોચિકિત્સકો અને કેટલીક એનજીઓની મદદ લેવા સુધી મર્યાદિત રહેવું પડે છે. સરકારી નેટવર્ક વણીવાર પહોંચની બહાર અને અપૂરતું હોય છે. વળી, આપણા ગુજરાતમાં તો મનોવૈજ્ઞાનિક ક્ષેત્રે કામ કરનારા એનજીઓ વિરલ છે. રણમાં મીઠી વીરડી જલ્દી મળે એમ નથી. એટલે હજારો લોકો તેમની પોતાની અણમોલ જિંદગીથી બહુ દૂર નીકળી જાય છે. એક ઝાડ જેટલો છાંયો આપી શકે એનાથી ક્યાંય વધુ હૂંફ માણસ આપી શકે છે. એ હૂંફ સહુ પ્રત્યે આપણે ચાલુ રાખવી જોઈએ. ગયા વર્ષે, લગભગ ૩૫% આત્મહત્યા ૧૮થી ૩૦ વર્ષની વયના લોકો દ્વારા કરવામાં આવી હતી. તેઓ ડેમોગ્રાફિક ડિવિડન્ડનો એક મહાન ભાગ હતા, પરંતુ કમનસીબે તેણે પોતાનું જીવન સમાપ્ત કરવાનો નિર્ણય લેવો પડ્યો. જેને માટે બાકીનો હયાત સમાજ પોતાની જવાબદારીમાંથી છટકી શકે એમ નથી. એક જિંદગી એક ખોટા નિર્ણયથી સર્કિલાઈ જાય પછી દાયકાઓ સુધી એનો પડછાયો પરિવાર અને સમાજ પર પડે છે.

કાલે રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ લલિત વસોયાનો પદગ્રહણ સમારોહ યોજાશે

સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી બી.એમ સંદીપજી, અર્જુનભાઈ મોઢવાડીયા, પરેશ ધાનાણી, લલિત કગથરા, અમરીશ ડેર, ત્રત્વિક મકવાણા, અર્જુન ખાટરિયા અને હિતેશ વોરા ઉપસ્થિત રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

અખિલ ભારતીય કોંગ્રેસ સમીતી દ્વારા કોંગ્રેસના વરિષ્ઠ નેતા લલીત વસોયા ની રાજકોટ જીલ્લા કોંગ્રેસ સમીતીના પ્રમુખ તરીકે નિમણુક કરવામાં આવેલ છે. ત્યારે આવતીકાલે તેમનો પદગ્રહણ સમારોહ સેલિબ્રેશન ટ્રી પાર્ટી લોન્સ ખાતે સાંજે ૪ વાગ્યે યોજાશે. જેમાં સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી બી. એમ. સંદીપજી, અર્જુનભાઈ મોઢવાડીયા, પરેશ ધાનાણી, લલિત કગથરા, અમરીશ ડેર, ત્રત્વિક મકવાણા, અર્જુન ખાટરિયા અને હિતેશ વોરા એ સયુંકત યાદીમાં જણાવ્યું છે. કોંગ્રેસ સમિતિ નાં તાલુકા પ્રમુખો, પ્રભારીઓ, ફ્રન્ટલ સેલનાં ચેરમેનો, જિલ્લા પંચાયત નાં તમામ હોદેદારો, આગેવાનો, કાર્યકરો ભાઈઓ બહેનો, સામાજિક આગેવાનો તેમજ સૌરાષ્ટ્રભર માંથી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે તેવું અર્જુન ખાટરિયા અને હિતેશ વોરા એ સયુંકત યાદીમાં જણાવ્યું છે.

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માનાં મામા સુંદર ધારાસભ્ય મહેશ કસવાલાની શુભેચ્છા મુલાકાતે

(બિપીન પાંધી દ્વારા)

સાવરકુંડલા. તા.૧૯

લોકપ્રિય ટીવી શો ''તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા'' નાં સુંદરમ આમા જનતા સેવાલાય એવા ''અટલધારા'' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત કરી હતી તે પળની ક્ષણો. જો કે આમ તો આપણાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા પણ મિડિયા જગત સાથે ગાઢરીતે સંકળાયેલા છે. એમની ટી.વી.ડિબેટો પણ ખૂબ તાર્કિક અને લોકપ્રિય હોય છે.

વિલંબ IGST રીફંડ અંગે નાણામંત્રીને રજુઆત કરતા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

આપણા નિકાસકારો દેશમાં વિદેશી હુંડીયામણ લાવવામાં મહત્વનો ફાળો આપે છે તે ઉપરાંત દેશની જણસોને વિદેશી બજારમાં પુરી પાડીને અન્ય દેશોમાં ભારતમાં ઉત્પાદીત થતી ચીજવસ્તુઓનું બજાર ઉભુ કરવામાં પણ સહાયરૂપ થાય છે તેવા સમયે આવા ઉદ્યોગકારો કે જેઓ નિકાસની સાથે સંકળાયેલા છે તેમને તેમના નિકાસ કરાયેલા માલ પર ચુકવવામાં આવનાર IGSTના રીફંડની ચુકવણીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને ઘણી સરકારી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે.

સી.જી.એસ.ટી.ના નિયમો, ૨૦૧૭ ના નિયમો ૯૬ મુજબ, નિકાસકાર દ્વારા ભરાયેલ શિપીંગ બિલને રીફંડ માટેની અરજી એવી પરિસ્થિતિમાં સ્વીકારવામાં આવશે જો તે નિકાસ કરાયેલ માલ પર સંકલીત કર ચુકવેલ હોય, એકવાર એક્સ્પોર્ટ જનરલ મેનીફેસ્ટ (EGM) અને જી.એસ.ટી.આર.-૩બી ફોર્મમાં માન્ય રીટર્ન બંને ફાઈલ થઈ જાય. ત્યારબાદ ઓનલાઈન સરકારી સાઈટ પરથી રીટર્નની ખરાઈ કરીને રીફંડ અંગેની પ્રક્રિયા આગળ વધે છે. જે આઈ.સી.ઈ.એસ.માં શિપીંગ બીલ ડેટાને માન્ય કર્યા પછી આપમેળે રીફંડ આપવા માટેનું એક ઈનબિલ્ટ મિકેનીઝમ છે. આમ શિપીંગ બિલ અને નિકાસ કરેલ ઉત્પાદનના બંને બિલોની ખરાઈ થયા બાદ તેમાં કોઈ ભુલ કે ક્ષતિ ન હોય તો સતાવાળાઓ નિકાસકર્તાના બેન્ક ખાતામાં રીફંડની રકમ ઓનલાઈન જમા આપી દે છે.

ઉપરોકત પ્રક્રિયામાં નિકાસકારોને રીફંડ પ્રક્રિયામાં છેલ્લા બે ત્રણ માસથી રીફંડ વિતરણમાં વિલંબ થાય છે. જેથી નિકાસકારોના આર્થિક વ્યવહારો અવરોધાય છે. તે ઉપરાંત આઈ.સી.ઈ.એસ.માં આઈ.જી.એસ.ટી. રીફંડ અંગેની માર્ગદર્શીકા મુજબ નિકાસ પર આઈ.જી.એસ.ટી.નું રીફંડપાત્ર શિપીંગ બિલ્સનું સ્ક્રોલ જનરેટ કરીને આપવામાં આવશે. જે પ્રક્રિયામાં પણ વિલંબ થઈ રહેલ છે. નિકાસકારોને બેન્ક ખાતામાં સ્ક્રોલ જનરેટનો ગાળો દર્શાવતા હોવા છતાં તે પ્રક્રિયા ઘણી વખત ધીમી અને મંદ ગતિએ ચાલતી હોય તે રીફંડ બેન્ક ખાતામાં ક્રેડીટ થવામાં પણ વાર લાગતી હોય આર્થિક માર સહન કરવો પડે છે. જેથી નાના અને મધ્યમ એકમોને તે મુડી ઉદ્યોગની ઉન્નિત માટે ઉપયોગમાં લઈ શકાતી નથી અને ઉદ્યોગની આર્થિક તરલતામાં ઘટાડો કરે છે. જેથી નિકાસકારોને આર્થિક પડકારો અને અનિશ્ચીતતાઓનું જોખમ રહે છે. તદઉપરાંત વૈશ્વીક બજારમાં પોતાને હરીફાઈમાં ટકવા માટે જો સમયસર રીફંડની રકમ મળી જાય તો તેનાથી નિકાસકારો પોતાની મુડીનો યોગ્ય સંકલન કરી શકવાને સમક્ષ બની શકે છે.

ઉપરોકત તમામ બાબતોને નજર સમક્ષ રાખીને નિકાસકારો ને સરકારના જી.એસ.ટી.ના સંલગ્ન ખાતા તરફથી સમયસર રીફંડની ચુકવણી થાય અને વિલંબ થતા પરીબળોને નિવારવા માટે ભારતના નાણામંત્રી, જી.એસ.ટી. કાઉન્સીલના ચેરમેન, સી.બી.આઈ.સી. ના ચેરમેન, સી.જી.એસ.ટી.ના ચીફ કમીશ્નર, એસ.જી.એસ.ટી.ના કમીશ્નર તથા કસ્ટમના પ્રિન્સીપલ કમીશ્નર સમક્ષ ગ્રેટર રાજકોટ ચેમ્બરના પ્રમુખ રાજીવભાઈ દોશી દ્વારા ભારપૂર્વકની રજુઆત કરીને આ બાબતે તાકીદે ઘટતુ કરવાની માંગ કરેલ છે.

આમ એક અખબારી યાદીમાં ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ રાજીવભાઈ દોશી તથા ઉપપ્રમુખ ઈશ્વરભાઈ બ્રાંભોલીયા દ્વારા જણાવવામાં આવે છે.

અમરેલીમાં યુવતી સાથે ચાલુ એસ.ટી.બસમાં છેડતી કરતા વ્યક્તિને કાયદાનો પાઠ ભણાવતી ૧૮૧ અભયમ ટીમ

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી તા.૧૯

અમરેલીમાં ગઈકાલે તા.૧૮ ના રોજ વહેલી સવારના એક યુવતીએ ૧૮૧માં કોલ કરી જણાવેલ કે તેઓ કૃષ્ણનગર-ધારી બસમાં અમરેલી આવી રહ્યાં છે અને તેઓની બસમાં એક વ્યક્તિ તેણી સાથે ચેનચાળા કરે છે. જેથી તાત્કાલિક મદદની જરૂર છે. તેમ જણાવેલ હતું.આથી આ માહિતી મળતાની સાથે જ તુરંતજ અમરેલી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમના કાઉન્સેલર પરમાર હીના, જીઆરડી મનીષાબેન માધાડ તથા પાયલોટ સંજયભાઈ મકાણી સ્થળ પર પહોચી ને આ પીડિત યુવતી સાથે વાતચીત કરી શાંત્વના આપી પરામર્શ કરતા તેણીએ જણાવેલ કે તેઓ અમદાવાદથી એસ.ટી.બસમાં બેઠેલ હતા અને તે સમય દરમિયાન તેણીને નિંદ્રા આવતા તેઓની બાજુની સીટમાં બેઠેલ આશરે ૬૦ થી ૬૫ વર્ષના વૃદ્ધ વ્યક્તિએ આપીડિતાની નિંદ્રાનો લાભ ઉઠાવી તેમજ ખરાબ નજર રાખી ચેનચાળાને અડપલા કરેલ હતા .જેથી આ યુવતીએ બસમાં આ બનાવ અંગે જાણ કરી અને તે છેડતી કરનાર વ્યક્તિ સામે વિરોધ કરતા તે વ્યક્તિ બસમાંથી ઉતરવાના પ્રયાસ કરેલ. આથી આ પીડિતા એ ૧૮૧ ની મદદ માંગેલ.

જેથી ટીમ દ્વારા આ છેડતી કરનાર વ્યક્તિ સાથે વાતચીત કરી હકીકત જાણી હતી અને તે વ્યક્તિને છેડતી અંગે કાયદાકીય માહિતી આપી હતી તેમજ આ પીડિત યુવતીએ બીજા જિલ્લા વતની હોય અને તેઓને અગત્યના કામથી ત્યાં જવાનું હોય આથી તેઓને આગળ કોઈ કાયદાકીય કાર્યવાહી કરવી હતી નહિ, પરંતુ તેઓ સાથે જે કૃત્ય અને વર્તન થયું તેવું આ વ્યક્તિ બીજી કોઈ યુવતી કે મહિલા સાથે વર્તન ના કરે તે અંગે સબક શીખવાડવો હોય જેથી ટીમ દ્વારા આ વ્યક્તિને કડક શબ્દોમાં કાયદાકીય માહિતી આપી કાયદાનું ભાન કરાવી યોગ્ય સૂચન આપેલ. તેમજ આ બનાવ અંગે તે વ્યક્તિના પરિવારજનો ને જાણ કરેલ અને તેમજ તે વ્યક્તિને તેઓની ભૂલનો અહેસાસ કરાવી. અભયમ ટીમ દ્વારા તે છેડતી કરનાર વ્યક્તિને પીડિતા પાસે માફી મંગાવી હતી. અને હવે આજ પછી કોઈ દિવસ કોઈ પણ યુવતી કે મહિલા સાથે આવું અભદ્ર વર્તન નહિ કરે તે અંગે ૧૮૧ અભયમ ટીમ દ્વારા લેખિતમાં બાહેધરી લેવામાં આવેલ હતી. તેમજ આ વ્યક્તિની બાહેધરી મેળવી ને હવે પછી આવી ગુનાહિત પ્રવૃત્તિઓથી દૂર રહેવા કડક શબ્દમાં તાકીદ કરવામાં આવી હતી.

ક્રિસમસ-ન્યુ યરની ઉજવણી માટે જોહર કાર્ડસ તથા જોહર ગેલેરીમાં ડેકોરેશન આઈટમોની વિશાળ રેન્જ

ડીસ્કો લાઈટીંગ ટ્રી, ૧ ફટથી ૧૨ ફટ સુધીની ક્રિસમસ ટ્રી : સાન્તાકલોગ ડ્રેસ, જીંગલ બેલ, બેનર, ડાન્સીંગ કરતા સાન્તા ક્લોઝનો મનોરમ્ય શો પીસ, પોપસ્ટાર, ગ્રીન પાઈપ ટ્રી, કેન્ડલ તથા કાર્ડસનો ખજાનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

ક્રિસમસ ફેસ્ટીવલ અને ને ન્યુયરની આઈટમો ને હવે ગણતરીના જ દિવસો બાકી રહયા છે. ત્યારે રાજકોટમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ કાર્ડસથી માંડીને અન્ય વિશાળ આઈટમોના ખજાના સાથે સજજ છે. શહેરમાં જોહર ગેલેરી અને જોહર કાર્ડસના નામથી પ્રસિધ્ધ શોરૂમ આ વર્ષે પણ રાજકોટવાસીઓ માટે નાતાલની ખરીદીનુ પ્રિય માધ્યમ બની રહેશે. નાતાલ અને ન્યુયરના ડેકોરેશન માટે ડો. યાજ્ઞીક રોડ ઉપર આવેલ જોહર કાર્ડસમાં તથા જોહર ગેલેરી પ્રેમ મંદીર રોડ ગાર્ડન સામે કાલાવડ રોડ વાળા જોહરભાઈ એ જણાવ્યુ કે આ વર્ષ ક્રિસમસ ત્થા ન્યુ યરનાં તહેવાર નીમીતે અમારે ડેકોરેશન ચર્ચ, સ્કુલ,

કોલેજો, રેસ્ટોરન્ટ, શોરૂમ, ઘર, હોટલોને સજાવવા માટે લાઈટીંગ ફાયબર ટ્રી, જીંગલબેલ, જુમ્મર બેલ, મીરર બોલ સાઈઝના, ક્રિસમસ ત્થા ન્યુ યર લખેલી ક્લિટર વાળા તથા સાદા બેનરો, કેન્ડલ સ્ટેન્ડ, શાન્તા ક્લોઝના મ્યુજીકલ ત્થા ડાંન્સીંગ કરતા સ્ટેચ્યુ, અલગ અલગ સાઈઝનાં ક્રિસમસ ટ્રી, ક્રિસમસ ટ્રીને ડેકોરેશન કરવાની દરેક આઈટમ ફુલ સાઈઝમાં શાન્તા ક્લોઝના ડ્રેસ,શાન્તા ટોપી, બહાર લગાડવા માટે સ્ટાર, પોપ સ્ટાર મેટાલીક બોર્ડનાં સ્ટાર, ભગવાન ઈસુના ત્થા મેરીના ફોટા વાળા સ્ટાર, ક્રિસમસ અને ન્યુ યર માટે મ્યુજીકલ લાઈટીંગવાળા ડોમ, અલગ અલગ સાઈઝના પાઈન ટ્રી, પોલીસ્ટોના શોપીસ, લાઈટીંગ કેન્ડલો, કાચના ડોર ઉપર લગાડવા માટેના ક્રિસમસ - ન્યુયર લખેલ પોસ્ટરો, વિવિધ મેટાલીક જાલરો, મેટાલીક પરદાઓ, ડેકોરેટ કરેલ અલગ અલગ સાઈજની રીંગ, ડેકોરેશન નેટ, દીવાલ ઉપર ત્થા છત ઉપર લગાડવા માટે ચેઈનવાળા ડેકોરેશન કરેલ જીંગલ બેલ સાથે શાન્તા કલોઝ વાળા ભવ્ય વેરાયટીઓમાં આવેલ છે. થર્માકોલનાં સાઈન બોર્ડ ઝરી લગાડેલા, મેટાલીક સાઈનીંગ વેલ, સોફ્ટ ટોયઝના શાન્તા કલોઝ, ટ્રી માં લગાડવા માટે ડેકોરેટ કરેલ ચેઈન , સ્નો મેઈન, શાન્તા કલોઝનો થેલો, ક્રિસમસ અને ન્યુ યર આ બંને મહત્વનાં દિવસોમાં ગીફ્ટ આપવાની તૈયારી કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

જય ગજજરની રાજકોટ શહેર યુવા ભાજપ વોર્ડ નં.૧૪માં નિમણુંક

રાજકોટ,તા.૧૯

જય ગજજર રાજકોટ શહેર યુવા ભાજપ વોર્ડ નં.૧૨ મંત્રી ત્યારબાદ શહેર યુવા મોરચામાં સોશીયલ મીડીયા ઈન્ચાર્જ તેમજ હાલ વોર્ડ નં.૧૪ માં પ્રભારી તરીકે નિમણુંક થઈ છે.ત્યારે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરિયા, રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, દર્શિતાબેન શાહ,ડો.પ્રદીપભાઈ ડવ, કમલેશભાઈ મીરાણી, ડો. મધાવભાઈ દવે ,વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિનભાઈ મોલીયા, કિશનભાઈ ટીલવા, સહદેવભાઈ ડોડીયા, મિલનભાઈ લિંબાસિયા તેમજ કાર્યકર્તાઓએ અભિનંદન પાઠવ્યા હતાં.

યુવા સેના ટ્રસ્ટના સભ્યો માટે ફનવર્લ્ડનો પ્રવાસ તથા સ્નેહ મિલન સમારોહ

રાજકોટ,તા.૧૯

દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા યુવા સેના પરિવારની તમામ પાંખ-યુવા સેના, લેડીઝ યુવા સેના, સીનિયર સીટીઝન સેના, ચિલ્ડ્રન સેના તથા દીવ્યાંગ સેના, ટ્રસ્ટના દાતાશ્રીઓ, શુભેચ્છકો તેમજ ટ્રસ્ટના વિકાસમાં દિન-રાત તન તોડ પ્રયત્નો કરનાર કાર્યકર્તાઓ માટે ''ફનવર્લ્ડનો પ્રવાસ તથા સ્નેહ મિલન'' નો એક કાર્યક્રમ આગામી તા.૨૩/૧૨ને શનિવારના રોજ સાંજે ૪કલાકે ફનવર્લ્ડ રેસકોર્ષ રાજકોટ ખાતે આયોજીત કરવામાં આવેલ છે. આ અવસરે આપણા સૌની આ સંસ્થામાં આપણે સૌ સાથે મળીને એક-બીજાને શુભકામના પાઠવીશું. આપ સૌનું આ અવસરે અભિવાદન તેમજ શુભેચ્છાની આપ-લે કરવા સ્વાગત છે. સમયસર ઉપસ્થિત રહીને સંસ્થાની પરંપરા અનુસાર નિર્ધારીત સમયે આવનાર સદસ્યોને ડ્રો દ્વારા આકર્ષક ગીફ્ટ આપીને સ્ટેજ પર સન્માનિત કરવામાં આવશે.

ડૉ. પિયુષ ગોસાઈ દ્વારા સંચાલીત શ્રીજી વિમેન્સ હોસ્પિટલ ખાતે આયુષ્યમાન ભારત કાર્ડ યોજનાના પ્રથમ લાભાર્થીને શુભેચ્છા પાઠવતા સાંસદ નારણભાઈ કાછડીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

તા. ૧૭ ડીસેમ્બર ૨૦૨૩ ને રવિવારના રોજ અમરેલીના લોકપ્રિય સાંસદ નારણભાઈ કાછડીયાએ અમરેલી ખાતે ડૉ. પિયુષ ગોસાઈ દ્વારા સંચાલીત શ્રીજી વિમેન્સ હોસ્પિટલની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. આ દરમ્યાન શ્રીજી વિમેન્સ હોસ્પિટલ ખાતે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના પ્રથમ લાભાર્થી બહેનને સાંસદએ ફળ વિતરણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે સાંસદએ જણાવેલ હતુ કે, સરકાર તરફથી શ્રીજી વિમેન્સ હોસ્પિટલને આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત વિવિધ સારવાર તેમજ સર્જરીની મંજુરી પ્રદાન થયેલ છે. જેમાં ગાયનેકને લગતા સીઝેરીયન, વેક્યુમ ડીલેવરી તેમજ ફોરસેપ ડીલેવરી વગેરે જેવી સારવાર ઉપલબ્ધ છે. જેથી આયુષ્યમાન ભારત કાર્ડ ધારકોને આ હોસ્પિટલ ખાતે ગાયનેકને લગતી વિવિધ સારવાર તદન વિના મૂલ્યે પ્રાપ્ત થશે.

થેલેસેમિયાગ્રસ્ત બાળકોના લાભાર્થે જય સરદાર સેવા સમિતિ દ્વારા કાલે મેગા બ્લડ ડોનેશન કેમ્પ

સતત સાતમા વર્ષે આયોજીત કેમ્પમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડો.ભરત બોધરા અને મેયર નયનાબેનની પ્રેરક ઉપસ્થિતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

થેલેસેમિયાગ્રસ્ત બાળકો અને અન્ય જરૂરીયાતમંદ દર્દીઓને સમયસર લોહી મળી રહે તેવા હેતુથી જય સરદાર સેવા સમિતિ છેલ્લા ૬ વર્ષથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરે છે. સતત સાતમાં વર્ષે આયોજીત રક્તદાન શિબિરમાં રક્તદાન માટે સગા-સંબંધીઓ, મિત્ર સર્કલમાં બહોળી માત્રામાં પધારવા આમંત્રણ છે. આ શિબિરનું આયોજન તા.૨૦-૧૨ને બુધવારે સવારે ૭ થી ૧ ક્લાક સુધી વિક્રાંતિ સોસાયટી કોમન પ્લોટ, હરીભાઈ વઘા માર્ગ, નવનીત હોલની સામે કરેલ છે.

સતત સાતમાં વર્ષે આયોજીત આ બ્લડ ડોનેશન કેમ્પમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ગુજરાત ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોધરા, મેયર નયનાબેન પેઢડિયા, પૂર્વ શાસક પક્ષના નેતા વિનુભાઈ ઘવા ખાસ ઉપસ્થિત રહેશે.લાઈફ બ્લડ બેંકના સહયોગથી આ રક્તદાન કેમ્પનું આયોજન થશે. આ શિબિરને સફળ બનાવવા માટે લાલજીભાઈ વસાણી, જતીનભાઈ વઘાસીયા, સચિનભાઈ બારસિયા, ભરતભાઈ ઢોલરીયા, ચતુરભાઈ વસાણી, દામજીભાઈ વઘાસીયા, જગાભાઈ બારસિયા તથા જય સરદાર સેવા સમિતિના તમામ સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

મીઠાપુર મેઈન બજારનાં પ્રમુખ પદે ભાવેશ કાનાણીની વરણી



(દિવ્યેશ જટણીયા દ્વારા)

મીઠાપુરઃ મીઠાપુર મેઈન બજાર નાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પદે રઘુવંશી સમાજ નાં પ્રતિષ્ઠિત, સેવાભાવી એવા ભાવેશ કાનાણી ની વરણી કરવામાં આવી છે. આ વરણી ને વેપારી આગેવાનો એ સહર્ષ સ્વીકારી છે.

અશ્રુભીની શ્રદ્ધાંજલિ

સ્વ.માધુભા
ડુંગરસંગ ટાપરીયા
(ગઢવી)
સ્વર્ગવાસ : તા.૧૪-૧૨-૨૦૨૩,
માગસર સુદ-૨ ને ગુરૂવાર

અમારા પૂજ્ય સસરાજી **સ્વ.માધુભા ડુંગરસંગ ગઢવી** ચાડદ્યામાં જીજ્ઞેશદાદાની ભાગવત સપ્તાહનું રસપાન કરતાં કરતાં પરિક્ષિત રાજાની જેમ વૈકુંઠધામ સિધાવ્યા છે. પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

આ અવસર નહિ આવશે... ઇશર આંખે એહ
પનરે હરિરસ પ્રાણિયા... જનમ સફળ કરજેહ...૧૭

લિ.

જશુદાન ભાઈજીભાઈ ઈસરાણી (મોટા જમાઈ)
રાજુદાન મહેશદાન ખડિયા (મોટા ભાણેજ જમાઈ)
રવિદાન નાનભા ચડિયા (નાના ભાણેજ જમાઈ)
જયદિપ જસુદાન ઇસરાણી (દોહિત્ર)

નીરુબા જશુદાન ઈસરાણી (મોટા દિકરી)
ભાવિકાબા રાજુદાન ખડિયા (દોહિત્રી)
જાનલબા રવિદાન ચડિયા (દોહીત્રી)
કિંજાબા જયદિપ ઈસરાણી (દોહિત્ર વધુ)

તથા
સમસ્ત ભાઈજીભાઈ બાપુભાઈ ઈસરાણી પરિવાર
મુ.ગામઃ મકવાણા, (હાલ સુરત)

વિજ્ઞાન ભારતી તથા ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે

ભારતીય વિજ્ઞાન સંમેલનનું આયોજન

સંમેલનનું આયોજન તા.૨૧થી ૨૪ ડિસેમ્બર સાયન્સ સીટી અમદાવાદ ખાતે કરાયું

૧૦,૦૦૦ છાત્રો સાથે વૈજ્ઞાનિકોનાં ઈન્ટરએકશનનો વિશિષ્ટ કાર્યક્રમ,સૌરાષ્ટ્રનાં ૧૦૦૦ સંશોધકો ભાગ લેશે, પ્રાચીન ભારતીય ધાતુશાસ્ત્ર, નેનો ટેકનોલોજી અને ભસ્મનો આયુર્વેદમાં ઉપયોગ વગેરે સંશોધન પત્રો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં છાત્રો રજુ કરશે

દેશનાં ટોચનાં ૧૦૦૦ વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં ૧૬ પરિસંવાદો, વિજ્ઞાન પુસ્તક મેળો, વિજ્ઞાન પ્રદર્શની અને વિજ્ઞાનનાં શાન-ગમ્મત પ્રયોગો યોજાશે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સંશોધકો અને આયોજકોને અભિનંદન પાઠવતા કુલપતિ પ્રો. નિલાંબરીબેન દવે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

વિજ્ઞાન ભારતી (વિભા) અને ગુજરાત સરકારનાં સંયુક્ત ઉપક્રમે ભારતીય વિજ્ઞાન સંમેલન (બી.વી.એસ.-૨૦૨૩) પ્રથમ વખત જ ગુજરાત રાજ્યમાં યોજાઈ રહ્યું છે. આ વિશિષ્ટ પ્રકારનાં સંમેલનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર વિસ્તારનાં ૧૦૦૦ થી પણ વધુ વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં સંશોધકો ઉપરોકત સંમેલનમાં ભાગ લેવાના છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં અભ્યાસ કરતાં છાત્રોની સાથે કોઈ પ્રકારનાં વિશિષ્ટ સંશોધનો કરનાર કોઈપણ વ્યકિત કદાચ તેઓ અભ્યાસ પણ ન કરતાં હોય તેમ છતાં તેમનાં સંશોધનને પોતાની 'માતૃભાષા'માં રજુ કરી શકે તે પ્રકારનો વિશિષ્ટ આયોજન એટલે બી.વી.એસ.૨૦૨૩. દુનિયાભરનાં દેશોમાં એકમાત્ર ભારત દેશમાં દ્ વિજ્ઞાન

ભારતીનાં માધ્યમથી દર બે વર્ષે આ પ્રકારનું સંમેલનનું આયોજન કરવામાં આવે છે અને તેમાં વિજ્ઞાન પ્રદર્શીની, વિજ્ઞાન પુસ્તક મેળો, વૈજ્ઞાનિકો સાથે આદાન-પ્રદાન, વિજ્ઞાનનાં જાદુઈ પ્રયોગો તથા જુદી-જુદી ૧૬ પ્રકારની થીમોમાં વૈજ્ઞાનિકો મારફત વ્યાખ્યાનો, સંશોધનપત્રોની રજુઆત તેમ ૧૬ પરિસંવાદો યોજાવાનાં છે જેમાં ૧૮૦૦ થી વધુ સંશોધન પત્રો થીમ કો-ઓર્ડીનેટ્સ મારફત સિલેકટ કરવામાં આવેલ છે. સમગ્ર કાર્યક્રમ વિજ્ઞાન ભારતીનાં ગુજરાત એકમનાં અધ્યક્ષ ડો. ચૈતન્યભાઈ જોષી, સચિવ જીજ્ઞેશભાઈ બોરીસાગર અને વિજ્ઞાન ભારતી પશ્ચિમ ક્ષેત્રનાં પ્રચારક શ્રી પ્રસાદજીનાં માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ પ્રો. નિલાંબરીબેન દવેનાં સફળ માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર વિસ્તારનાં મહત્તમ છાત્રો ભારતીય વિજ્ઞાન સંમેલનનો નિઃશુલ્ક લાભ લે તે માટે વિજ્ઞાન ભારતી સૌરાષ્ટ્ર એકમનાં અધ્યક્ષ પ્રો. નિકેશભાઈ શાહ, સચિવશ્રી પ્રો. પ્રદિપભાઈ જોષી, થીમ કો-ઓર્ડીનેટ્સ પ્રો. રમેશભાઈ કોઠારી, ડો. પિયુષભાઈ સોલંકી, ડો. દેવિતભાઈ ધ્રુવ, ડો. એ.ડી. જોષી અને તેની ટીમ મારફત તડામાર તૈયારીઓ કરાઈ રહી છે.

વિજ્ઞાન ભારતી (વિભા) તથા ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટ અંતર્ગત છઠ્ઠા ભારતીય વિજ્ઞાન સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. આ ચાર દિવસીય સંમેલનનું આયોજન તારીખ ૨૧ થી ૨૪, ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ સાયન્સ સીટી અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે. જેનો લાભ ૩ લાખ થી વધુ લોકો લેશે. ભારતીય વિજ્ઞાન સંમેલન એ વિજ્ઞાન ભારતીનું એક પ્રકલ્પ છે જેનો મુખ્ય હેતુ વિજ્ઞાન અને ટેક્નોલોજીને લોકો સુધી પહોંચાડવાનો છે તથા લોકો અને વૈજ્ઞાનિકો વચ્ચેનું અંતર ઓછું કરવાનો છે. વિજ્ઞાન ભારતી એ એક રાષ્ટ્રવાદી, દેશભક્તિ અને માનવતાવાદી વિજ્ઞાન ચળવળ છે જે ઈજનેરી અને ટેક્નોલોજી દ્વારા સામાજિક વિકાસ, સામાજિક

સંવાદિતાનું લક્ષ્ય ધરાવે છે. વિજ્ઞાન ભારતી ૧૯૯૧ માં શરૂ કરવામાં આવી હતી અને આજની તારીખે તેનું નેટવર્ક ભારતમાં ૨૭ પ્રાંત એકમોમાં ફેલાયેલું છે અને વિદેશમાં ૭ દેશોમાં તેની હાજરી છે.

ભારતીય વિજ્ઞાન સંમેલન ૨૦૨૩ ની ફોકલ થીમ આરત જ વિશ્વાસ ભારતીય મૂલ્યો ગૌર નવપ્રવર્તન છે સાથ' છે. ભારતીય વિજ્ઞાન સંમેલનનો ધ્યેય પરંપરાગત તથા આધુનિક વિજ્ઞાન વચ્ચે ભારતીય પ્રાદેશિક ભાષાઓમાં સંચારનું માધ્યમ પ્રદાન કરવાનો છે જેથી વિજ્ઞાન માત્ર અંગ્રેજી ભાષા સુધી સીમિતના રહે. ભારતીય વિજ્ઞાન સંમેલન ૨૦૨૩માં તજજ્ઞ વૈજ્ઞાનિકોના વ્યાખ્યાન, પેનલ ડિસ્કશન, કોઈપણ પ્રાદેશિક ભાષા અથવા અંગ્રેજી ભાષામાં સંશોધન પત્રોની મૌખિક અથવા પોસ્ટર દ્વારા રજૂઆત વગેરે સમાવિષ્ટ છે. ભારતીય વિજ્ઞાન સંમેલન માં વિજ્ઞાન અને ટેક્નોલોજીના ૧૬ જેટલા વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિજ્ઞાન સંમેલનમાં કૃષિ વિજ્ઞાન, પર્યાવરણ વિજ્ઞાન, ગ્રીન એનર્જી, ગ્રીન ફ્યુચર, ભારતીય જ્ઞાન વ્યવસ્થા, જીવવિજ્ઞાન, ભારતીય પરંપરાગત સ્વાસ્થ્ય અભ્યાસ (આયુર્વેદ, યોગ વગેરે), વાસ્તુ તેમજ સ્થાપત્ય વિજ્ઞાન, ભારતીય ગણિતશાસ્ત્ર તેમજ જ્યોતિષ વિજ્ઞાન, પબ્લિક સેફટી માટે ઈનોવેશન અને ટેક્નોલોજી, સાયન્સ હેરિટેજ ટુરીઝમ, ગ્રાસ રૂટ ઈનોવેશન, ભારતીય સંગીત અને કલાઓમાં વિજ્ઞાન, સાયન્સ તકનીકી તેમજ સમાજ, વિકસતું વિજ્ઞાન અને તકનીકી તથા ભાષા વિજ્ઞાન જેવા વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિવિધ થિમ્સમાં દેશભરના ૧૮૫૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ તથા સંશોધકો એ રજીસ્ટ્રેશન કર્યું છે. વિજ્ઞાન સંમેલનમાં વિદ્યાર્થીઓ પોતાના સંશોધન પત્રો માતૃભાષામાં રજૂ કરી શકશે તેમજ આ સંશોધન પત્રો યુ.જી.સી. એપ્રુવ્ડ જર્નલમાં પ્રકાશિત થશે. ભારતીય વિજ્ઞાન સંમેલન થકી વિદ્યાર્થીઓને દેશભરના વૈજ્ઞાનિકોને મળવાનો મોકો મળશે.

સૌરાષ્ટ્ર વિસ્તારની વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયોના છાત્રો મોટી સંખ્યામાં ભારતીય વિજ્ઞાન સંમેલનમાં ભાગ લઈ તેમના સંશોધન પત્રો રજૂ કરવાના છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિજ્ઞાન ભારતીની ઈન્સ્ટિટયૂટ સભ્ય છે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર નીલાંબરીબેન દવે નાં માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન ભારતી રાજકોટ એકમના અધ્યક્ષ પ્રો. નિકેશભાઈ શાહ, સચિવ પ્રદિપભાઈ જોષી, જુદી-જુદી થીમનાં કો-ઓર્ડિનેટર્સ ડો. દેવિતભાઈ ધ્રુવ, ડો. પિયુષભાઈ સોલંકી, ડો. અશ્વિનીબેન જોશી, પ્રો. રમેશભાઈ કોઠારી તથા યુવા સંશોધકો અને હજારથી વધારે છાત્રો ભારતીય વિજ્ઞાન સંમેલનમાં ઉપસ્થિત રહેવાનાં છે.

ભારતીય વિજ્ઞાન સંમેલન ૨૦૨૩ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવનના સંશોધકો વિવિધ વિષયો જેવા કે પ્રાચીન ભારતમાં નેનો સાયન્સ અને નેનો ટેક્નોલોજી, આયુર્વેદમાં ભસ્મનો ઉપયોગ અને ઉપયોગ તથા નેનો ટેકનોલોજી, પ્રાચીન ભારતીય ધાતુશાસ્ત્ર, પીપલ વૃક્ષનું વૈજ્ઞાનિક મહત્વ, રજત નેનોપાર્ટિકલ્સ અને તેની મેડિકલ ઉપયોગીતા, મલ્ટી ફેરોઇક્સ, નેનો કમ્પોઝાઇટ, મેટલ ઓક્સાઇડ, મેગેનાઇટ વગેરે જેવા વિષયો પર સંશોધન પત્રો ઓરલ તથા પોસ્ટર પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરવાના છે.તેમ જણાવ્યું છે.

લોયર્સ સ્પોર્ટસ ફાઉન્ડેશન સાથે જોડાયેલા સેંકડો વકીલો ભાજપ લીગલ પ્રેરીત સમરસ પેનલને સમર્થન આપવા ઉમટી પડયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

રાજકોટ બાર એશોશીએશનની આગામી ચુટણીમાં ભાજપ લીગલ સેલ પ્રેરીત સમરસ પેનલનેરાજકોટનાલોયર્સ સ્પોર્ટસ ફાઉન્ડેશન (એલ.એસ.એફ.)ના વકીલો ખુબ જ મોટી સંખ્યામાં સમરસ પેનલના મધ્યસ્થ કાર્યાલય વિરાણી હાઇસ્કુલ ખાતે પેનલના તમામ ઉમેદવારોના સમર્થનમાં મોટી સંખ્યામાં ઉમટી પડી પોતાનું ખુલ્લુ સમર્થન અને ટેકો સમરસ પેનલને જાહેર કર્યો હતો. આ લોયર્સ સ્પોર્ટસ ફાઉન્ડેશન (એલ.એસ.એફ.)ના કાર્યક્રમમાં સીનીયર વકીલ તથા લોયર્સ સ્પોર્ટસ ફાઉન્ડેશન (એલ.એસ.એફ.)ના પ્રમુખ ભગીરથસિંહ ડોડીયા તથા વોઈસ ઓફ લોયર્સના પ્રમુખ ઈન્દ્રસિંહ ઝાલા, પરેશભાઈ મારૂ, વિશાલભાઈ ગોસાઈ, હરેશભાઈ પરસોંડા, બિમલભાઈ જાની, હિરેનભાઈ ગજજર, કપિલભાઈ શુકલ તથા રાજકોટની વિવિધ ટીમો જેવી કે, ટીમ ઈન્ડીયા, રેવન્યુ-૧૧, ફ્રેન્ડઝ એન્ડ બુલ્સ-૧૧, યંગસ્ટાર-૧૧, ચેલેન્જર-૧૧, એમ્એ.સી.પી.-૧૧, કેપ્ટન -૧૧, ક્રિમીનલ બાર-૧૧, કોર્ટ સ્ટાફ-૧૧ ના સદસ્યો જેમાં જે. બી. શાહ, અજયભાઈ ચાંપાનેરી, અમિત વ્યાસ, જીજ્ઞેશ સખીયા, વિદિત ડોબરીયા, આનંદ સોની, ધવલ તન્ના, પ્રિયાંક ભટ્ટ, સંદિપ વેકરીયા, રવિ વાઘેલા, મયુર કાપડીયા, મક્સુદ પરમાર, પરેશભાઈ ત્રિવેદી, દિલીપસિંહ રાઠોડ, દિપક સીપરીયા, નિર્મલસિંહ હેરમા, રાજેશ ડાંગર, પ્રશાંત લાઠીગ્રા, જય રંગાણી, કેતન જેઠવા, દિપેશ અંધારીયા, સંદિપ જોશી, કે. સી. ભટ્ટ, અશ્વિન રામાવત, સાગર રાઠોડ, હિરેન લીંબડ સહિતના યુવા અને રમતવીર મિત્રો જોડાયા હતા અને આ તકે તા.૨૨ ના રોજ મતદાનના દિવસે આ તમામ મિત્રો સમરસ પેનલ તરફી ભારે મતદાન કરાવશે તેવો રણટંકાર કર્યો હતો.

રાજકોટના સાધુ સમાજના વકીલોનું ભાજપ લીગલ સેલ પ્રેરીત સમરસ પેનલને તન-મન-ધનથી સમર્થન

આગામી તા.૨૨ ના રોજ યોજાનાર રાજકોટના વકીલોની માતૃસંસ્થાન રાજકોટ બાર એશોશીએશનની ચુંટણીમાં ભાજપ લીગલ સેલ પ્રેરીત સમરસ પેનલનેસમાજના દરેક જ્ઞાતિ, વર્ગો દ્વારા બહોળું સમર્થન મળી રહ્યું છે જેના સંદર્ભે તા.૧૮ ના રોજ વિરાણી હાઇસ્કુલ, મધ્યસ્થ ખંડ ખાતે રાજકોટના સાધુ સમાજના વકીલોનું એક સ્નેહમિલન યોજાયું હતું. આ સ્નેહ મિલનમાં ઉપસ્થિત જ્ઞાતિના તમામ સીનીયર, જુનીયર એડવોકેટઓએ સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહી સમરસ પેનલની તરફેણમાં મતદાન કરવા અને કરાવવા માટે કમર કસી છે જે જહેમત લીધેલી છે તે તા.૨૨ ના રોજ મતદાનના દિવસે અવશ્ય રંગ લાવશે તેવો આશાવાદ સમાજના આગેવાન વકીલઓએ વ્યકત કર્યો હતો. આ રાજકોટ સાધુ સમાજ વકીલ સ્નેહમિલનના કાર્યક્રમમાં સીનીયર વકીલ તથા રાજકોટ બાર એસોસીએશનના પૂર્વ પ્રમુખ તુલસીદાસભાઈ ગોંડલીયા, દિવ્યકાંતભાઈ બી. હાપડી, વિશાલભાઈ ગોસાઈ, દિપેન હાપાણી, સરજુદાસ દુધરેજીયા, રાજેશભાઈ હાપડી, એસ. કે. ગોસ્વામી, એચ. આર. ગોસ્વામી, અશ્વિનભાઈ રામાવત, અશ્વિનભાઈ ગોસાઈ તેમજ લીગલ સેલ ફોટોગ્રાફી જસ્મીન કે.ગઢીયા સહિતના વકીલઓ હાજર રહયા હતાં.

ક્રિમીનલ બાર, એમ્એ.સી.પી. બાર તથા રેવન્યુ પ્રેકટીશ કરતા બાલાજી હોલ સહિતના વિસ્તારના વકીલોનો સમરસ પેનલ તરફી ઝુકાવ

રાજકોટ બાર એસો. દ્વારા આગામી તા.૨૨ ના રોજ યોજાઈ રહેલ ચુટણીમાં ભાજપ લીગલ સેલ પ્રેરીત સમરસ પેનલનેરોજબરોજ ચોમેરથી આવકાર મળી રહ્યો છે. ગત તા.૧૮ ના રોજ સમરસ પેનલના સમર્થનમાં રાજકોટના ક્રિમીનલ બાર સાથે જોડાયેલા એન. ડી. ચાવડા, તુષાર બસલાણી સહિતના તમામ હોદ્દેદારો, એમ્એ.સી.પી. બારના અજયભાઈ જોશી સહિતના અન્ય મિત્રો દ્વારા સમરસ પેનલને ખુલ્લો ટેકો જાહેરકરવામાં આવ્યો હતો. સમરસ પેનલના તમામ ઉમેદવારો દ્વારા રાજકોટના વકીલ આલમમાં ડોર-ટુ-ડોર વ્યાપક પ્રચાર પોતાની ચરમસીમા પર ચાલી રહ્યો છે. ગત તા.૧૮ ના રોજ રાજકોટના ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે આવેલ બાલાજી હોલ તથા તેની આસપાસના વિસ્તારના વકીલો કે જેઓ ખાસ કરીને રેવન્યુ સાઈડ બહોળી પ્રેકટીસ ધરાવે છે તે વિસ્તારમાં ડોર-ટુ-ડોર સંપર્ક કરી પ્રચાર કરવામાં આવ્યો હતો. આ તકે રેવન્યુ પ્રેકટીશ્નરના ગૌરવવંતુ નામ અને ગુજરાત ભાજપ લીગલ સેલના કાર્યકારી સભ્ય એવા કિશોરભાઈ સખીયા સહિતના આ વિસ્તારના નામાંકિત એડવોકેટઓ આ પ્રચારમાં સાથે જોડાયા હતા. ઉમેદવારો, ટેકેદારો અને આ વિસ્તારના વકીલઓ સહિત ૫૦ થી પણ વધુ લોકોએ આ વિસ્તારની તમામ ઓફીસોમાં વ્યાપક પ્રચાર કરી હરીફોના પેટમાં ફાળ પાડી દીધી છે. આ વિસ્તારમાં જયાં પણ સમરસ પેનલ અને તેના તમામ ઉમેદવારો પ્રચારમાં ગયા ત્યાં તમામ જગ્યાએ તેઓનું અધકેરૂ સ્વાગત કરવામાં આવ્યું હતું. સમરસ પેનલને ચુંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ દરેક જ્ઞાતિ, સમાજ તેમજ વર્ગોનો બહોળો ટેકો મળી રહ્યો છે. સમરસ પેનલના સમર્થનમાં ખુબ મોટી સંખ્યામાં વકીલો કાર્યાલય ખાતે પણ શુભેચ્છા મુલાકાત લઈ રહ્યા છે. એ જોતાં ભાજપ પ્રેરીત સમરસ પેનલની તરફેણમાં બરાબરનો માહોલ જામતો જાય છે અને સમરસ પેનલ કલીન સ્વીપ કરી જંગી બહુમતિથી વિજય ભણી જઈ રહી હોય તેવા એંધાણ વર્તાય રહ્યા છે.

લેઉવા પટેલ ઉત્કર્ષ ગ્રુપ દ્વારા મેગા જોબ ફેર આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

શ્રી લેઉવા પટેલ ઉત્કર્ષ ગ્રુપ દ્વારા આયોજિત આગામી દિવસોમાં એક મેગા જોબ ફેર આયોજન કરેલ છે તો દરેક સમાજના લોકો આ મેગા જોબ ફેર નો લાભ લઈ ઉજવળ કારકિર્દી બનાવી શકે છે લેઉવા પટેલ દ્વારા અગાઉ ૨૦૨૦ માં પણ એક જોબ ટ્રેનિંગ આયોજન કરેલું હતું જેમની અંદર ૮૦૦ કરતા વધારે લોકો ભાગ લઈ ને એમનું સારું ફ્યુચરનું મા જોબ પણ કરી રહ્યા છે એવી જ એક ભવ્ય બિઝનેસમેનો માટેનું સેમિનાર ૨૦૧૯ કર્યો હતો એમની અંદર ૧૦૦૦૦ કરતા વધારે લોકો જોડાઈ અને તેમના બિઝનેસને નવી ઊંચાઈ પર લઈ ગયા છે. જો કોઈપણ બિઝનેસમેનને સ્ટાફ માટેની રિકવાયરમેન્ટ હોય તો શ્રી લેઉવા પટેલ ઉત્કર્ષ ગ્રુપનું કોન્ટેક કરી શકે છે. ૮૫૧૧૧૧૧૫૭૬૨ જે પણ

સૌરાષ્ટ્ર ક્રાંતીની મુલાકાતે આવેલા જયસુખભાઈ રામાણી, લલીતભાઈ સતાની, સતિષભાઈ લીંબાસીયા, ઉમેશભાઈ ઝાલાવડીયા, વિરલભાઈ કાછડીયા, જયદીપભાઈ દુંમર તસવીરમાં નજરે પડે છે.

લોકો જોબ ને માટે રિકવાયરમેન્ટ છે તે શ્રી લેઉવા પટેલ ગ્રુપ ના મોબાઈલ નંબર પર વોટ્સએપ પર **Hi** નો મેસેજ મોકલવો રહેશે ૭૦૬૯૨૬૭૫૭૫ જે રિટર્નમાં તમને લિંક મળશે લિંકની અંદર તમારી જોબની ડિટેલ ૨૧-૨૧ સુધીમાં સબમિટ કરવાની રહેશે. ત્યારબાદ આવેલ કેન્ડીડેટને જેતે કંપનીમાં વેકેન્સી મુજબ ડાયરેકટ કંપનીમાં કોન્ટેકટ કરાવી આપવામાં આવશે તેમ જણાવ્યું છે.

જાહેરમાં ગંદકી ફેલાવતા અને કચરો ફેંકતા કુલ ૧૮ લોકો સામે દંડની કાર્યવાહી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ જે અંતર્ગત શહેરને પ્લાસ્ટીક મુકત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે આજે મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારામધ્ય ઝોન,પશ્ચિમ ઝોનના વોર્ડ,પુર્વ ઝોનના વોર્ડ માં ઝુંબેશના રૂપમાં સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં ત્રણેય ઝોનમાં જાહેરમાં ગંદકી ફેલાવતા અને કચરો ફેંકતા કુલ ૧૮ નાગરિકો સામે દંડની કાર્યવાહી કરવામાં આવેલ અને ૨.૭ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જમ કરવામાં આવેલ.

જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા ઈ-ચલણ દ્વારા દંડ કરાયો



રાજકોટઃન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકો ને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓ ને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનાર ને સીસીટીવી કેમેરા ના માધ્યમ દ્વારા ઝડપી લઇ દંડ વસુલાત ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત તા.૧૮-૧૨ના રોજ ૦૭ વ્યકિતઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓ ને ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવેલ છે. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૧૭૭૭ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૪૭૮ સફાઈ કામદારો ની સફાઈ કામગીરી નું નિરીક્ષણ કરવામાં આવેલ છે, જે દરમ્યાન તા.૧૮-૧૨ના રોજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની સફાઈ બાબત ની ૨૪ ફરિયાદો સીસીટીવી કન્ટ્રોલ રૂમ દ્વારા ફરિયાદી બની કરવામાં આવેલ હતી. આ ફરિયાદો નું ફોલોઅપ જે તે વિસ્તારના સેનીટરી ઇન્સ્પેકટર પાસે થી મેળવી ૨૪ કલાક માં ફરિયાદનુ નિવારણ કરવામાં આવેલ છે.

શહેરના વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૩.૭ ટન કચરાનો નિકાલ



રાજકોટઃમહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી ૩.૭ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.પશ્ચિમ ઝોન વિસ્તારનાં વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૦૨ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ, તેમજ પૂર્વ ઝોન વિસ્તારના વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૧.૭ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

શહેરના ૧૦૪ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કરી ૨૧.૬૫ ટન કચરાનો નિકાલ

રાજકોટઃમહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ત્રણેય ઝોનના ૧૦૪ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કામગીરી કરી ૨૧.૬૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.ન્યુસન્સ પોઈન્ટ સહીત શહેરના તમામ મુખ્ય માર્ગો પર સઘન સફાઈ કામગીરી કરવામાં આવે છે અને દરેક મુખ્ય માર્ગ પર નિમણુંક કરેલ પ્રભારી ઓફિસર દ્વારા સફાઇ કામગીરીનું સુપરવીઝન કરવામાં આવે છે.

સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા પરિવાર આયોજીત

૨૭મો નવચંડી યજ્ઞ તથા વાર્ષિક સ્નેહ સંમેલન

વડોદરાના રણું ગામે કુળદેવીમાં શ્રી તુલજા મંદિરે સવારે ૭:૩૦ કલાકે નવચંડી યજ્ઞ શરૂ થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૧૯

સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા પરિવાર આયોજિત ૨૭મો નવચંડી યજ્ઞ તથા વાર્ષિક સ્નેહ સંમેલન તા.૨૪-૧૨ને પાંદરા તાલુકાના રણુગામ ખાતે રાખેલ છે.

મંગલ મહોત્સવની રૂપરેખા સવારે ૬ કલાકે મંગલા આરતી, સવારે ૭:૩૦ કલાકે નવચંડી યજ્ઞ પ્રારંભ થશે. સવારે ૮:૩૦ કલાકે પાટડિયા પરિવાર તરફથી ધજા આરોહણ, સવારે ૧૦:૩૦ કલાકે દીપ પ્રાગટય તથા સ્તુતિ વંદના, સવારે ૧૦:૩૫ કલાકે ગરબા તથા શિવતાંડવ, સવારે ૧૧:૩૦ કલાકે મહંતશ્રીનું આશીર્વચન, બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદ, ભોજન સમારંભ, બપોરે ૧:૩૦ કલાકે શ્રીફળ હોમવાનો સમય તથા આરતી. ૨૭મો નવચંડી યજ્ઞ તથા વાર્ષિક સ્નેહ સંમેલન પ્રસંગો શ્રીતુલજી માતાજી મંદિરના પ્રાતઃસ્મીણય પરામપૂજ્ય મહંતશ્રી કવિન્દ્રરગિરિજી સમગ્ર પરિવારને આશીર્વાદ આપશે. નવચંડી યજ્ઞના પાટલાના મુખ્ય યજમાન પરિવાર ધીરૂભાઈ રમણલાલ પાટડીયા, નિમેશભાઈ ધીરૂભાઈ પાટડીયા, ગોપાલભાઈ રમણલાલ પાટડીયા (સુરત), અશ્વીનભાઈ રમણલાલ પાટડીયા (સુરત), ભરતભાઈ રમણલાલ પાટડીયા(સુરત), મયૂરભાઈ ગુણવંતભાઈ પાટડીયા (સુરત), હાર્દિકકુમાર દિલીપભાઈ સોની (વડોદરા), સુરેશભાઈ શાંતિલાલ પાટડીયા (મોરબી), દિવ્યેશભાઈ બલવીરકુમાર પાટડીયા (મોરબી), દિલીપભાઈ પરસોતમભાઈ સોની (અમદાવાદ), પ્રકાશકુમાર ગીરધરલાલ ચોકસી (અમદાવાદ), દેવેન્દ્રભાઈ મોહનલાલ પાટડીયા (વડોદરા).

સાંસ્કૃતિક વિકાસ વિભાગના કર્મચારી મુકેશભાઈ વાણીયાના ભત્રીજા જતીન વાણીયાનો આજે જન્મદિવસ

રાજકોટઃ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની સાંસ્કૃતિક વિકાસ વિભાગમાં વર્ગ-૪ના કર્મચારી મુકેશભાઈ વાણીયાના ભત્રીજાનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૧૨ વર્ષ પૂર્ણ કરી ૧૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓના જન્મદિન નિમિતે દાદી અમરથબેન, પિતા કલ્પેશભાઈ માતા નયનાબેન કાકા મનહરભાઈ તેમજ વાણીયા પરિવાર અને મિત્રો દ્વારા જન્મદિન શુભેચ્છાઓ ૯૯૭૯૯ ૯૯૦૪૩ પર મળી રહી છે.

અવસાન નોંધ

રાજકોટઃ ઔદિચ્ય ઘેલારામજી બ્રાહ્મણ ઈશ્વરીયા નિવાસી હાલ રાજકોટ સ્વ.જમનાદાસ ગંગારામ જાનીનાં પુત્ર નટવરલાલ જમનાદાસ જાની (ઉ.વ.૭૩) તે ગં.સ્વ. મંજુલાબેનનાં પતિ, હાર્દિકભાઈ, સ્વ.હિનાબેન, માલતીબેન, કિરણબેન, તૃપ્તિબેન, હેતલબેનનાં પિતા તથા સ્વ.પ્રભાશંકરભાઈ, સ્વ.ભાનુભાઈ, સ્વ.લાભશંકરભાઈ, વિનોદભાઈ, સ્વ.અરવિંદભાઈ જાનીનાંભાઇ તથા ઘનશ્યામભાઈ, કિશોરભાઈ જાનીના કાકા તથા રામ, શ્યામનાં મોટાબાપુજીનું તા.૧૮-૧૨નાં રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૧-૧૨ ગુરૂવારનાં રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન ઔદિચ્ય બ્રાહ્મણ બોર્ડીંગ અને વાડી, જયંત કે.જી. સોસાયટી મેઈન રોડ, મવડી પ્લોટ, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

મંત્રી હર્ષ સંઘવીએ રાજયવ્યાપી સૂર્ય નમસ્કાર સ્પર્ધા ૨૦૨૩-૨૪નો આરંભ કરાવ્યો

આજે રાજયવ્યાપી સ્પર્ધામાં ૧૩,૭૪૮ ગામડાઓ, નગરપાલિકાના ૧,૧૧૩ વોર્ડ અને મહાનગરપાલિકાના ૧૭૦ વોર્ડના કુલ ૮,૫૩,૩૮૫ સ્પર્ધકો જોડાયા

અમદાવાદ,તા.૧૯

અમદાવાદના સંસ્કારધામ પરિસરમાં રાજ્યવ્યાપી સૂર્યનમસ્કાર સ્પર્ધાનો પ્રારંભ કરાવતા હર્ષ સંઘવીએ આ સ્પર્ધાને ઐતિહાસિક ગણાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, દેશ અને દુનિયામાં પહેલીવાર કોઈ રાજ્યમાં આટલા મોટાપાયે સૂર્યનમસ્કાર સ્પર્ધા યોજાઈ રહી છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં શિક્ષણ ક્ષેત્રે અભ્યાસની સાથે યોગને મહત્વ આપવામાં આવી રહ્યું છે. આઝાદીના અમૃતકાળ અને નવી શિક્ષણ નીતિ અનુસાર અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને તેમણે ભાગ્યશાળી ગણાવ્યા હતા.

હર્ષ સંઘવીએ કહ્યું કે, આજના દિવસે ગુજરાતના ૧૩,૭૪૮ ગામડાઓ, નગરપાલિકાના ૧,૧૧૩ વોર્ડ અને મહાનગરપાલિકાના ૧૭૦ વોર્ડના કુલ ૮,૫૩,૩૮૫ સ્પર્ધકો સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. ગ્રામ્ય કક્ષાએ વિજેતા સ્પર્ધકો તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. અને તાલુકા કક્ષાના વિજેતા સ્પર્ધકો જિલ્લા કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેશે. જ્યારે જિલ્લા કક્ષાએથી રાજ્યકક્ષાએ વિજેતા થનાર સ્પર્ધકને ૨૦૨૪ના નવા વર્ષના પ્રથમ દિવસના પહેલા સૂર્ય કિરણના સમયે મોઢેરાના સૂર્યમંદિર ખાતે સૂર્ય નમસ્કાર કરવાનો અવસર પ્રાપ્ત થશે. એમ તેમણે ઉમેર્યું હતું.

સ્પર્ધા દરમિયાન ૧૫ લાખથી વધુ લોકોની સામેલગીરીને ઐતિહાસિક ગણાવી મંત્રીએ જણાવ્યું કે, યોગની આપણી સંસ્કૃતિને દુનિયાના અનેક દેશોએ સ્વીકારી છે. ત્યારે બાળપણથી જ વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય જાળવણી પ્રત્યે જાગૃતતા વધે તથા તમામ નાગરિકોની તંદુરસ્તી માટે જરૂરી એવા યોગઅભ્યાસના પ્રચાર-પ્રસાર અર્થે સરકાર સતત પ્રયત્નશીલ છે. એમ તેમણે ઉમેર્યું હતું.

આજના અવસરે યોગબોર્ડના ચેરમેન શીશપાલજીએ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે દૈનિક ધોરણે યોગ કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, સૂર્યનમસ્કાર સ્પર્ધામાં ૧૫ લાખથી વધુ સ્પર્ધકો જોડાયા છે. જે આનંદની વાત છે. આ સ્પર્ધા તેમના વ્યક્તિત્વ વિકાસમાં મહત્વનું પગલું સાબિત થશે. યોગ અભ્યાસથી સ્વસ્થ રહેનાર વ્યક્તિ રાષ્ટ્રના વિકાસમાં પણ ઉત્તમ યોગદાન આપી શકે છે. એમ તેમણે જણાવ્યું હતું.

આજના કાર્યક્રમમાં સાણંદના ધારાસભ્ય કનુભાઈ પટેલ, સંસ્કારધામના કેમ્પસ ડિરેકટર મનીષભાઈ ઝાલા, યોગબોર્ડના સભ્યો ઉપરાંત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.

Animal એટલે...?

જાનવર નહીં પણ જંગલી પણું

ના, ના, ડરો નહીં, એનીમલ મૂવી નો આ રિવ્યૂ નથી, મારી એટલી હિંમત જ નહીં કે એ મૂવી જોઉં અને એનો રિવ્યૂ લખી શકું.

અત્યારે એનીમલ શબ્દ લોકોની જીભ પર છે. ઘણાં એનો ભાવાનુવાદ જાન + વર પણ કરે છે અને એટલે જ હું પણ આપણી આજુબાજુ દેખાતું એનીમલ - જંગલી પણું તમારી સમક્ષ લાવવાની ઈચ્છા રોકી ના શકી.

હમણાં અમારે ઘરે મારી દિકરીનો કલીગ બે દિવસથી જમવા આવે છે, એનું આખું ફેમિલી ઉતરપ્રદેશના એક ગામ ગયું છે, એની માસીના મરણ પર..

તમને જાણીને નવાઈ લાગશે કે એ સ્ત્રી ફક્ત પાંત્રીસ વર્ષની ઉંમરે પાંચ બાળકોને જન્મ આપીને કોઈ સ્ત્રી રોગથી પીડિત થઈ ને મૃત્યુ પામી. એનું સૌથી નાનું બાળક છ વર્ષનું છે મતલબ એ એણે એને ૨૯ વર્ષની ઉંમરે જન્મ દીધો હશે અને એ પહેલાં ચાર બાળકો બીજા, એને શું રોગ થયો એ જાણવાની ખાસ દરકાર કરાઈ નહીં, કંઈક થયું છે એવું માનીને જ દવા કરાઈ જે લાગુ ના પડી અને આખરે એ કમનસીબ સ્ત્રી મૃત્યુ પામી.

(મમતા પટેલ - મુંબઈ)

બાળક વગર સ્ત્રી અધૂરી છે એવું માનતો સમાજ આ પાંચ બાળકની ભેટ સૃષ્ટિ ને આપીને પોતાની સંપૂર્ણતા સાબિત કરનાર સ્ત્રી માટે શું કહેશે? એનાં પતિ વિષે શું કહેશે? સ્ત્રીને પોતાની ઈચ્છાઓ પૂરી કરવાનું સાધન અને બાળકો પેદા કરવાનું મશીન સમજતાં પુરુષો માટે શું કહેશે? શું આ જંગલી પણું નથી?

હમણાં મુંબઈમાં બનેલા કેસની વાત કરું, એક યુવાને પોતાની જ ગર્લ ફ્રેન્ડ પર પોતાની જ ગાડી ચડાવીને એને જખ્મી કરી. કારણ પુછતાં એણે જણાવ્યું કે પેલી યુવતી એને મળવા માટે સતત ફોર્સ કરતી હતી પણ જ્યારે પેલી જખ્મી યુવતી સ્વસ્થ થઈ અને એનું બયાન લેવામાં આવ્યું તો જાણવાં મળ્યું કે પેલો યુવાન લગ્ન પહેલા જ શારિરીક સંબંધ બાંધવા ઈચ્છતો હતો અને જો એ માટે પેલી યુવતી તૈયાર ના હોય તો મળવાનું ટાળતો હતો.

પેલી યુવતી પેલા યુવાનને મળીને વાત કરવા માંગતી હતી અને બદલામાં એને જખ્મી કરવામાં આવી, શું આ જંગલી પણું નથી?

લગ્ન અને પ્રેમને નામે યુવતીઓને છેતરીને અથવા લગ્ન કરીને , એની હત્યા કરીને ટૂકડા કરીને અહીં તહીં નાખી દેવા જાણે સાવ સામાન્ય વાત થવા લાગી છે. આપણે કઈ દિશામાં જઈ રહ્યા છીએ એ વિચારવું રહ્યું અને હા, એ માનવું નકામું જ છે કે આવું આપણી સાથે નથી થયું તો કેમ વિચારવું? આવી જંગલીયત ક્યારે આપણને ઝપટમાં લઈ લે એ આપણને ખબર પણ નહીં પડે.

હમણાં ચાર પાંચ દિવસ પહેલા એક સારા ઘરની છોકરી એક વયોવૃદ્ધ વ્યક્તિ ને રોડ વચ્ચે ગાળો આપીને અપમાનિત કરી રહી હતી, જાણવા મળ્યું કે એ યુવતી કાર ચલાવી રહી હતી અને પેલી વયોવૃદ્ધ વ્યક્તિ ધીરે ધીરે રોડ ક્રોસ કરી રહી હતી તેથી પેલી યુવતીનું દિમાગ છટક્યું અને એણે ગાળાગાળી કરી મૂકી.

મેં અનેક લોકોને એવું કહેતાં સાંભળ્યા છે કે ડ્રાઈવ કરતી વખતે તો મ્હોંમાંથી ગાળો નીકળે જ નીકળે, કેમ નીકળે? વાહનનો માલિક શું એમ સમજવા લાગે છે કે એણે રોડ પણ ખરીદી લીધો છે એટલે? કે પછી રોડ પર ચાલવાવાળાને અક્કલ નથી હોતી એવું એ માનતો હશે? ચલો, માન્યું કે અક્કલ નથી પણ તોયે તમે એને ગાળ દઈને અપમાનિત ના કરી શકો ખાસ કરીને ત્યારે જ્યારે એ વ્યક્તિ વૃધ્ધ હોય.

આ તો થઈ વાત રસ્તા પર કોઈ અજાણી વ્યક્તિ દ્વારા થતું વૃધ્ધ નું અપમાન પણ આજકાલ તો વૃધ્ધો ને ઘરમાં, પોતાના જ લોકો દ્વારા અપમાનિત થતાં આપણે જોતાં હોઈએ છીએ, એમનું એટલું **diplomatically** શોષણ થતું હોય છે કે એક નજરે સમજ માં જ ના આવે કે એમનું ધ્યાન રખાય છે કે એમને હેરાન કરાય છે?

વડિલોને માન આપવાનું માનતો આપણો દેશ, આપણો સમાજ શા માટે વૃદ્ધોના આ રીતે થતાં અપમાનને / શોષણને ગંભીરતાથી નથી લેતો?

કન્યા પૂજન થી લઈને માતૃત્વને પુજતો આપણો દેશ , આપણો સમાજ સ્ત્રીના દરેક રૂપને શા માટે ફક્ત પીડા આપે છે? શા માટે એક કન્યાને, એટ યુવતી ને, એક પત્નીને, એક માને એનાં ભાગનું, એનાં હક્કનું માન, ધ્યાન નથી મળતું?

સમાજની દસ વીસ ટકા સુખી સ્ત્રીઓને બતાવીને એમ સાબિત કરી દેવામાં આવે છે કે હવે જમાનો બદલાઈ ગયો છે. સ્ત્રીઓ હવે સો ટકા સુખી થઈ ગઈ છે અને સ્ત્રી માટે અવાજ ઉઠાવનારાને ફેમિનિઝમનું લેબલ લગાવી ને વગોવી કાઢવામાં આવે છે. આંખો ખોલીને જોશો તો દેખાશે / સમજાશે કે આપણી આજુબાજુ જ એવી કેટલીયે સ્ત્રીઓ જોવા મળશે જે કોઈ ને કોઈ રીતે , કોઈ ને કોઈ સંબંધથી પીડાતી હશે.

સ્ત્રી, વૃધ્ધ એ સમાજનાં અભિન્ન અંગ છે. એમની સાથે થતું જંગલી પણું કોઈ રીતે ચલાવી શકાય નહીં.

આ ઉપરાંત ભણતર આને શિસ્ત ને બહાને શાળા - ટ્યૂશનમાં થતું બાળકોનું શોષણ, કોઈ પ્રાઈવેટ કંપનીઓમાં નોકરી ગુમ:વવાના ડરથી થતું કર્મચારીઓનું શોષણ પણ એક પ્રકારનું જંગલી પણું જ છે. 'એનીમલ' આપણી આજુબાજુ જ છે, થિયેટરમાં પૈસા ખર્ચીને જોવાં જવાની જરૂર ખરી?

આત્મમંથન કરતાં રહેવું.

સી.જે.ગ્રૃપ રાજકોટ દ્વારા ૭ વિભુતીઓનું સન્માન કરાયું

પંચશીલ બ્રહ્માકુમારી સેન્ટર ખાતે સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર કાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

સી.જે.ગ્રૃપ રાજકોટ દ્વારા રાજકોટ શહેર ના ગૌરવ સમાન એવા (૭) વિભુતી ઓન ું સન્માન પંચશીલ બ્રહ્માકુમારી સેન્ટર રાજકોટ. ખાતે યોજાયેલ. ગુજરાત ઝોન ડાયરેકટર રાજયોગીની ભારતીદીદી તેમજ અંજુદીદી ના હસ્તે સન્માન કરવામાં આવેલ. સન્માન માં સેવાના ભેખધારી રાજેન્દ્રભાઈ રોઘેલીયા(સમાજ સેવક), શૈલેષભાઈ પંડયા(શ્રી યુનિક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ), રામભાઈ બાંભવા(ગોલ્ડમેડલ પાવર લીફ્ટિંગ સ્પોર્ટસ), પ્રભાબેન શિયાળ(ગોલ્ડ મેડલ પાવરલીફ્ટિંગ સ્પોર્ટસ), અંધજન કલ્યાણ મંડળ રાજકોટ. (પોમલભાઈ), જી.જે.વાછાણી (ચેતનભાઈ) (સમાજ સેવક) ને જયશ્રીબેન.જે.પારેખ (જયદીપભાઈ) (સમાજ સેવીકા) નું સન્માન કરવામાં આવેલ.ભારતીદીદી તેમજ અંજુદીદી આર્શીવચન આપેલ. કાર્યક્રમનું સંચાલન કિંજલદીદી એ કરેલ. આ કાર્યક્રમ સી.જે. ગ્રુપ રાજકોટ ના ચિરાગભાઈ ધામેચા (જલારામ) ના માર્ગદર્શન નીચે યોજાયેલ. સી.જે.ગ્રુપ રાજકોટ ની અન્ય સેવાકીય કાર્ય જાણવા સંપર્ક કરો.૯૪૨૮૨૩૧૨૭૧ તેમ જણાવ્યું છે.

સંસદસભ્ય રામભાઈ મોકરીયા દ્વારા

પાર્લામેન્ટમાં સહકાર ક્ષેત્રને સંબંધિત પ્રશ્નો પૂછયા

સહકાર મંત્રીએ જવાબો આપી સ્પષ્ટીકરણ કરાયું

(સૌરાષ્ટ્ર કાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

સંસદસભ્ય રામભાઈ મોકરીયા દ્વારા પાર્લામેન્ટમાં સહકાર ક્ષેત્રને સંબંધિત નીચે પ્રમાણે પ્રશ્નો પૂછવામાં આવેલ હતા,

(૧) ડેરી સહકાર યોજનાનો ઉદેશ્ય શું છે ?

(૨)આ યોજના દ્વારા ડેરી સહકારી મંડળીઓને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે?

(૩) આ યોજના હેઠળ ગુજરાતમાં કુલ કેટલી ડેરી સહકારી સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે?

ઉપરોક્ત પ્રશ્નોના જવાબ કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહ દ્વારા નીચે પ્રમાણે જવાબ આપવામાં આવેલ છે.

(૧) ડેરી સહકાર એ રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (**NCDC**) ની સહકારી ડેરી ક્ષેત્રની યોજના છે .જે ભારત સરકારના સહકાર મંત્રાલય હેઠળનું વૈધાનીક નિગમ છે.

(૨)ડેરી સહકારીનો ઉદેશ (**ESG**) પર્યાવરણ ,સામાજિક અને શાશન સાથે જોડાયેલી પ્રવૃત્તિઓમાં ઉચ્ચ પરિણામો હાંસલ કરવા માટે ડેરી સહકારી સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા નાણાકીય સહાય પૂરી પાડીને સહકારથી સમૃધ્ધિ તરફ વિઝનને સાકાર કરવાનો છે,તેમાં ડેરી સહકારી મંડળીઓ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે અને તેમના હાલના પ્રોજેક્ટસનાં વિસ્તરણ માટે નાણકીય સહાય,સરકારી યોજનાઓ સાથે જોડાણનો સમાવેશ થાય છે.

ડેરી સહકાર હેઠળ **NCDC** દ્વારા ખેડૂતોની આવક બમણી કરવા અને આત્મનિર્ભર ભારત ના એકંદર ઉદેશ્યોની અંદર લાયક સહકારી સંસ્થાઓને નાણાકીય સહાય આપવામાં આવે છે, **NCDC** એ આ યોજના હેઠળ સહકારી સંસ્થાઓને ૪૪.૫૭ કરોડની નાણાકીય સહાય પૂરી પાડી છે .

નાયબ દંડક કૌશિક વેકરિયા સહિતનાં પદાધિકારીઓ દ્વારા

અમરેલી જિલ્લાની પોલીસની વર્ષ ૨૦૨૨ ની કામગીરી અંગેના પુસ્તકનું વિમોચન કરાયું

(ભિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૧૯

પોલીસ અધિક્ષકની કચેરી ખાતે અમરેલી જિલ્લા પોલીસની વર્ષ ૨૦૨૨ની કામગીરી અંગેનું ''સેવા, સુરક્ષા અને શાંતિની યથાર્થ પરિભાષા અમરેલી પોલીસ - ૨૦૨૨'' નામના એક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.

આ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાવરકુંડલા - લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, લાઠી - બાબરાના ધારાસભ્ય જનકભાઇ તળાવીયા, જીલ્લા પંચાયતના પ્રમુખ સુતરીયા તથા જિલ્લાના પોલીસ અધિકારી હાજર રહ્યા હતા.

આ પુસ્તક વિમોચન પ્રસંગે અમરેલી જિલ્લાના પોલીસ વડા હિમકરસિંહ દ્વારા જણાવ્યું હતું કે આ પુસ્તકમાં જિલ્લાની પોલીસ દ્વારા વર્ષ - ૨૦૨૨ દરમ્યાન કરવામાં આવેલ ગંભીર ગુનાની ડિટેકશનની વિગતો,અપરાધીઓની મોડસ ઓપરેન્ડી અને પોલીસ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો સમાવેશ કરવામાં આવ્યોછે.

આ ઉપરાંત પોલીસ વિભાગને લગતી વિવિધ કામગીરીઓ જેવી કે પોલીસ વેલ્ફેરને લગત કામગીરી, ચૂંટણી દરમિયાન કરવામાં આવતી કામગીરી, સીસીટીવી કેમેરા દ્વારા કરવામાં આવતી ડિટેકશનની કામગીરી, સરકારના મહત્વકાંક્ષી પ્રોજેકટ ઈ ગુજકોપ અંતર્ગતની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.આ ઉપરાંત અમરેલી પોલીસ વર્ષ ૨૦૨૨ - ૨૩ની જેમ આવનારા સમયમાં પણ જિલ્લાના નાગરિકોની સુરક્ષા કરવા માટે કટિબદ્ધ રહેશે. તેમ અંતમાં જણાવ્યું હતું.

ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર કાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૨૦/૧૨ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે પાયોનીયર સિંગર્સ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા.૨૨/૧૨ શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ તા.૨૩/૧૨ શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે સુરીલી સામ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા. ૨૪/૧૨ રવિવાર નાં રોજ દિલ સુંદર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, ચંદ્રેશભાઈ ત્રાટીયા, જ્યોતિબેન ચુમ, મુકેશભાઈ માહી અને દિલીપભાઈ સોની જહેમત ઉઠાવી રહ્યા છે.

શિવપાર્ક સોસાયટી તથા શ્રીરંગ સોસાયટીમાં રહેતા લોકો ગંધાતા પાણીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા

(ભિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૧૯

એક તરફ સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવે છે વડાપ્રધાન મોદી સ્વચ્છતા અભિયાન પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરે છે. તો બીજી તરફ અમરેલી જિલ્લામાં રોગચાળાએ માથું ઊંચક્યું છે ત્યારે સ્થાનિક નગરપાલિકા દ્વારા રોગચાળાને નાથવા માટે શહેરભરમાં દવાનો છંટકાવ તથા શુધ્ધ પીવાનું પાણી આપવાની જવાબદારી છે. ત્યારે પાલિકા દ્વારા ગટરમાં હોય તેવું બદબુ મારતું પાણીનું વિતરણ કરતું હોય અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ શિવપાર્ક સોસાયટી તથા શ્રીરંગ સોસાયટીમાં રહેતા લોકો ગંધાતા પાણીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અને આગામી બે દિવસમાં શુધ્ધ પાણી આ વિસ્તારમાં નહીં અપાય તો ચીફઓફીસરને ઉગ્ર રજૂઆત કરવામાં આવશે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ શિવપાર્ક સોસાયટી તથા શ્રીરંગ સોસાયટીમાં રહેતા લોકોને પાલિકા દ્વારા પીવાનું પાણીનું જે વિતરણ થઈ રહયું છે તે પાણીની પાઈપ લાઈનમાં કોઈ જગ્યાએ ગટરનું પાણી ભળી જતું હોય, જેને લઈ અમરેલી પાલિકા દ્વારા ઠેકાણા વગરના ગમે તે સમયે થઈ રહેલ પીવાના પાણીમાં કદાચ જેવું ગંધાતું પાણી વિતરણ થઈ રહયું હોય, ત્યારે આ વિસ્તારમાં વસતાં અને અમરેલી પાલિકાને લાખો રૂપિયાનો પાણી માટેનો વેરો ભરતા લોકો આ પાણી પીવા મજબુર બનતા હોય ત્યારે આ વિસ્તારના લોકો પાલિકાના અણઘડ વહીવટથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અને આગામી બે દિવસમાં પીવાનું શુધ્ધ પાણી આ વિસ્તારમાં નહીં અપાય તો ચીફઓફીસરને ઉગ્ર રજૂઆત કરવામાં આવશે.

જિલ્લામાંથી પગારની ગ્રાન્ટ આવી છતાં પણ ધારી તાલુકામાં શિક્ષણ વિભાગની અણઆવડતથી તાલુકાનાં શિક્ષકો પગાર વિહોણા

(ભિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી.તા.૧૯

ધારી તાલુકાના શિક્ષણ વિભાગને છેલ્લા થોડા સમયથી જાણે ગ્રહણ લાગ્યું હોય એવો ઘાટ ઘડાણો હોય એવું લાગે છે.જીલ્લામાંથી પગાર ગ્રાન્ટ ૧ લી તારીખે ફાળવી આપેલ હોવા છતાં. તાલુકાનું તંત્ર આ બાબતે કોઈજ પ્રકારનું ગંભીર થવાને બદલે ગોકળ ગાય ગતિએ કામ કરે છે. શિક્ષકોને મંડળી તથા બેંકના લોનના હપ્તા પગારમાંથી કપાતા હોય છે. એમને પણ પગાર ન થવાથી ચિંતા વ્યાપી છે. સરકાર દ્વારા નવી એપ્લીકેશન પ્રેસામાં પગાર કરવાની સૂચના ૩ માસ પેહલા આપેલ હોવા છતાં કોઈજ કામગીરી બાબતે પગાર કેન્દ્રને માર્ગદર્શન આપેલ નથી. જિલ્લાના મોટા ભાગના તાલુકામાં શિક્ષકોના પગાર થઈગયેલ છે. જયારે ધારીમાં આજદિન સુધી શિક્ષકો કાગડોળે પગારની રાહ જોતા બેઠા છે. આ બાબતે જવાબદાર અધિકારીઓનો સંપર્ક કરતા ગોળ ગોળ જવાબ આપી જવાબદારીમાંથી છટકવા પ્રયાસ કરે શિક્ષણના હીતમાં જિલ્લા કચેરી આ બાબતે જેમની પણ જવાબદારી નક્કી થતી હોય તે નક્કી કરી પગાર કરાવે તેવુ શિક્ષકો ઈચ્છી રહ્યા છે.

ચલાલા નજીક બાઈક વીજપોલ સાથે અથડાતા ચાલક શ્રમિકનું મોત

(ભિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૧૯

ધારી ગામે આવેલ વેકરીયાપરાના વતની અને હાલ સુરત ગામે રહેતા પ્રવિણભાઈ જીવાભાઈ વણોદીયા નામના ૪૨ વર્ષિય શ્રમિક ગત તા. ૧૭ના બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ ચલાલા નજીક ધારી રોડ ઉપર, હરીબા મહિલા કોલેજની સામે પ્રવિણભાઈ પોતાના હવાલાનું મોટર સાયકલ નં. જી.જે.-૦૧ ડીસી- ૧૨૮૩ નું પુરઝડપે અને ગફલતભરી રીતે ઠંકારી રોડની સાઈડમાં રહેલ જીઈબીના ઈલેકટ્રીકના સિમેન્ટના થાંભલા સાથે મોટર સાયકલ ભટકાવી પોતાના માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ કરતા તેમનું મોત નિપજાવ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

રીકવરી ઝુંબેશ ૨૦૨૩-૨૪

૩૨ મિલકતોને ટાંચ જપ્તીની નોટીસ,૨ મિલકતોને નોટીસ

મનપાની વેરા વસુલાત શાખા દ્વારા રૂા.૮.૨૧ લાખ રિકવરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચનાથી વોર્ડ નં-૨માં રેષકોર્ષ રીંગ રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૩૦,૫૯૪, ભોમેશ્વર પ્લોટમાં ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૫૨,૩૮૦, વોર્ડ નં-૫માં પેડક રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૮૦,૦૦૦, વોર્ડ નં-૬માં શિવ શકિત ઈન્ડ એરીયામાં ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૩૮,૦૦૦, સંત કબીર રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૨૫,૦૦૦, રણછોડનગરમાં ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૪૯,૦૦૦, મહિકા રોડ પર આવેલ ૧-યુનિટને નોટીસ આપેલ, મહિકા માર્ગ પર આવેલ ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૦૩ લાખ, બાલાજી ઈન્ડ એરીયામાં ૨-યુનિટને નોટીસ આપેલ. વોર્ડ નં-૭માં ભકિતનગર રોડ પર આવેલ ૬-યુનિટને નોટીસ આપેલ.જી.આઈ.ડી.સીમાં ૨-યુનિટને નોટીસ આપેલ.જી.આઈ.ડી.સી.ઉદ્યોગ નગરમાં ૩-યુનિટને નોટીસ આપેલ.

વોર્ડ નં-૧૦માં ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૬૬,૪૫૦, વોર્ડ નં-૧૨માં મવડી રોડ પર આવેલ ૧-

યુનિટને નોટીસ સામે રીકવરી રૂ.૭૭,૯૬૦માં વોર્ડ નં-૧૩માં મવડી ઈન્ડ એરીયામાં ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૫૦,૦૦૦, આંબેડકર નગરમાં ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૫૪,૨૦૦.

વોર્ડ નં-૧૪માં૮૦ ફુટ રોડ પર આવેલ ૩-યુનિટને નોટીસ આપેલ.વોર્ડ નં-૧૫માં ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ ૨-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૩૮,૫૦૦, આજી વિસ્તારમાં ૧-યુનિટને નોટીસ

આપેલ.

વોર્ડ નં-૧૬માં સોરઠીયાવાડીમાં ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૨૪,૨૦૦, વોર્ડ નં-૧૮માં કોઠારીયા રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૩૫ લાખ.કોઠારીયા રોડ પર આવેલ ૧-યુનિટને નોટીસ આપેલ.

કુલ ૩,૫૨,૬૧૯ મિલ્કત ધારકોએ ૨૭૬.૨૪ કરોડ વેરો ભરેલ.આજ રોજ બપોરે ૧કલાક સુધી



માં ૪ -મિલ્કતોને સીલ કરેલ તથા ૩૬ - મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ રીકવરી રૂા. ૮.૨૧ લાખ રીકવરી કરેલ છે. આ કામગીરી મેનેજર વત્સલ પટેલ, સિદ્ધાર્થ પંડયા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેકટરઓ દ્વારા આસી.કમિશ્નર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

મહાનગરપાલિકાની ફૂડ વિભાગની ટીમ દ્વારા

ખાદ્યચીજોનું વેચાણ કરતાં ૨૧ ધંધાર્થીઓની ચકાસણી

૧૫ ધંધાર્થીઓને લાઇસન્સ બાબતે સુચના અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના મેઘાણીનગર હોકર્સ ઝોન વિસ્તારમાં આવેલ ખાધ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૫ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

ચકાસણી કરેલ ધંધાર્થીઓની વિગત : ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના મેઘાણીનગર હોકર્સ ઝોન વિસ્તારમાં આવેલ (૦૧)ખોડલ ભેળ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૨)આઈ ભેળ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૩)આઈ વ્યૂ પીઝા -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૪)ભગવતી ચાઈનીઝ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૫)જલ્પા ફાસ્ટફૂડ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૬)મહાકાળી પાણીપુરી -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૭)જલારામ પાણીપુરી -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૮)બોમ્બે ફાસ્ટફૂડ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૯)શિવ સેન્ડવીચ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૧૦)જલારામ સ્પ્રિંગ પોટેટો -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૧૧)એવન ફાસ્ટફૂડ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૧૨)રામનાથ ફાસ્ટફૂડ -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૧૩)નાગપુરના સ્પ્રિંગ પોટેટો -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૧૪)ખોડલ પાઉભાજી -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૧૫)ગણેશ સ્ટીમ ઢોકળા -લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ તથા (૧૬)જયદીપ વડાપાઉં (૧૭)પટેલ વડાપાઉં (૧૮)જામનગરના પ્રખ્યાત ઘૂઘરા (૧૯)શિવશકિત ફૂડ (૨૦)બોમ્બે પીઝા (૨૧)રોલ્સ રોઈસ ફૂડની ચકાસણી કરવામાં આવેલ.

શિશુવિહાર ખાતે શિક્ષકોને જીવન શિક્ષણ લક્ષી તાલીમ અપાઇ

(નટવરલાલ ભાટીયા દ્વારા)

રાજકોટ,તા.૧૯

ભાવનગર પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત સતત બારમાં વર્ષે શિશુવિહાર ના ઉપક્રમે ભાવનગર શહેરની આંગણવાડી ધટક ૧ કરચલિયાપરાનાં કેન્દ્રનું ૭ અને ૧૦ ના ૪૨ બાળકો અને ૪ શિક્ષકોને જીવન શિક્ષણ લક્ષી તાલીમ આપવામાં આવી હતી ફરીખ ફાઉન્ડેશન દ્વારા શિશુવિહારને મળેલ બસમાં બાળકોને સંસ્થા પરિસરમાં લાવી પોષક આહાર, પ્રાર્થના, જોડકણાં, અભિનયગીત, સર્જનાત્મક શક્તિ વિકાસ, રંગપુરણી, મોતીનીમાળા અને સમૂહજીવનમૂલક મેદાની રમતની તાલીમ આપવામાં આવી ૨૦૦ દિવસ માટેની તાલીમના ૮૬ માં દિવસે તારીખ ૧૮/૧૨ નાં રોજ ઉપસ્થિત બાળકોએ હોંશભેર ભાગ લીધો હતો. એગ્રો સેલ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડના વિશેષ સહકારથી યોજાયેલ ૧૭૭ મી આંગણવાડીની તાલીમમાં ૩.૦૮૨ બાળકોની તાલીમ સરાહનીય બને છે સમગ્ર ગુજરાત રાજ્યમાં આંગણવાડી ના કાર્યકરોની છેલ્લા બે માસથી ચાલતી હડતાલ પૂરી થતાં સવારનાં ૯-૩૦ થી ૧૨-૦૦ સુધી ની તાલીમ પુનઃ શરૂ થઈ છે જેનું સંકલન પ્રીતિબેન ભટ્ટે કર્યું હતું.

વિરોધ પ્રદર્શનમાં થયેલ તોડફોડના કેસમાં તમામ રાજકીય આગેવાનોનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

આશરે ૬ વર્ષ પહેલા રાજકોટ મહાનગર પાલીકા દ્વારા લગાડવામાં આવેલ રેલ નગર ઓવર બ્રિજના લોકાર્પણના પ્રચાર અર્થે લગાડવામાં આવેલ ફ્લેશ હોર્ડિંગ બોર્ડ કે જે રાજકોટ શહેરમાં અલગ અલગ વિસ્તારમાં બોર્ડ લગાડવામાં આવેલ હતા. જેના વિરોધ સ્વરૂપે અમુક રાજકીય આગેવાનોએ પ્રજા લક્ષી વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજેલ હતો જેમાં અમુક ફ્લેશ હોર્ડિંગમાં તોડફોડ કરવામાં આવેલ હતી જેથી માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અમીતભાઈ ભરતભાઈ ચોલેરાએ ફરીયાદ નોંધાવી હતી અને જે ફરીયાદના કામે રાજકીય આગેવાન કાશ્મીરાબેન નથવાણી, તુષારભાઈ નંદાણી, વશરામભાઈ સાગઠીયા, મિતુલભાઈ દોંગા તથા વાસવીબેન સોલંકી સામે ગુન્હો નોંધી તમામની ધરપકડ કરવામાં આવી હતી તથા આ

ફરીયાદની તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવ્યું હતુ. જે કેસમાં ફરીયાદી તથા ફરીયાદ પક્ષના સાહેદોને તપાસવામાં આવેલ હતા. જયારે બચાવ પક્ષના એડવોકેટ સત્યજીતસિંહ જે. ભટ્ટી દ્વારા કરવામાં આવેલ દલીલમાં આ કામે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદો ના નિવેદનો લેવામાં આવેલ ન હતા તથા આ કામે કોઈ સી.સી.ટી.વી. ફુટેજ રજુ કરવામાં આવેલ ન હતા અને આ કામે ફરીયાદ પક્ષના તમામ સાહેદો બનાવ સબંધે કોઈ ચોકકસ માહિતી ધરાવતા ન હોય તેવું ઉલટ તપાસના કામે જણાઈ આવેલ હતું તથા પોતે ફરીયાદી પણ આ બનાવ સંબંધે કોઈ જાત માહિતી ન હોવાનું જણાવેલ હતું. તેમજ આરોપીઓએ કોઈપણ પ્રકારની ચોકકસ ભુમીકા ભજેલ ન હોય અને બનાવ અંગે તમામ સાહેદોમાં વિરૂધ્ધાભાષ નિવદેનો છે, હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ ટાંકેલા ચુકાદાઓ અને બચાવ પક્ષની દલીલ ધ્યાને લઈ અદાલતે તમામ સક્ષસોને છોડી મુકવા હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી વતી ધારાશાસ્ત્રી સત્યજીતસિંહ જે. ભટ્ટી,મુકેશ જી.ગોંડલીયા, જીગર નસીત, જવલંત પરસાણા તથા મદદગારીમાં જુનીયર હર્ષ બરવાડીયા,સુનીલ મઢીડા રોકાયેલ હતા.

યોગ અને કર્મયોગ એક સિક્કાની બે બાજુઃ ડો. રાજીવ મિશ્રા

કર્મયોગ મંદિર દ્વારા તા.૭ જાન્યુઆરીએ કર્મયોગ દિવસની ભવ્ય ઉજવણી કરાશેઃ ભાગ લેવા ઇચ્છુકોએ નિઃશુલ્ક રજી. કરાવવું જરૂરી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

આજે વિશ્વમાં ભ્રષ્ટાચાર, આતંકવાદ, બેરોજગારી, આપઘાત જેવા અનેક પરિબળોએ માથું ઉચક્યું છે. ત્યારે કર્મજ્ઞાન જ વિશ્વ માંથી આ પ્રકારની બદીઓ દૂર કરી શકે છે. જે માટે યોગ અને કર્મયોગને દરેક વ્યકિતએ અપનાવું જરૂરી છે. તેમ કર્મયોગી અને મોટીવેશન ગુરૂ ડો. રાજીવ મિશ્રાએ જણાવ્યું હતું.

કર્મયોગ મંદિર દ્વારા દર બુધવાર અને રવિવાર સવારે કર્મજ્ઞાન પર સુદર વ્યાખ્યાન માળા યોજાઈ છે. આ પ્રવચન નિઃશુલ્ક ડો. મિશ્રા દ્વારા આપવામાં આવી રહ્યું છે. આગામી તા. ૭ જાન્યુઆરીને રવિવારના રોજ જીંદગીને કઇ રીતે ખુશહાલ બનાવી તેના ઉપર ડો. મિશ્રા દ્વારા સવારે ૭થી ૯ દરમિયાન સુંદર પ્રવચન અપાશે. આ વ્યાખ્યાન માળાનો લાભ લેવા ઇચ્છુક લોકોએ નિઃશુલ્ક રજિસ્ટેશન કરવું ફરજીયાત છે. નિઃશુલ્ક રજિસ્ટેશન માટે સંપર્ક ડો. રાજીવ મિશ્રા ૮૫૧૧૮ ૨૯૦૦૨, પારૂલ પટેલ ૭૯૬૦૮ ૦૬૯૪૮, દિના ધ્રાફાણી ૯૭૨૫૬ ૨૫૬૯૭ તેમજ દ્રષ્ટિ વ્યાસ ૯૮૬૮૧ ૮૧૯૧૭નો સંપર્ક કરવો

લોકસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીનું સંગઠન વધુ સુદઢ બને તે માટે

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી દ્વારા વોર્ડવાઇઝ પ્રવાસ કાલથી શરૂ

કાલે વોર્ડ નં.૧ તથા ૧૧ માં સંગઠનલક્ષી બેઠક યોજાશે. વિવિધ શ્રેણીના કાર્યકતાઓ ઉપસ્થિત રહેશે.

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત યાદીમાં જણાવાયું છે કે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના નેતૃત્વમાં ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ૧૫૬ બેઠકો મેળવી ભારતીય જનતા પાર્ટીના ભવ્ય વિજય સાથે ગુજ રાતમાં એક ઇતિહાસ સજર્યો છે ત્યારે આ ઇતિહાસના સૌ ગુજરાતવાસીઓ સાક્ષી બન્યા છે ત્યારે આવનારી લોકા ભાની ચુંટણીમાં ગુજરાતની તમામ ૨૬ બેઠક પર પાંચ લાખથી વધુ મતોની લીડથી ભાજપનો ભવ્ય વિજય થાય અને દેશના વડાપ્રધાન પદે ફરી નરેન્દ્રભાઈ મોદી આરૂઢ થા તેવા સંકલ્પ સાથે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું સંગઠન વધુ મજબુત થાય તે દિશામાં સંગઠન પ્રકિયા હાથ ધરવામાં આવી છે તે અંતર્ગત રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના નેતૃત્વમાં રાજકોટ સંગઠનથી લઈ બુથ સુધીનું માળખું ગોઠવવામાં આવી રહયું છે. તે અંતર્ગત માહિતી આપતા શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે રાજકોટ લોકસભાની બેઠક પર પાંચ લાખ થી વધુ લીડથી ભાજપના ઉમેદવાર જીત મેળવે તેવા આશય સાથે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી દ્વારા અને રાજકોટ શહેર સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોનીની ઉપસ્થિતમાં શહેરના તમામ વોર્ડમાં વોર્ડવાઇઝ પ્રવાસનું આયોજન કરવા માં આવેલ છે તે અંતર્ગત આવતી કાલે તા. ૨૦ બુધવારના વોર્ડ નં.૧,૧૧ માં વોર્ડના વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ જેમાં સંસદસભ્ય વોર્ડમાં રહેતા હોય તો, ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્ય વોર્ડમાં રહેતા હોય તો, પ્રદેશના હોદેદારો અને કારોબારી આમંત્રિત, વિશેષ વોર્ડમાં રહેતા હોય તો, પ્રદેશના વિવિધ મોરચાના હોદેદારો, વોર્ડમાં રહેતા હોય તો, બોર્ડ નિગમના ચેરમેન,પૂર્વ ચેરમેનો, ડીરેકટરો વોર્ડમાં રહેતા હોય તો, શહેરના હોદેદારો અને મંડલના હોદેદારો, વોર્ડના પ્રભારી, કોર્પોરેટર, શહેરના તમામ મોરચાના હોદેદારો અને મંડલના તમામ મોરચાના હોદેદારો, શિક્ષણ સમિતી સભ્યો અને પૂર્વ સભ્ય,સેલ સંયોજક-સહસંયોજક અને પૂર્વ સેલ સંયોજક-સહસંયોજક, આઈ.ટી. અને સોશ્યલ મીડીયા ટીમ, વોર્ડનાં પૂર્વ પ્રમુખ, મહામંત્રી, મોરચાના પૂર્વ હોદેદારો,પૂર્વ કોર્પોરેટરો, પૂર્વ કારોબારી, આંમત્રિત સભ્યો અને વિશેષ સભ્યો, શક્તિકેન્દ્રના સંયોજક અને પ્રભારી, બુથના ઈન્ચાર્જ-સહઈન્ચાર્જ, સક્રિય સભ્ય, પેજ પ્રમુખ અને પેજ સમિતી, ચુંટણીલક્ષી જાણકાર કાર્યકર્તાઓ સહિતના સાથે બુથ શક્તિકેન્દ્ર અને ગત ચુંટણીઓના પરિણામો ઉપર વિસ્તૃત ચર્ચા કરી પરિવાર ભાવનાને વધુ સુદઢ બનાવવામાં આવી રહી છે તેમાં શહેર ભાજપ પ્રમુખનો આ વોર્ડવાઇઝ પ્રવાસનું આયોજન કરવામાં આવી રહયું છે. ત્યારે આવતીકાલે વોર્ડ-૧ માં સાંજે ૭.૦૦ કલાકે રંભામાની વાડી, શાસ્ત્રીનગર પાસે તેમજ વોર્ડ નં. ૧૧ માં મેવાડા સુથારજ્ઞાતીની વાડી, ઉદયનગર, મવડી પ્લોટ ખાતે રાખવામાં આવેલ છે જેમાં વોર્ડ નં.૧ માં પ્રભારી કાથડભાઈ ડાંગર, કાનાભાઈ ખાણધર, નાગજાભા વરૂ, ગૌરવભાઈ મહેતા તેમજ વોર્ડ નં.૧૧ માં પ્રભારૂ પરેશભાઈ ઠાકર, મહેશભાઈ પીપળીયા, વિનુભાઈ ઈસોટીયા , મુળુભાઈ ઓડેદરા આ વોર્ડપ્રવાસની વ્યવસ્થા સંભાળી રહયા છે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના સાલપીપળીયા ગામે કાર્યક્રમ યોજાયો : ઢોલરીયા, જાડેજા, હેરભા, માંકડિયા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ ગુજરાત સરકારના કેબીનેટ મંત્રી જીલ્લા પ્રભારી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષસ્થાને તથા આ યાત્રાના પ્રદેશ ઈન્ચાર્જ બ્રિજેશભાઈ મેરજાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર વિવિધ જનકલ્યાણકારી યોજનાઓને સમાજના છેવાડાના વ્યકિત સુધી પહોચાડવાના ઉદેશ્ય સાથે કામ કરી રહી છે. આ યોજનાઓ પ્રત્યે સમાજમાં જાગૃતિ અને જનભાગીદારી વધારવાના ઉદેશ્ય સાથે ભારત સરકાર દેશવ્યાપી વિકસિત ભારત સંકલ્પ યાત્રા બે તબક્કામાં શરુ કરવામાં આવી છે ત્યારે રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી અધ્યક્ષસી.આર.પાટીલ, સંગઠન મહામંત્રી રત્નાકરજી, જીલ્લા પ્રભારી ધવલભાઈ દવેના માર્ગદર્શન અનુસાર રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાના વડપણ હેઠળ તથા આ કાર્યક્રમના રાજકોટ જીલ્લા ભાજપના ઈન્ચાર્જ મનોજભાઈ રાઠોડ, સહ-ઈન્ચાર્જ જસ્મીનભાઈ પીપળીયા, વિશાલભાઈ ફાગલીયાની આગેવાની હેઠળ રાજકોટ જીલ્લાના પડધરી તાલુકા ના સાલપીપલયા ગામેથી પ્રસ્થાન કરાવતા ગુજરાત સરકારના કેબીનેટ કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ ,વિકસીત ભારત યાત્રાના રાજ્યના ઈન્ચાર્જ બ્રિજેશભાઈ મેરજા, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, માજી ધારાસભ્ય બાવનજીભાઈ મેતલિયા, રાજકોટ જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, પડધરી તાલુકા ભાજપ પ્રમુખશૈલેશભાઈ ગજેરા, મહામંત્રીઓ છગનભાઈ વાસજાળીયા, નીલેશભાઈ ડોડીયા અને વિવિધ સરકારની જનકલ્યાણકારી યોજનાઓ જેવી કે, વિધવા સહાય, માં અમૃતમ કાર્ડ, મકાન સહાય, જનધન ખાતા, પ્રધાનમંત્રી કૃષિ પાકફસલ વીમા યોજના તેમજ વિવિધ ખેડૂતલક્ષી જેવી યોજનાઓની માહિતી, માર્ગદર્શન અને તે અંતર્ગત ફોર્મ વિતરણ અને લોકોના આરોગ્યની તપાસ કરવામાં આવશે અને આ યોજનાઓનો વધુમાં વધુ લોકો લાભ લે તેવી અપીલ કરવામાં આવી છે.

ઠંડીથી બચવા જાહેર જનતાને રક્ષાત્મક પગલા લેવા કલેકટર પ્રભવ જોષીની અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

શિયાળાના ઋતુમાં ઠંડીથી બચવા કલેકટરશ્રી પ્રભવ જોષી, જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી અને જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નિલેશ એમ.રાઠોડ દ્વારા જાહેર જનતાને રક્ષણાત્મક પગલાં લેવા અપીલ કરાઇ છે.જે અન્વયે ઠંડીથી બચવા ગરમ કપડાં તેમજ સ્વેટર, મફલર, ગરમ ટોપીનો ઉપયોગ કરવો, વધુ ઠંડી હોય ત્યારે મોટી ઉમરના વૃધ્ધ, બિમાર વ્યકિતઓ, નાના બાળકો અને સગર્ભા મહીલાઓએ શકય હોય ત્યાં સુધી ઘરમાં જ રહેવું તથા ઠંડીથી બચવા વિશેષ ધ્યાન રાખવું. ઠંડીથી બચવા રૂમના બારી બારણા બંધ રાખવા સવારના સમયે ઠંડીથી બચવા માટે સૂર્યના તાપમાં બેસવું ઠંડીની અસર હેઠળ કોઇ પણ તકલીફ જણાય તો તાત્કાલીક નજીકના સરકારી દવાખાને અથવા આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરી જરૂરી સારવાર મેળવવી અને ઠંડી દરમ્યાન વધુ કેલરીવાળા ખોરાકનું સેવન કરવું ત્વચા સુકી ન પડે તે માટે તલનું તેલ, કોપરેલ, વેસલીન જેવા તૈલી પદાર્થનો ઉપયોગ કરવો. શકય હોય તો સાદા સાબુના બદલે ગ્લીસરીન યુકત સાબુનો ઉપયોગ કરવો. ઉપરોકત તમામ બાબતો જરૂરી આરોગ્ય શિક્ષણ આરોગ્ય કર્મચારી દ્વારા આપેલ માર્ગદર્શન મુજબ રોજીંદી જીવન શૈલીમાં કાળજી રાખવા જાહેર ઉપરોકત તમામ બાબતોની કાળજી જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.

લોધીકા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોક ડ્રીલ યોજાઈ

રાજકોટ : છેલ્લા કેટલાક દિવસોથી ચીનમાં જોવા મળેલી રહસ્યમય શ્વસન તંત્ર સંબંધી બીમારી સંદર્ભે નાના બાળકોમાં જોવા મળતા ન્યુમોનિયા જેવી વાયરલ બીમારી અંગે રાજકોટ જિલ્લાના લોધિકા આરોગ્ય કેન્દ્ર ખાતે મોકડ્રીલ યોજાઈ હતી. રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન મુજબ આ મોકડ્રીલ યોજાઈ હતી.રાજકોટના લોધિકા મામલતદારના જણાવ્યા મુજબ કેન્દ્ર ખાતે ઓક્સિજન કોન્સન્ટ્રેટર કુલ પાંચ નંગ કાર્યરત છે, નેબ્યુલાઈઝર કુલ છ નંગ કાર્યરત છે, પલ્સ ઓક્સીમીટર કુલ છ નંગ કાર્યરત છે, ઓક્સિજન સિલિન્ડર કુલ છ પૈકી એક કાર્યરત છે, જયારે અન્ય પાંચ સિલિન્ડર રિફિલિંગ કરાવવા મોકલાવેલ છે. આ ઉપરાંત લોજિસ્ટિક જેમાં ગ્લોવ્ઝ, મેડિસિન પૂર્તત ઉપલબ્ધ છે.જે એમ્બ્યુલન્સ કાર્યરત છે. જ્યારે ઓક્સિજન પ્લાન્ટમાં ઓક્સિજન આઉટપુટ ટેન્કનું ફિલ્ટર ફિઝિકલી ડેમેજ થઈ ગયેલું હોઈ તેને રીપેર કરાવવા માટે સંબંધિત એજન્સીને કાર્યવાહી કરવા માટે જણાવેલ હોવાનું જણાવાયું છે. આ તકે તાલુકા હેલ્થ ઓફિસર ડોકટર ખુશ્બુ સતાપરાએ ઉપસ્થિત રહી સંલગ્ન વિગત પૂરી પાડી હતી.

વોર્ડ નં.૧ થી ૧૮માં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં સૂર્ય નમસ્કાર સ્પર્ધા યોજાઈ

સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં આશરે ૪૩૨૯ થી વધુ સ્પર્ધકો હાજર રહેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ-ગાંધીનગરની અધિસુચના અન્વયે લોકો યોગ કરતા થાય, યોગ અંગેની જાગૃતતા કેળવાય, લોકો નીરોગી રહે અને દરેક લોકોને સ્વસ્થ જીવનશૈલી અને તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે પ્રથમ વખત સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ તબક્કામાં વોર્ડ કક્ષાએ ૧ થી ૧૮ વોર્ડમાં સૂર્ય નમસ્કાર સ્પર્ધા યોજાઈ.

યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની દેન છે. પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સયુંકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ. જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. યોગનો પ્રચાર પ્રસાર થાય અને યોગને પ્રોત્સાહન મળે તે માટે આ વર્ષે પ્રથમ વખત સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવાનું ગુજરાત સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. જે અન્વયે જિલ્લા રમતગમત વિભાગ, યોગ બોર્ડ, યુવા બોર્ડ અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું વોર્ડ કક્ષાનું આયોજન તા.૧૯/૧૨ના રોજ, ઝોન કક્ષાનું આયોજન તા.૨૩/૧૨ના રોજ અને મહાનગરપાલિકા કક્ષાનું આયોજન તા.૨૬/૧૨ના રોજ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ.

આ સ્પર્ધામાં અલગ અલગ વોર્ડમાં મહાનુભાવ તરીકે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, દંડક મનિષભાઈ રાડીયા, વિવિધ શાળાના શિક્ષકો, યોગ બોર્ડના શિક્ષકો, ટ્રેનર, કોચ, જજ, અધિકારીઓ-કર્મચારીઓ તેમજ ભાજપ અગ્રણીઓ, સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં રજીસ્ટ્રેશન કરેલ સ્પર્ધકો ઉપસ્થિત રહેલ.

ક્રાઈમ કોર્નર

ત્રણ સ્થળેથી દારૂની ૬૦ બોટલ સાથે મહિલા સહિત બે પકડાયા

રાજકોટ પોલીસે ત્રણ સ્થળે દરોડા પાડી ૬૦ બોટલ દારૂ સાથે ત્રણને ઝડપી લીધા હતા. જેમાં ગ્રીનલેન્ડ ચોકડી તરફથી માર્કેટિંગ યાર્ડના નાળા તરફ એક વિદેશી દારૂ સાથેની કાર નીકળવાની હોવાની માહિતીના આધારે આજી ડેમ પોલીસે ગત મોડી રાતે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન માહિતી મુજબની કાર પસાર થતાં તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલકે કાર ભગાવી મૂકી હતી. કારમાં તપાસ કરતા અંદરથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની ૩૬ બોટલ મળી હતી. કોઠારિયા સોલવન્ટ ૨૫ વારિયા ક્વાર્ટરમાં રહેતા કરણ રમેશ ખોડા નામના શખ્સને તેના ઘરેથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૧૫ બોટલ સાથે, જ્યારે ચુનારાવાડ-૩માં રહેતી જસી મનોજ જાદવ નામની મહિલાને ૯ બોટલ સાથે થોરાળા પોલીસે પકડી પાડી કાર્યવાહી કરી છે.

'મારા પિતાને ફોન કેમ કરો છો,' કહી બનેવીનો સાળા પર હુમલો

શહેરના કોઠારિયા રોડ, જયનગર મફતિયાપરામાં રહેતા જનક મહેશભાઈ બાટૈયા નામના યુવાન પર ચુનારાવાડમાં રહેતા બનેવી મુકેશ જયંતીભાઈ માલકિયા અને તેના ભાઈ જોનીષે ધોકાથી હુમલો કરી ઈજા પહોંચાડતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. ફરિયાદ મુજબ, તેની બહેને ત્રણ વર્ષ પહેલાં મુકેશ સાથે પ્રેમલગ્ન કર્યા છે. બહેનના લગ્નથી પરિવારના બધા સભ્યો નારાજ હોય તેમની સાથે સંબંધ રાખ્યો નથી. દરમિયાન દસ દિવસ પૂર્વે પિતાથી ભૂલથી મુકેશના પિતાને ફોન લાગી ગયો હતો. જેનો ખાર રાખી મુકેશ અને જોનીષ ઘરે આવી પિતા સાથે ઝઘડો કર્યો હતો. ઝઘડો કરવાની ના પાડતા બંને ભાઈએ ભેગા થઈને ધોકાથી હુમલો કર્યો હતો. હુમલામાં માતા અને ભાઈને પણ સામાન્ય ઈજા થઈ છે. આજી ડેમ પોલીસે ગુનો નોંધ્યો છે.

કાકાના ઘરે પાણીઢોળમાં ગયેલા પ્રૌઢનું હાર્ટફેઈલ

શહેરમાં હાર્ટએટેકથી મૃત્યુના કિસ્સા દરરોજ બની રહ્યા છે. ત્યારે ગૌતમનગરના પ્રૌઢ તેમના કાકાના ઘરે પાણીઢોળની વિધિના જમાણવારમાં હતા ત્યારે અચાનક જ તેમને છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ તેમનું મૃત્યુ થયું હતું. ગણતરીના દિવસોમાં પરિવારના બબ્બે વ્યક્તિનાં મોતથી પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.ગાંધીગ્રામના ગૌતમનગરમાં રહેતા મનોજભાઈ જસવંતભાઈ વાગડિયા (ઉ.વ.૫૪) રવિવારે રાત્રે નવેક વાગ્યે હનુમાનમઢી પાછળના શિવપરામાં તેમના કાકા ભીખુભાઈ વાગડિયાના ઘરે પાણીઢોળની વિધિના જમાણવારમાં હતા ત્યારે અચાનક જ તેમને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને બેભાન થઈ ઢળી પડ્યા હતા. ઘટનાથી વાગડિયા પરિવારમાં દોડધામ મચી ગઈ હતી અને મનોજભાઈને તાકીદે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ દોડી ગઈ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, મનોજભાઈને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે અને રિક્ષાના ફેરા કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

વિરપુર પંચવટી હોટલ પાસે જાહેરમાં જુગાર રમતા બે શખ્સોને પોલીસે દબોચ્યા

વિરપુરમાં આવેલ પંચવટી હોટલ પાસેથી જાહેરમાં જુગાર રમતા રવિ ઉર્ફે બાડો નાથા ધરજીયાત (રહે. કુમારશાળા પાછળ વિરપુર) તેમજ હરેશ ઉર્ફે ભુરો મહેશ મકવાણા (રહે. વિરપુર) બંનેની વિરપુર પોલીસે જુગાર રમતા ધરપકડ કરી હતી. બંને આરોપી રીક્ષા ચાલક છે. પોલીસે આરોપી પાસેથી રૂ. પર૦ કબજે કરી ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

દોઢ લાખના ૪.૬૫ લાખ ચૂકવ્યા છતાં વ્યાજખોરોનું જમીનનું સાટાખત કરવા દબાણ થતા સુલતાનપુરના ખેડૂતે ઝેરી દવા પીવી પડી

અરવિંદભાઈ ધાનાણીએ વિક્રમ આહીર અને જેરામ ધાનાણી સામે ફરિયાદ નોંધાવી: પાંચ ટકા વ્યાજ વસુલાતું

રાજકોટ,તા.૧૯

દોઢ લાખના ૪.૬૫ લાખ ચૂકવ્યા છતાં વ્યાજખોરોનું જમીનનું સાટાખત કરવા દબાણ થતા સુલતાનપુરના ખેડૂતે ઝેરી દવા પીવી પડી હતી. આ અંગે ફરિયાદ નોંધાઇ છે.ફરિયાદ નોંધાવનાર અરવિંદભાઈ વલ્લભભાઈ ધાનાણી (ઉ.વ ૪૬)એ જણાવ્યું કે, હું સુલતાનપુર ગામે હાઈસ્કુલની પાછળ ધુળસીયા રોડ ઉપર પરિવાર સાથે રહું છું. ખેતીકામ કરું છું.

ઉપરાંત કપાસનું બિયારણ કમિશનથી વેચીને મારા પરિવારનું ગુજરાન ચલાવું છું. મારા પત્નીનું નામ સોનલબેન છે મારે સંતાનમાં એક દીકરી અને એક દીકરો છે. મારા માતા નામ મધુબેન છે. અમે બે ભાઈઓ છીએ જેમાં હું મોટો છું. મારાથી નાનો ભાઈ અમિત જે તેના પરિવાર સાથે અમદાવાદ રહે છે. હું મારા વૃદ્ધ માતા પિતા તથા મારા પત્ની- બાળકો એમ બધા સુલતાનપુર રહીએ છીએ. મારા પિતાના નામની સાડા સાત વીઘા જમીન સુલતાનપુર ગામે આવેલ છે. તેમાં ખેતી કરું છું અને કપાસની સિજનમાં હું વલ્લભીપુરના જેરામભાઈ અરજણભાઈ ધાનાણીનું મહાવીર ફોર-જી નામનું કપાસનું બિયારણ રૂ.૧૨૦૦માં બિલ વિનાનું વેચું છું જેમાંથી મને આ જેરામભાઈ રૂ ૨૦૦ કમિશન આપતા હતા.

મેં સને ૨૦૧૭માં અમારા ગામમાં સ્ટુડિયો ચલાવતા વિક્રમભાઈ મેતરા આહીર પાસેથી ઓએનચ ટકા વ્યાજે રૂ.૧ લાખ લીધા હતા. મેં વર્ષ ૨૦૧૭ના સાતમા મહિનાથી રૂ.૫૦૦૦ લેખે વર્ષ ૨૦૨૦ ના સાતમા મહિના સુધી દરેક મહિને હમો ચુક્યા વિના કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦ આપી દીધા હતા. ફરી જરૂરિયાત થતા વિક્રમ પાસેથી વર્ષ ૨૦૨૦ ના સાતમા મહિના ની બીજી તારીખે રૂપિયા ૫૦,૦૦૦ પાંચ ટકા વ્યાજ લેખે લીધેલા હતા. દર મહિને રૂ. ૭,૫૦૦ આપતો હતો. વર્ષ ૨૦૨૩ ના દસમા મહિનામાં મેં તેને વ્યાજ પેટે હમો આપેલ હતો.

જે સાથે અત્યાર સુધીમાં મેં તેમને દોઢ લાખની સામે રૂ. ૪,૬૫૦૦૦ ચૂકવ્યા હતા. છેલ્લા બે મહિના હું હમો ન ચૂકવી શકતા મને આ વિક્રમ મળ્યો હતો અને કહેલ કે, તું હમા નથી આપતો તો સાંજે મારા ઘરે આવજે. જેથી હું તેના ઘરે તે દિવસે સાંજે આશરે રાતના નવેક વાગ્યે ગયો. ત્યાં વિક્રમ અને જેની પાસેથી કપાસનું બિયારણ લઉં છું તે વલ્લભીપુરના જેરામભાઈ અરજણભાઈ ધાનાણી બેઠા હતા. બિયારણના વેચેલ તેના રૂ.૬.૫૦ લાખ મારે જેરામભાઈને આપવાના હતા. જે માંગતા મેં કહ્યું કે મારે રૂપિયાની જરૂર છે. તો જેરામે કહેલ કે ૨ ટકા વ્યાજ આપવું પડશે. જેથી મેં હા પાડેલ હતી. જોકે દસેક દિવસ પહેલા જેરામનો ફોન આવેલ કે મારા વ્યાજ સહિતના દસ લાખ થાય છે. તું ગમે તેમ કર, ભલે દસ ટકા વ્યાજે ક્યાંયથી રૂપિયા લે પણ મને મારા મુદ્દલ વ્યાજ સાથે આપી દે. આ વિક્રમ અને જેરામે ઉઘરાણી કરતા મેં ગભરાઈને તા.૧૬/૧૨/૨૦૨૩ ના સવારના અમારી વાડીએ સુલતાનપુર જઈને કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. પછી હું સારવારમાં હતો. પોલીસે બંન્ને આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નવી કોર્ટ પાછળ પાર્ક કરેલ ટ્રેકટરની ઉઠાંતરી કરતાં તસ્કરો

રાજકોટ,તા.૧૯

જામનગર રોડ પર નવી કોર્ટ પાછળ પાર્ક કરેલ ટ્રેકરટની તસ્કરો ઉઠાંતરી કરી નાસી છૂટતાં રૂ.૮.૫૦ લાખના ટ્રેકટરની ચોરી થયાની યુનિવર્સિટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.બનાવ અંગે જામનગર રોડ પર નવી કોર્ટની પાછળ રહેતાં નીતીનભાઈ મુકેશભાઈ આશીયાણી (ઉ.વ.૩૩) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રેતી કપચી તથા ઈંટો વેચવાનો વેપાર કરે છે અને તેની પાસે મેસી કમ્પનીનુ એક ટ્રેકટર છે. ગઇ તા.૦૮/૧૧ ના રાત્રીના બાર વાગ્યેની આસપાસ ટ્રેકટર તેઓના ઘર પાસે પાર્ક કરેલ હતું. બીજા દિવસે જોયું તો ટ્રેકટર જોવામા આવેલ નહી જેથી આજુબાજુમા ઘર પાસે આવેલ ઈંટોના ભઠ્ઠા પાસે જોયુ તો ટ્રેકટર ક્યાંય જોવામા આવેલ નહી. જેથી ઘર પાસે પાર્ક કરેલ ટ્રેકટર રૂ.૮.૫૦ લાખની ચોરી કરી નાસી છૂટ્યાની ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તસ્કરની શોધખોળ હાથ ધરી હતી.

ખૂન કેસમાં આરોપીની જામીન અરજી રદ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

રાત્રીના જાગનાથ પ્લોટમાં હત્યાનો બનાવ બનેલ.તે બનવાની ફરિયાદ ધનાબેન કમલભાઈ ટમાટએ નોંધાવેલ અને જણાવેલકે તેઓ તથા તેમના પતિ મરણજનાર કમલભાઈ સુરેશભાઈ ટમાટ વચ્ચે સામન્ય બોલાચાલી થતાં આરોપી વિજય ઉજાસસીંગ વિશ્વકર્મા ફરિયાદીના ઘર પાસે આવી ફરિયાદીના પતિને કહેલ કેમ બોલાચાલી કરો છો તેવું જણાવી ફરિયાદીના પતિ સાથે માથાકુટ કરી આરોપીએ તેના નેફામાંથી છરી કાઢી ફરિયાદીના પતિ મરણજનાર કમલભાઈ ટમાટને ગળાના ત્યાગે છરી મારી હત્યા નિપજાવેલ હત્યાના ગુનામાં પોલીસે આરોપી વિજય વિશ્વકર્માની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને આરોપી સામે પુરાવો એકત્ર કરી ચાર્જશીટ દાખલ કરેલ ચાર્જશીટ બાદ આરોપીએ જેલમાંથી જામીન ઉપર છૂટવા જામીન અરજી કરતાં સરકાર તરફે સરકારી વકીલે જામીન અરજીનો સખત વિરોધ કરેલ અને સામાન્ય બાબતમાં આરોપીએ હત્યા નિપજાવેલ છે. આવા જનૂની આરોપીને જમીન આપવા જોઈએ નહીં તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ વી.કે. ભટ્ટે જામીન અરજી રદ કરેલ છે. આ કેસમાં સરકારી વકીલ મુકેશભાઈ પીપળિયા રોકાયેલ હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ખેલકૂદ રમતોત્સવમાં ભાઈઓ - બહેનોમાં ૧૦ નવા રેકોર્ડ પ્રસ્થાપિત થયા

રાજકોટ,તા.૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સરદાર પટેલ સ્પોર્ટ કોમ્પ્લેક્ષ ખાતે ખેલકૂદ રમતોત્સવના ત્રીજા અને અંતિમ દિવસે ૧૫૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, લાંબી કુદ, ૪ X ૧૦૦ મી રિલે અને ૦૪ X ૪૦૦ મીટર રિલે દોડ સહિતની સ્પર્ધાઓ યોજાઈ હતી. આ વખતે ખેલકૂદ રમતોત્સવમાં ૧૦ નવા રેકોર્ડ થયાં હતા.

જેમાં બહેનોમાં સદગુરુ મહિલા કોલેજની વિદ્યાર્થિની ઝાલા દેવ્યાનીબા મહેન્દ્રસિંહએ ૨૦૦ મીટર દોડ ૦૦:૨૫:૫૧ માં અને ૧૦૦ મીટર દોડ ૦૦:૧૨:૫૪ માં તો ૪૦૦ મીટર દોડ ૦૦:૫૯:૫૭ માં પૂર્ણ કરી રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો હતો. એક જ કોલેજની વિદ્યાર્થિનીએ ત્રણ રેકોર્ડ બનાવતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ રોશન કર્યું હતુ.

ભાઈઓમાં ૨૦૦ મીટર દોડ દવે યશ અશ્વિનભાઈએ ૦૦:૨૨:૨૯ (ગીતાંજલિ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન - હડાળા),

લાંબી કુદ કડછા દિનેશ કારાભાઈ ૬:૫૯ મીટર(જે. જે. કું કુંડલીયા આર્ટસ કોમર્સ કોલેજ - રાજકોટ), ૪૦૦ મીટર હર્ડલ્સ ઝાલા નિકુંજ જયેન્દ્રભાઈએ ૦૦:૫૬:૪૫ (જે. જે. કું કુંડલીયા આર્ટસ કોમર્સ કોલેજ - રાજકોટ), ૮૦૦ મીટર ચૌહાણ મહેન્દ્ર અમશીભાઈએ ૦૨:૦૦:૮૮ મા (કમાણી સાયન્સ કોલેજ - અમરેલી), ૧૦૦ મીટર દોડમાં દવે યશ અશ્વિનભાઈએ ૦૦:૧૦:૭૭ માં (ગીતાંજલિ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન - હડાળા), ૪૦૦ મીટર દોડ ઝાલા નિકુંજ જયેન્દ્રભાઈએ ૦૦:૫૧:૪૯ માં (જે. જે. કું કુંડલીયા આર્ટસ કોમર્સ કોલેજ - રાજકોટ), તો ૧૦,૦૦૦ મીટર દોડ સાંઘાણી કશ્યપે ૦૦:૩૩:૦૯ માં (શાંતિ નિકેતન કોલેજ - રાજકોટ) અને સરવૈયા જયેશે ૦૦:૩૩:૦૯ (જસાણી કોલેજ - રાજકોટ) માં પૂર્ણ કરી રેકોર્ડ બનાવ્યો છે.

૨ વર્ષના બે બાળક બીજો માળ અને અગાશી પરથી પટકાયા, બંનેનાં મોત

રાજકોટ,તા.૧૯

બાળકો રમતા રમતા ક્યારેક એવું કરી બેસે છે કે જેનાથી તેની જિંદગીનો પણ અંત આવી જાય છે. શહેરમાં આવી બે ઘટના બે અલગ સ્થળે બની હતી. વાવડીમાં બે વર્ષનો બાળક બીજા માળેથી તેમજ આજી ડેમ નજીક સહજાનંદ સોસાયટીમાં બે વર્ષનો બાળક અગાશી પરથી પટકાયો હતો. બંને બાળકનાં મોત નીપજ્યા હતા.

ગોંડલ રોડ પર વાવડી પોલીસ ચોકી પાસે પચ્ચીસ વારિયા ક્વાર્ટરમાં રહેતા મનોજ પાસવાનનો પુત્ર બાદલ (ઉ.વ.૨) રવિવારે સાંજે ચારેક વાગ્યે પોતાના ઘરના બીજા માળે રમતો હતો અને રમતા રમતા રેલિંગ પર ચડ્યો હતો અને ત્યાં બેલેન્સ ગુમાવતા નીચે પટકાયો હતો. ઘટનાને પગલે લોકોના ટોળાં એકઠા થઇ ગયા હતા અને ગંભીર રીતે ઘવાયેલા માસૂમ બાદલને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસની ટીમ દોડી ગઇ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બિહારના વતની મનોજ પાસવાનને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. બાદલ એક બહેનનો એકનો એક ભાઇ હતો. વહાલસોયા પુત્રનાં મોતથી પાસવાન પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

આવી જ અન્ય એક ઘટના આજી ડેમ ચોકડી પાસેની સહજાનંદ સોસાયટીમાં બની હતી. સહજાનંદ સોસાયટીમાં રહેતા મન્જુરઅલી અંસારીનો પુત્ર અસ્ફાક (ઉ.વ.૨) બે દિવસ પહેલાં પોતાના ઘરની અગાશી પર રમતો હતો ત્યારે રમતા રમતા અગાશી પરથી નીચે પટકાતાં ગંભીર ઇજા થતાં તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જેનું રવિવારે સાંજે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. વહાલસોયા પુત્રનાં મોતથી અંસારી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.

લગ્નની સિઝનમાં રાજકોટ એસ.ટી. ડિવિઝનને ૯ કરોડની આવક

રાજકોટ એસ.ટી. ડિવિઝનની ૩૪ નવા શેડ્યૂલની જાહેરાત

ટ્રાફિક વધુ હશે ત્યાં વધારાની બસ દોડાવાશે

રાજકોટ,તા.૧૯

રાજકોટ એસ.ટી. વિભાગને દૈનિક અંદાજે ૬૫થી ૭૦ લાખની આવક થતી હોય છે, પરંતુ લગ્નની સિઝનના પંદર દિવસો દરમિયાન મોટા ભાગના રૂટોની બસ ચિક્કાર દોડી હતી. ગત ૧થી ૧૫ ડિસેમ્બર દરમિયાન રાજકોટ એસટી વિભાગમાં ૧૮,૪૮,૪૭૦ મુસાફરે મુસાફરી કરી હતી અને તંત્રને ૯.૪૮ કરોડથી વધુની વિક્રમજનક આવક થવા પામી છે.

રાજકોટ એસ.ટી. ડિવિઝને

મુસાફરોની સુવિધામાં વધારો કરવા માટે ફ્રીક્વન્સી વધારી છે અને નવા ૩૪ શેડ્યૂલની જાહેરાત કરી છે. આગામી દિવસોમાં રાજ્ય સરકાર વધારાની બસ ફાળવણી કરશે ત્યારે જે રૂટ પર ટ્રાફિક હશે ત્યાં વધારાની બસ દોડાવવામાં આવશે.

રાજકોટ એસ.ટી. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ૩૪ નવા શેડ્યૂલમાં રાજકોટ-ચોટીલા, ગોંડલ-તળાજા, રાજકોટ- ધ્રાંગધ્રા, ધ્રાંગધ્રા-ચોટીલા, ચોટીલા-સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર-રાજકોટ, રાજકોટ-કોડીનાર, જસદણ-વેરાવળ, રાજકોટ-ધારી, રાજકોટ-મોરબી, વાંકાનેર-રાજકોટ, રાજકોટ-જામનગર સહિતના રૂટનો સમાવેશ થાય છે.

વેરાવળ મસ્તક ફાટક પાસે રામેશ્વર ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં આવેલ શેડમાં દરોડો : રૂ.૨.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત

આરોપી મૂળ વાંકાનેરના અગાભી પીપળીયાનો વતની, હાલ રાજકોટના કુવાડવા રોડ પર રહે છે અને શાપર પાસે ગોડાઉન શેડ ધરાવે છે,શાપર પોલીસે ૪૩૬ બોટલ સાથે દબોચ્યો

રાજકોટ,તા.૧૯

રાજકોટની ભાગોળે આવેલા શાપર નજીક કારખાનાના શેડમાંથી દારૂની ૪૩૬ બોટલ સાથે નરશી વાલજી કાંજીયા (ઉ.વ.૫૨, રહે.કુવાડવા રોડ, ગુરુદેવ પાર્ક, ૧ , શેરી નં.૧, રાજકોટ, મૂળ અગાભી પીપળીયા, તા.વાંકાનેર)ની પોલીસે ધરપકડ કરી હતી. વેરાવળ મસ્તક ફાટક પાસે રામેશ્વર ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં આવેલ શેડમાં શાપર પોલીસે દરોડો પાડ્યો હતો. અત્રેથી દારૂનો જથ્થો અને એક મોબાઈલ ફોન મળી રૂ.૨.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. આરોપીએ કબૂલાતમાં જણાવ્યું કે, લસણના વેપારમાં ખોટ આવતા તેણે દારૂ વેચવાનો શરૂ કર્યો હતો.

શાપર પોલીસ મથકે નોંધાયેલ ગુનાની વિગત મુજબ, નશીલા પદાર્થની બનાવટ,વેચાણ તથા સેવનની અસામાજીક પ્રવૃતિ અટકાવી કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલોસ અધિક્ષક એસપી જયપાલસિંહ રાઠોડે સુચન કરેલ હોય, ડીવાયએસપી કે.જી. ઝાલા, સર્કલ પીઆઈ બી.એલ. રોહિતના માર્ગદર્શન હેઠળ શાપર પીએસઆઈ આર.કે.ગોહિલ તથા પોલીસ સ્ટાફે હકીકત આધારે વેરાવળ મસ્તક ફાટક પાસે રામેશ્વર ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં આવેલ નરશીભાઈ વાલજીભાઈ કાંજીયાના કબજા ભોગવટાના શેડમાં દરોડો પાડ્યો હતો. અને દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો. આરોપી દારૂ ક્યાંથી લાવ્યો? કોને આપવાનો હતો? વગેરે બાબતે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ કામગીરીમાં પીએસઆઈ આર.કે.ગોહિલ, હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ રોજાસરા, દિલીપભાઈ વેજીયા, રાજેશભાઈ વાવડીયા, અરવિનભાઈ બારૈયા દ્વારા કરવામાં આવી હતી.

નરશીની આગવી ઢબે પૂછપરછ કરાતા પોલીસને જાણવા મળેલ કે, ગોડાઉન શેડ નરશીનો પોતાની માલિકીનો છે. તે લસણનો વેપાર કરતો હતો. આ ગોડાઉનમાં તેણે દારૂનો જથ્થો રાખ્યો હતો. પોતે રાજકોટ રહેતો હોય, રોજ આવન જાવન રહેતી. અહીં દારૂ રાખી છૂટક બોટલોનું રાજકોટમાં વેચાણ કરતો હતો. દારૂ ક્યાંથી લાવ્યો અને રાજકોટમાં કોઈ ચોક્કસ વ્યક્તિને બોટલો સપ્લાય કરતો કે કેમ? તે અંગે વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

તને કાંઈ આવડતુ નથી અને તારા પિતા સાવ ભુખડ છે' કહી પતિએ પત્નીને પુત્રી સાથે ઘરમાંથી કાઢી મૂકી

ઉપલેટામાં માવતરના ઘરે દોઢ વર્ષથી રહેતી પરિણીતાએ ધોરાજી રહેતાં પતિ સહિતના સાસરિયાઓ સામે ફરિયાદ નોંધાવી

રાજકોટ,તા.૧૯

હાલ ઉપલેટામાં જળેશ્વરના ખાડામાં રહેતા માવતરને ત્યાં રહેતી સંગિતાબેન અર્જુનભાઈ મકવાણા (ઉ.વ.૨૪) એ તેના પતિ અર્જુન પ્રાગજી મકવાણા, સાસુ લીલાબેન, નણંદ કલીબેન (રહે. ત્રણેય ભૂતનાથ મંદિર પાસે ધોરાજી) અને જેઠ જમન મકવાણા (રહે. ઉપલેટા) વિરૂદ્ધ માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ચારેક વર્ષ પહેલા મારા લગ્ન ધોરાજી રહેતા અર્જુન મકવાણા સાથે થયેલ હતાં. લગ્ન પછી ધોરાજીમાં ભુતનાથ મંદીરના ચોંકળા કાઠે પતિ સાથે સંયુક્ત પરીવારમા રહેવા લાગેલ હતી. લગ્ન વખતે મારા માવતર પ્રમાણે ઘરવખરી તથા કરીયાવરનો સામાન આપવામા આવેલ હતો. જે કરીયાવર તથા ઘર વખરીનો સામાન મારા પતિ, સાસુ, જેઠ અને નણંદ કલીબેનને ઓછો લાગ્યો હતો. મને એક વર્ષ સારી રીતે રાખેલ તે દરમ્યાન સંતાનમાં એક દીકરીનો જન્મ થયેલ બાદ ઓછા કરીયારનો દ્વેષભાવ રાખી તે ચારેય શખ્સો મેણાટોણા મારી માનસીક ત્રાસ દેવા લાગેલ હતા.

દરમ્યાન મારો પતિ અવાર નવાર દારુ પી ઘરે આવી મારી સાથે મારકુટ કારી ઢીકાપાટુનો માર મારતો હતો. આશરે દોઢેક વર્ષ પહેલા રાત્રીના સમયે મારા પતિ તથા સાસરીયાઓએ મારી સાથે ઘરકામ બાબતે બોલાચાલી કરી કહેવા લાગેલ કે, તને કાંઈ આવડતુ નથી અને તારા પિતા સાવ ભુખડ છે તને કરીયાવરમાં કાઈ આપેલ નથી અને મારા પતિએ મ ઢીકાપાટુનો માર મારી મને તથા મારી દીકરીને ખાધા- પીધા વગર સાજના સમયે મારા પતિ તથા તેના પરીવારે ઘરની બહાર કાઢી મુકેલ હતી.બાદ મારો પતિ મને તથા મારી દીકરીને ઉપલેટા માવતરે મૂકી ગયેલ અને અવારનવાર આવી ઝઘડો કરી હેરાન કરતો હોય જેથી કંટાળીને ફરિયાદ નોંધાવી હતી.

હવે આડેધડ વાહનો પાર્ક કરતા ચેતજો

રાજકોટનાં તમામ ઓવરબ્રિજ નીચે ફૂડકોર્ટ-પાર્કિંગની વ્યવસ્થા કરાશે

પાર્કિંગ ચાર્જ રૂ.૫થી ૧૨૦ ચૂકવવું પડશે





રાજકોટ,તા.૧૯

રાજકોટ શહેરની ટ્રાફિક સમસ્યા હલ કરવા માટે મનપા દ્વારા નવી પાર્કિંગ પોલિસી જાહેર કરવામાં આવી છે. જેમાં શહેરના તમામ ઓવરબ્રિજની નીચે વિવિધ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જોકે આ સુવિધા પે એન્ડ પાર્કની હોવાથી અહીં વાહન પાર્ક કરવા માટે રૂ.પથી રૂ.૧૨૦ સુધીનું ભાડું લોકોએ ચૂકવવું પડશે. જેમાં ૩ કલાકથી ૨૪ કલાક સુધી વાહન પાર્ક કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. સાથે સાથે નવા બનેલા બ્રિજ નીચે ફૂડકોર્ટ પણ ઉભી કરવામાં આવનાર છે.

પ્રાઇમ વિગત મુજબ શહેરમાં માર્ગો પર આડેધડ વાહનો પાર્ક થતા હોવાથી ટ્રાફિક સમસ્યાએ માથું ઉંચક્યું હતું. આડેધડ વાહનો પાર્ક થવાના કારણે અન્ય લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આવા અનેક મુદ્દાને ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નવી પાર્કિંગ પોલિસી જાહેર કરવામાં આવી છે. જેમાં ઓવરબ્રિજની નીચે બન્ને બાજુએ, મનપાના ખાલી પ્લોટ પર પાર્કિંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

મનપાની પાર્કિંગ પોલિસી મુજબ ટૂ-વ્હિલરથી લઈ હેવી વાહનો સુધીનાં તમામ માટેનું ભાડું જાહેર કરાયું છે. જેમાં ટૂ-વ્હિલરનું ૩ કલાકનું ભાડું રૂ.૫ અને ૨૪ કલાકનું ભાડું રૂ.૨૫, થ્રિ-વ્હિલરનું ભાડું અનુક્રમે ૧૦ અને ૩૦, ફોર વ્હિલરનું ભાડું ૨૦ અને ૮૦, એલસીવી વાહનોનું ૨૦ અને ૧૦૦ તેમજ હેવી વ્હિકલનું ૩ કલાકનું ભાડું રૂ.૪૦ અને ૨૪ કલાકનું ભાડું રૂ.૧૨૦ નક્કી કરવામાં આવ્યું છે. જે લોકો પ્રતિદિન પાર્કિંગમાં પોતાનું વાહન પાર્ક કરવા ઇચ્છતા હોય તેમના માટે મહિનાનું ભાડું પણ આ નવી પાર્કિંગ પોલિસીમાં નક્કી કરવામાં આવ્યું છે. મહિનાનું ઓછામાં ઓછું ભાડું રૂ.૩૫૦ અને વધુમાં વધુ ભાડું રૂ.૧૨૦૦ નક્કી કરાયું છે.

આ અંગે સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરનાં જણાવ્યા મુજબ રાજકોટમાં ૧૬૮ જેટલા સ્થળોએ પે એન્ડ પાર્ક અમલમાં છે. જોકે હાલ અનેક નવા વિસ્તારો શહેરમાં સામેલ થયા છે. તેમજ ફૂટપાથ પણ હટાવવામાં આવનાર છે. જોકે ફૂટપાથ મુદ્દે સ્થાનિકોનો વિરોધ હોવાથી ફરી બેઠક કરી હેરિટેજ રાજકોટ જેવા આ વિસ્તારોમાં પણ વ્યવસ્થા કરવામાં આવનાર છે. સાથે જ અમદાવાદની જેમ ઓવરબ્રિજ નીચે ફૂડકોર્ટ શરૂ કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આગામી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ અંગે ચર્ચા કર્યા બાદ ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા કરી કામગીરી શરૂ કરવામાં આવનાર છે.

શહેરની મુખ્ય બજારો જેવી કે, લાખાજીરાજ રોડ અને ધર્મેન્દ્ર રોડ સહિતના સ્થળોએ પાર્કિંગની મોટી સમસ્યા છે. જેને દૂર કરવા માટે મનપાએ સ્થાનિકો અને પોલીસને સાથે રાખીને એક બેઠક યોજી હતી. જે મુજબ પાથરણા વાળાઓને દૂર કરવામાં આવ્યા છે. તેમજ ફૂટપાથ પણ હટાવવામાં આવનાર છે. જોકે ફૂટપાથ મુદ્દે સ્થાનિકોનો વિરોધ હોવાથી ફરી બેઠક કરી હેરિટેજ રાજકોટ જેવા આ વિસ્તારોમાં પણ ટ્રાફિક સમસ્યા દૂર થાય તે માટેના પ્રયાસો કરવામાં આવશે.

જોકે પાર્કિંગ પોલિસીના અમલ બાદ ટ્રાફિકની સમસ્યા આંશિક રીતે હલ થશે. પણ સામાન્ય લોકોને ભાડાંનો ભાર વહન કરવાનો વખત આવવાનો હોવાના કારણે ગરીબ-મધ્યમ વર્ગના લોકોને તકલીફનો સામનો કરવો પડશે. હાલ મોટા ભાગના લોકો પાસે દ્વિચક્રીય વાહન હોય છે. ખરીદી કરવા લોકો પોતાનું વાહન લઈને જ નીકળતા હોય છે. ત્યારે ગરીબ-મધ્યમ વર્ગના લોકોએ પાંચ-દસ મિનિટ પૂરતું પણ વાહન રાખવું હશે તો પણ રૂ.પનો ચાંદલો કર્યા સિવાય છૂટકો નથી. આ મુદ્દે વાહન ચાલકો અને કોન્ટ્રાક્ટરો વચ્ચે ઘર્ષણ થવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી.

ઉતરાયણમાં ચાઈનીઝ દોરી-માંજો ખરીદનાર વેચનારનું આવી બનશેઃ ગૃહમંત્રીનો સંકેત

નિયમનો ભંગ કરનારા સામે સખ્ત કાર્યવાહી થશેઃ પક્ષી સહિત માનવો માટે ચાઈનીઝ દોરી હાનિકારકઃ સંઘવી

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૯

આગામી જાન્યુઆરી મહિનામાં ઉતરાયણનો તહેવાર આવી રહ્યો છે અને પતંગ રસીયાઓએ અત્યારથી તૈયારી શરૂ કરી દીધી છે. ત્યારે સરકાર ચાઈનીઝ દોરી-માંજો વેચનાર-ખરીદનાર પર સખત બનશે જેનો સંકેત રાજયનાં ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આપ્યો છે. દિવાળીના તહેવારો પુરા થતાં જ માર્કેટમાં પતંગની અવનવી વેરાયટી અને માંજાની જુદી જુદી જાતોનાં દોરાની ફિરકીઓ વેચાણ માટે ખડકાઈ છે.

વિતેલા વર્ષોમાં ઉતરાયણનાં આ તહેવારમાં ઘુસી ગયેલા ચાઈનીઝ દોરીનું દુષણ યેનકેન પ્રકારે જોવા મળે છે.આથી ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ આજે રાજયમાં ચાઈનીઝ દોરી અંગે સરકારનાં સખત પ્રતિબંધનો પુનરોચ્ચાર કરી ચેતવણી આપતા જણાવ્યું છે કે, આવી ગેરકાયદે દોરી વેચનાર અને ખરીદનારા સાવધ રહે.

સંઘવીએ વધુમાં ઉમેર્યું હતું કે ઉતરાયણ તહેવારની ઉજવણી માટે તમામ નાગરીકોમાં એક અનેરો ઉત્સાહ હોય છે એની તૈયારીઓ મહિનાથી કરતા હોય છે. પરંતુ આ તહેવારમાં લોકોના જીવ લઈ શકે તેવી પ્રતિબંધીત ચાઈનીઝ દોરીના ઉપયોગથી નાગરીકો દુર રહે છે એ પણ સૌને અપીલ છે. તેમણે કોઈપણ નાગરીક ચાઈનીઝ દોરીનાં વેચાણ, સંગ્રહ કે ખરીદ જેવી કોઈ વિગતો ધ્યાને આવે તો ગૃહ વિભાગનાં ધ્યાને મુકવા અપીલ કરેલ છે. ઉતરાયણ પર્વ ભલે જાન્યુઆરી મહિનામાં આવે પરંતુ પતંગ રસીયાઓ એની મહિના પહેલાથી જ ઉજવવાની શરૂઆત કરતા હોય છે.

એટલે કે યુવા, બાળકો પણ દિવાળી પછી પતંગ ચગાવવાની મજા લેતા હોય છે. એમાં કેટલાંક લોકો ચાઈનીઝ દોરીથી પતંગ ચગાવતા હોય છે. અને આ દોરી એટલી સખ્ત હોય છે કે તેનો ઘસરકો પણ માનવીના શરીર પરથી લોહી કાઢવા માટે સક્ષમ હોય છે. આવા દોરાથી ગયા મહિને એક વ્યકિતનું મૃત્યુ થયુ છે અને રાજયનાં જુદા જુદા વિસ્તારોમાં ઈજાગ્રસ્ત થવાની ઘટનાઓ નોંધાઈ છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજયના જુદા જુદા જીલ્લા કલેકટરો અને શહેરી સતાધિશોએ ચાઈનીઝ દોરીનાં વેચાણ, સંગ્રહ અને સપ્લાય કરનારાઓ સામે પગલા લેવા સંદર્ભે કાર્યવાહી શરૂ કરી છે.

રાજકોટઃ વધુ ત્રણ લોકોના હાર્ટએટેકથી મૃત્યુ

ત્રણેયએ સિવિલ હોસ્પિટલમાં દમ તોડયોઃ પરિવારોમાં શોક

રાજકોટ તા. ૧૯

હૃદયરોગથી મૃત્યુની ઘટનાઓ સતત વધી ગઈ છે. ગઈકાલે જ ગાંધીગ્રામના પ્રૌઢ હનુમાન મઢી પાસે કાકાના ઘરે ઢળી પડતાં મૃત્યુ થયું હતું. ત્યાં આજે વધુ ત્રણ વ્યક્તિના હૃદય ધબકારા ચુકી જતાં ત્રણેયને બેભાન હાલતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજ્યા હતાં.

જાણવા મળ્યા મુજબ આજીડેમ ચોકડી પાસે સુંદરમ પાર્કમાં રહેતાં જગદીશભાઈ દાનભાઈ બોસીયા (ઉ.વ.૪૨) સવારે ચારેક વાગ્યે એકાએક બેભાન થઈ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાયો હતો.

મૃત્યુ પામનાર જગદીશભાઈ છુટક મજૂરી કરતાં હતાં. તે બે ભાઈ અને એક બહેનમાં મોટા હતાં અને સંતાનમાં બે પુત્ર છે. કેટલાક સમયથી શ્વાસની તકલીફ હતી. આજે સવારે બીજા બનાવમાં જસદણના દહીંસરામાં રહેતાં જેરામભાઈ લક્ષ્મણભાઈ બારૈયા (ઉ.વ.૫૨) ગત સાંજે રાજકોટના કોઠારીયામાં રહેતાં ભત્રીજા રસિકભાઈ બાવજીભાઈ બારૈયાના ઘરે આટો દેવા આવ્યા હોઇ રાત્રીના એકાદ વાગ્યે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ટુંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો. હાર્ટએટેક આવી ગયાનું સ્વજનોએ કહ્યું હતું. જેરામભાઈ ખાનગી કંપનીમાં સફાઇનો કોન્ટ્રાક્ટ રાખતાં હતાં. તેઓ ચાર ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર છે.

ત્રીજા બનાવમાં ખોખડદળ પુલ પાસે શિવધારામાં રહેતાંઅને કેટલાક સમયથી ઘર છોડી ગોવિંદનગર નજીક મંદિર પાસે જ રહેતાં દેવાયતભાઇ ભાઇઓને વહેલા કામે જવું હોઇ જગદીશભાઇને જગાડાતાં તે એકાએક ઢળી પડયા હતાં. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ કહ્યુ હતું.

બીજા બનાવમાં જસદણના દહીંસરામાં રહેતાં જેરામભાઇ લક્ષ્મણભાઇ બારૈયા (ઉ.વ.૫૨) ગત સાંજે રાજકોટના કોઠારીયામાં રહેતાં ભત્રીજા રસિકભાઇ બાવજીભાઇ બારૈયાના ઘરે આટો દેવા આવ્યા હોઇ રાત્રીના એકાદ વાગ્યે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ટુંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો. હાર્ટએટેક આવી ગયાનું સ્વજનોએ કહ્યું હતું. જેરામભાઇ ખાનગી કંપનીમાં સફાઇનો કોન્ટ્રાક્ટ રાખતાં હતાં. તેઓ ચાર ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર છે.

ત્રીજા બનાવમાં ખોખડદળ પુલ પાસે શિવધારામાં રહેતાંઅને કેટલાક સમયથી ઘર છોડી ગોવિંદનગર નજીક મંદિર પાસે જ રહેતાં દેવાયતભાઇ નાગદાનભાઇ ધ્રાંગા (ઉ.વ.૪૮) સાંજે એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. મૃતક ત્રણ ભાઇ અને એક બહેનમાં ત્રીજા તથા અપરિણીત હતાં. ત્રણેય બનાવમાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, જીજ્ઞેશભાઇ મારૂ અને તૌફિકભાઇ જુણાચે આજીડેમ તથા ભક્તિનગર પોલીસને જાણ કરી હતી.

મરચાની ખરીદી માટે વેપારીઓનું રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં આગમન

રાજસ્થાન બાદ કર્ણાટક અને મહારાષ્ટ્રના વેપારીઓ ખરીદી માટે યાર્ડના આંગણે

રાજકોટ,તા.૧૯

રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં ગઈકાલે મરચાની આવક કરવા દેવામાં આવી જેમાં ૨૫ હજારથી પણ વધારે ભારીની આવક થઈ હતી બે દિવસથી રાજસ્થાનના વેપારીઓ રાજકોટ ખરીદી કરતા હતા જ્યારે આજે મહારાષ્ટ્ર અને કર્ણાટક થી પણ વેપારીઓ ખરીદી કરવા આવ્યા હતા રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં લાલ મરચાની આવક વધતા બહારના રાજ્યોમાંથી ઘણા વેપારીઓએ રાજકોટ યાર્ડને ખરીદી કરવા માટે પસંદ કર્યું ત્યારે બધા વેપારીઓને યાર્ડ દ્વારા ઓફિસે બોલાવીને સન્માનિત કરાયા હતા અને વધુ પડતો વેપાર થાય અને ખેડૂતોને યોગ્ય ભાવ મળી રહે તેની કાળજી લેવી તેવી વિનંતી કરવામાં આવી.

આજે ૨૫૦૦ ભારી મરચાની હરરાજી થઈ તેમાં ભાવની વાત કરીએ તો આજે ૨૫૦૦થી ૩૫૦૦ સુધીના ભાવ જોવા મળ્યા હતા.આ તકે રાજકોટ માર્કેટીંગ યાર્ડના વાઇસ ચેરમેન વસંતભાઈ ગઢીયા તેમજ વેપારી ડિરેક્ટર્સ હાજર રહ્યા હતા

આનંદ નર્સિંગ કોલેજની હોસ્ટેલમાં જમવામાં જીવાત નિકળી



તસવીરઃ દિલીપ ગોહેલ

NSUI નો ઉગ્ર વિરોધ, પ્રિન્સીપાલે લેખીતમાં માફી માંગી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૧૯

આનંદ નર્સિંગ કોલેજ ની હોસ્ટેલમાં અવારનવાર આવતી ફરિયાદ અને જમવામાં નીકળેલી જીવાત બાબતે NSUI ને જાણ થતાં કોલેજ ખાતે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો,

કોલેજ ખાતે પહોંચતા જ વિદ્યાર્થીઓને દબાવવામાં આવવાનું જાણવા મળ્યું હતું ત્યારબાદ NSUI પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી અને ટીમ દ્વારા મેનેજમેન્ટ પાસે માફી મંગાવી લેખિત બાંહેધરી લેવામાં આવી. રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલી આનંદ નર્સિંગ કોલેજ અને સોઢા કોલેજની હોસ્ટેલમાં ખૂબ જ પ્રશ્નો છે. તે હોસ્ટેલની વાર્ષિક કી ૫૦૦૦૦ છે, આવી તોતિંગ ફી ભરવા છતાં વિદ્યાર્થીઓને પૂરતી સુવિધાઓ મળતી નથી. છેલ્લા ઘણાં સમયથી જમવાનું પણ ખૂબ ખરાબ ગુણવત્તા વાળું આપવામાં આવે છે.અને એમાં પણ જમવામાં ઇયળ અને જીવાત નીકળવું એ તો જાણે સામાન્ય વાત થઇ ગઇ હોય. આ બાબતે વિદ્યાર્થીઓ દ્વારા મેનેજમેન્ટ ને વારંવાર ફરિયાદ કરવા છતાં મેનેજમેન્ટ દ્વારા આંખ આડા કાન કરી દેવામાં આવે છે અને વિદ્યાર્થીઓના કોઇ પ્રશ્નોને વાચા આપવાનું કામ થતું નથી. આવા ઘણાં પ્રશ્નોને ધ્યાને લઈ NSUI દ્વારા આનંદ નર્સિંગ કોલેજ ખાતે ઝબરૂ પહોંચી વિરોધ વ્યક્ત કરી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

રાજકોટમાં PGVCL ના દરોડાઃમાધાપર અને બેડીનાકા સબ ડિવિઝનના વિસ્તારમાં ૩૧ ટીમ દ્વારા ચેકિંગ

રાજકોટ,તા.૧૯

શહેરમાં વીજચોરી ડામવા માટે PGVCL દ્વારા દરોડા કામગીરી શરૂ કરવામાં આવી છે. આજે સતત બીજા દિવસે વહેલી સવારથી PGVCLની કોર્પોરેટ ટીમ દ્વારા રાજકોટ સિટી સર્કલ ડિવિઝન ૨ હેઠળ માધાપર અને બેડીનાકા સબ ડિવિઝનના વિસ્તારમાં અલગ-અલગ ૩૧ ટીમો દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ગઇકાલે પ્રથમ દિવસે ૬૭ કનેક્શનમાંથી કુલ ૧૨.૦૩ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી.

રાજકોટ શહેરી વિસ્તારમાં વીજ ચોરી ઝડપી પાડવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. દર મહિને કરવામાં આવતી ચેકિંગ ડ્રાઈવ ડિસેમ્બર મહિનામાં પણ ચાલુ રાખવામાં આવી છે. આજે રાજકોટ શહેરી વિસ્તારમાં વહેલી સવારથી સતત બીજા દિવસે અલગ-અલગ ૩૧ ટીમો દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આજે ફરી વહેલી સવારથી સિટી ડિવિઝન ૨ હેઠળ આવતા પોપટપરા, રેલનગર સહિત ૧૫થી વધુ વિસ્તારમાં વીજચોરી ઝડપી પાડવા કવાયત શરૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૪ ફિડરો આવરી લેવામાં આવ્યા છે. આજની ચેકિંગ ડ્રાઇવમાં કુલ ૩ વીડિયો ગ્રાફર, ૧૧ નિવૃત આર્મીમેન, ૧૨ SRP મેન અને ૮ લોકલ પોલીસનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગઇકાલે સિટી ડિવિઝન ૧ હેઠળ વિસ્તારોમાં ૩૩ ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરી કુલ ૭૩૮ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા. જે પૈકી ૬૭ કનેક્શનમાંથી ૧૨.૦૩ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી.

ગોંડલયાર્ડમાં લાલચટક મરચાની સિઝનની સૌથી વધુ ૬૦ હજાર ભારીની આવક

તીખા મરચાને લઈને ગોંડલ દેશભરમાં જાણીતુંઃ જણસી વેચવા ખેડૂતોએ ૧૪૦૦ વાહનોની કતાર લગાવીઃ ખરીદી માટે અન્ય રાજયોના વેપારીઓનો પડાવ

ગોંડલ, તા.૧૯

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં રોજંદા વિવિધ જણસીઓ ની આવક થતી હોય છે.જેમાં ગઈકાલે માર્કેટિંગ યાર્ડમાં ગોંડલનું પ્રખ્યાત લાલ ચટાક મરચાની સિઝનની સૌથી વધુ આવક નોંધાઈ હતી. યાર્ડના સત્તાધીશો દ્વારા મરચાની આ આવકને લઈને બીજી જાહેરાતના કરવામાં આવે ત્યાં સુધી આવક બંધ કરવામાં આવી હતી.

માર્કેટિંગ યાર્ડમાં મરચાની આવકની જાહેરાત કરાતા યાર્ડની બહાર બન્ને બાજુ ખેડૂતો પોતાની જણસી ભરેલ ૧૩૦૦થી ૧૪૦૦ વાહનોની ૩ થી ૪ કિલોમીટર લાંબી કતાર લાગી જવા પામી હતી. ઓનલાઈન રજીસ્ટ્રેશન મુજબ દૈનિક ૧૦૦ ખેડૂતોને બોલાવવામાં આવતા હતા પરંતુ ઓનલાઈન રજીસ્ટ્રેશન વધુ હોય તેમજ યાર્ડના મરચાના ગ્રાઉન્ડમાં જગ્યા ખાલી હોય ત્યારે ૫૦૦ જેટલા ખેડૂતોને ઓનલાઈન રજીસ્ટ્રેશન મુજબ બોલાવવામાં આવ્યા હતા.

માર્કેટિંગ યાર્ડમાં જૂનાગઢ, જામનગર, પોરબંદર, અમરેલી, રાજકોટ, મોરબી સહિતના જીલ્લાઓ માંથી ખેડૂતો પોતાની જણસી વેચવા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવતા હોય છે. સમગ્ર ભારતભરમાં ગોંડલના તીખા અને લાલ ચટાક મરચાને લઈને જાણીતું છે. અહીંનું મરચાની તીખાશને લઈને ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોના લોકોને આકર્ષી રહ્યું છે. ત્યારે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મરચાની સિઝનની સૌથી વધુ આવક જોવા મળી હતી. યાર્ડમાં અંદાજે ૫૦ થી ૬૦ હજાર ભારી મરચાની આવક થવા પામી હતી.

આ અંગે માર્કેટિંગ યાર્ડના ચેરમેનએ મીડિયાને જણાવ્યું હતું કે ગોંડલનું મરચું સમગ્ર ભારતભરમાં પ્રખ્યાત છે. ગોંડલનું મરચું અન્ય રાજ્યોમાં વધુ એક્સપોર્ટ થતું હોય છે. ગોંડલ પંથકમાં અલગ અલગ મરચાનું ઉત્પાદન થાય છે. જેમાં રેશમ પટ્ટો, ઘોલર મરચું, સાનિયા મરચું, રેવા, સિજેન્ટા, ઓજસ,૭૦૨, તેજા, ગરૂડા, ૧૩૫૫, તેજસ્વી સહિત વિવિધ મરચાનું ઉત્પાદન ખેડૂતો કરતા હોય છે.

ત્યારે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ગઈકાલે મરચાની ૫૦ થી ૬૦ હજાર મરચાની ભારીની આવક થવા પામી હતી. મરચાની હરાજીમાં ખેડૂતોને ૨૦ કિલોના રૂમ૫૦૦ થી ૪૭૦૦ સુધીનો ભાવ બોલાયો હતો. યાર્ડના સત્તાધીશો દ્વારા મરચાની આવકને લઈને બીજી જાહેરાત ન કરવામાં આવે ત્યાં સુધી ખેડૂતોએ મરચાની જણસી લઈને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવવું નહીં તેવું અંતમાં જણાવ્યું હતું.

ગોંડલનું મરચું સમગ્ર ભારત ઉપરાંત વિદેશમાં પણ પ્રખ્યાત છે જેને લઈને અન્ય રાજ્યોમાંથી જેવા કે રાજસ્થાન, કર્ણાટક, મધ્યપ્રદેશ, યુ.પી, કેરલ, મહારાષ્ટ્ર, દિલ્હી સહિતના રાજ્યો માંથી વેપારીઓ અને મસાલા કંપનીઓ પણ મરચાની ખરીદી કરવા માટે આવે છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.